CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૮૭
તા.૨૬-૧૧-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૪ માગસર સુદ - ૦૭
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૨ સૂર્યાસ્ત : ૦૫:૫૩

તાપમાન: ડીસા ૧૩.૮, અમદાવાદ ૧૩.૦, ગાંધીનગર ૧૧.૦, વડોદરા ૧૫.૬, સુરત ૧૮.૦, નલિયા ૧૦.૨

ચાંદી : ૪૦,૭૦૦ સોનું : ૩૦,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# મોદીની મન કી બાતમાં આજે ચૂંટણી પ્રચારનું રણશિંગુ

## ૨૭ અને ૨૯મીએ અનેક સભાઓ : આજે ૫૦ હજાર બુથ પર મન કી બાત, ચાય કે સાથ કાર્યક્રમ



મુંબઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને ઝંઝાવતી પ્રચાર કરવા માટે કમર કસી ચુક્યા છે. મોદી મન કી બાત મારફતે આજે ગુજરાતમાં ચૂંટણી પ્રચારનુ રણશિંગુ ફુંકશે. ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા સીટ પર ભાજપના દિગ્ગજ નેતા મેદાનમાં ઉતરશે. મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ અને કેન્દ્રિય પ્રધાન ચૂંટણી પ્રચારમાં ભાગ લેશે. મોદી ૨૭મી નવેમ્બર અને ૨૯મી નવેમ્બરના દિવસે અનેક સભા કરનાર છે. આવતીકાલે તા.૨૬મી નવેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મન કી બાત ગુજરાતના તમામ ૫૦ હજાર બુથ પર ભાજપના કાર્યકરો અને આગેવાનો ચાયની ચુસ્કી સાથે સાંભળશે. ગુજરાત વિધાનસભા ચૂંટણી ટાણે આ સૌપ્રથમવાર થવા જઇ રહ્યું છે ભાજપના હુકમના એક્કા સમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨૭ અને તા.૨૯ નવેમ્બર એમ બે દિવસ ભાજપના ચૂંટણી પ્રચાર અર્થે ગુજરાતની મુલાકાતે આવવાના છે. આ બે દિવસ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં વિવિધ સ્થળોએ આઠ જેટલી જાહેરસભાઓ સંબોધશે. જો કે, નરેન્દ્ર મોદીના પ્રચાર કાર્યક્રમમાં તારીખો એ જ રહી છે પરંતુ તેના સમયમાં છેલ્લી ઘડીયે સૂચક ફેરફાર કરવામાં આવ્યો છે.

## નોટબંધી ભારતીય લોકશાહીની સૌથી મોટી ભુલ

# મોદી સૌથી મોટા જાદુગર : રાહુલ

### રાફેલ ડીલમાં કરોડોનું કાંડ આચરી નરેન્દ્ર મોદીએ તેમના ઉદ્યોગપતિ મિત્રને કોન્ટ્રાકટ આપી દીધો



અમદાવાદ

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતની મુલાકાતના આજે બીજા દિવસે ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર અને દાહોદ સહિતના સ્થળોએ જાહેરસભા અને લોકસંવાદના કાર્યક્રમો યોજી ફરી એકવાર કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમ્યાન રાહુલ ગાંધીએ ફરીથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર જાદુગરો મારફતે ચૂંટણી પ્રચારના ભાજપના નવતર પ્રયોગને લઇ કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સૌથી મોટા જાદુગર છે, જેની સામે એકપણ જાદુગરનું કંઇ ના આવે. મોદી અવનવા અને અલગ-અલગ જાદુ કરે છે. મોદીએ જાદુગરી કરી ગયા વર્ષે તા.૮મી નવેમ્બરે નોટબંધી કરી રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની નોટો ગાયબ કરી દીધી. મોદી સરકારના મનસ્વી નિર્ણયના કારણે આ વખતે સૌપ્રથમવાર ગુજરાતની ચૂંટણીને લઇ લોકસભા અને રાજયસભાના સત્ર માટે સંસદના દરવાજા નથી ખુલવાના. ભારતીય વાયુસેનામાં પણ રાફેલ ડીલમાં કરોડોનું કૌભાંડ આચરી મોદીએ તેમના ઉદ્યોગપતિ મિત્રને કોન્ટ્રાકટ આપી દીધો છે.

## વિચાર વૈભવ...

લાલબહાદુર શાસ્ત્રી પ્રખર ગાંધીવાદી, સરળ સ્વભાવના, નમ્ર અને સાદગી સાથે જ સત્તા પર રહ્યા, ૧૯૬૫ માં અન્નની કટોકટી થઈ જ્યારે જાતે એકટાણાં કરી દેશને સોમવારના એકટાણાં કરવાનું સુચન કર્યું...

આજના બાળકો -યુવાનો વડીલની વાત સાંભળી અમલમાં મુકવાનું તો બાજુએ રહ્યું પણ આદરભાવ બતાવવા સ્મિત પણ નથી આપતા, તો પછી 'ચરણ સ્પર્શ અને 'વંદન' ની અપેક્ષા તો રખાય જ કેમ?

એકવાર લાલબહાદુરના દૂરના વડીલ એમને ત્યાં મળવા આવ્યા, શાસ્ત્રીજીએ તો ચરણ સ્પર્શ કર્યા જ પણ દૂર બેઠેલા પુત્ર અનિલને પણ બોલાવી વડીલના ચરણસ્પર્શ કરવા સૂચના આપી.

અનિલને ગમ્યું નહીં પણ પરાણે હાથ ખિસ્સામાં જ રાખી સ્રીઓ હનુમાનજીને નમે એમ માત્ર માથું અર્ધું નમાવ્યું. શાસ્ત્રીજીએ આ ઉચ્છૃંખલતાની નોંધ લીધી. પછી રાત્રે તેઓશ્રી અનિલના રૂમમાં ગયા અને અનિલને ખંડની વચ્ચોવચ ઊભો રાખ્યો અને શાસ્ત્રીજી નમી બંને હાથે તેના પગના બંને અંગૂઠાને સ્પર્શ કરી વંદન કરતા બોલ્યા, 'વડીલ, હું લાલબહાદુર, આપને વંદન કરું છું.'

અનિલ તો ગભરાઈ જ ગયો. કંઈ સમજ ન પડી. પછી શાસ્ત્રીજીએ કહ્યું, 'હું તને વંદન કરવાની સાચી પદ્ધતી જ સમજાવવા માગતો હતો.'

અનિલને બપોરનો પ્રસંગ યાદ આવી ગયો.

- સુરેશ પ્રા.ભટ્ટ

## સાર સમાચાર...

### પાલનપુરના હસનપુર ગામે મહિલા પર રીંછનો હુમલો

પાલનપુર

પાલનપુર તાલુકાના હસનપુર ગામે ગઈકાલે ખેતરમાં કામ કરી રહેલા કંચનબા ઠાકોર નામની મહિલા ઉપર એકા એક રીંછે હુમલો કરતાં તેણીને સામાન્ય ઈજા પહોંચી હતી. આથી સારવાર માટે પાલનપુર ખસેડવામાં આવી હતી.

### પાલનપુરમાં તબીબનો ગળે ફાંસો આપઘાત

પાલનપુર

પાલનપુર શહેરના સોનબાગ વિસ્તારમાં રહેતા ડો.હિતેન્દ્ર પરમાર નામના તબીબે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરતાં ચકચાર મચી જવા પામી હતી. જોકે તેમના આપઘાતનું રહસ્ય અકબંધ રહેવા પામ્યુ છે. તેઓ લાખણી પી.એચ.સી.માં ફરજ બજાવતા હોવાનું જાણવા મળ્યું છે

### નાગપુર ટેસ્ટમાં પુજારા અને મુરલી વિજયની મક્કમ સદી

નવી દિલ્હી

નાગપુર ખાતે રમાઇ રહેલી બીજી ટેસ્ટ મેચના આજે બીજા દિવસે ભારતે તેની પક્કડ મજબુત બનાવી હતી. આજે રમત બંધ રહી ત્યારે ભારતે બે વિકેટ ગુમાવીને ૩૧૨ રન કર્યા હતા. ભારતે હવે શ્રીલંકા પર ૧૦૭ રનની લીડ મેળવી લીધી છે અનવે તેની આઠ વિકેટ હાથમાં છે.

# બનાસ ડેરીને ઇન્ટરનેશલ એવોર્ડથી સન્માનિત કરાઇ

## એશિયાની સૌથી મોટી સહકારી ડેરી બનાસ ડેરીને ચાર્ટર્ડ ક્વૉલિટી ઈન્સ્ટિટ્યુટ (સીક્યુઆઈ) દ્વારા "ક્વૉલિટી ટીમ ઓફ ધી યર" એવોર્ડ એનાયત






પાલનપુર

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પાલનપુર કે જે બનાસ ડેરી તરીકે ઓળખવામાં આવે છે, જે જીસીએમએમએફની સૌથી મોટી સહકારી ડેરી છે અને "અમૂલ" બ્રાન્ડ હેઠળ દૂધ પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે, તેને ચાર્ટર્ડ ક્વૉલિટી ઈન્સ્ટિટ્યુટ (સીક્યુઆઇ), યુકે દ્વારા "ક્વૉલિટી ટીમ ઓફ ધી યર" શ્રેણીમાં નવેમ્બર ૨૨, ૨૦૧૭ના રોજ લંડનમાં યોજાયેલ એવોર્ડ સમારંભમાં ઇન્ટરનેશનલ ક્વોલિટી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. "ક્વૉલિટી ટીમ ઓફ ધ યર" એવોર્ડ શ્રેણી માટે વિશ્વભરના ઉત્પાદન અને સેવાઓ આપતા ઉદ્યોગોએ ભાગ લીધો હતો. સંસ્થાના સંદર્ભ, ગવર્નન્સ, ગુણવત્તા ખાતરી, સુધારણા અને નેતૃત્વ જેવા વિવિધ માપદંડો પર ખૂબ કડક મૂલ્યાંકન કર્યા પછી બનાસ ડેરીની ગુણવત્તાસભર ટીમને સદર એવોર્ડ આપવામાં આવેલ છે. આંતરરાષ્ટ્રીય કક્ષાનો આ પુરસ્કાર મેળવીને એક વખત ફરીથી વિવિધ નીતિવિષયક નિર્ણયોની અસરકારકતા અને બનાસ ડેરી ખાતે સંચાલિત પ્રક્રિયાઓનું સફળ અમલીકરણ ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળના સક્ષમ નેતૃત્વ હેઠળ સફળ રીતે થઇ રહ્યું છે તે સાબિત થયું છે. ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી અને બનાસ ડેરીના નિયામક મંડળના સભ્યોએ આ એવોર્ડ બનાસકાંઠા જિલ્લાના ૩.૫ લાખ દૂધ ઉત્પાદક પરિવારો, સમર્પિત અને સ્વ નેતૃત્વ ધરાવતા કર્મચારીઓ અને લાખો ગ્રાહકોને સમર્પિત કર્યો છે.

અનુસંધાન પાના નં.૬

# ડીસાના નવાગામે પત્નીની હત્યા કરનાર પતિને આજીવન કેદ

### ડીસાના એડિશનલ સેશન્સ જજે સજા ફટકારી



ડીસા

ડીસા તાલુકાના નવા ગામે બે વર્ષ અગાઉ પતિ દ્વારા પત્નીની હત્યા કરવાના કેસમાં ડીસાના આઠમા એડિશનલ સેશન્સ જજ દ્વારા પતિને આજીવન કેદની સજા ફટકારવાનો હુકમ કર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે ડીસાવતાલુકાના ઢુવા ગામે રહેતા સુજાજી રાયચંદજી ઠાકોર ની દિકરી મોંઘીબેનને આઠેક વર્ષ અગાઉ સમાજના રીતરિવાજ મુજબ ડીસા તાલુકાના નવા ગામે રહેતા સુરેશ મફાજી ઠાકોર (વાઘણીયા) સાથે પરણાવેલી હતી. પતિ-પત્ની વચ્ચે શરૂઆતમાં સુખરૂપ જીવન પસાર થયા બાદ સુરેશજી દ્વારા તેમની પત્ની મોઘીબેન પાસે અવારનવાર દાગીનાની માગણી કરાતી હતી.

અનુસંધાન પાના નં.૬

# ભાભરના રૂની નજીક કેનાલમાં ડૂબી જતાં બે સગાભાઈઓના મોત

### લગ્નપ્રસંગે રાજસ્થાનથી આવેલ બારોટ પરિવારના બે પુત્રો ભોગ બન્યા : સમગ્ર પંથકમાં અરેરાટી





વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ ભાભર

ભાભર તાલુકાના રૂની ગામે રાજસ્થાનથી લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવેલા બારોટ પરિવારના બે પુત્રો ગઈકાલે રૂની ગામ નજીક નર્મદા કેનાલમાં ડૂબી જતાં મોત નિપજયા હતા. જે ઘટનાને લઈ પરિવારમાં આક્રંદ સાથે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી.

ભાભર તાલુકાના રૂની ગામે રાવ બારોટ પરિવારમાં આજે લગ્ન પ્રસંગ હતો તેમના સંબંધી રાજસ્થાનથી રૂની ગામે લગ્નપ્રસંગે આવ્યા હતા. તે દરમ્યાન શનિવારની બપોરે બારોટ પરિવારના બે સગાભાઈ રૂની કેનાલ ઉપર ફરવા ગયા હતા. ત્યારે એકનો પગ લપસતા ડુબવા લાગ્યો હતો. જયારે બીજો તેને બચાવવા જતાં તે પણ ડૂબવા લાગ્યો હતો.આમ બંન્ને સગાભાઈઓ ડુબવા લાગતા તેની જાણ ગામમાં થતાં લોકો કેનાલ ખાતે દોડી આવ્યા હતા. તૈરવૈયા મારફતે બંન્નેને બહાર કાઢયા તે સમયે એકનું ઘટના સ્થળે મોત થયું હતું. જયારે બીજાને ૧૦૮ વાન દ્વારા ભાભર સી.એચ.સી ખાતે લાવતા તેનું પણ મોત થતા બારોટ પરિવારમાં હૃદય દ્રાવક દશ્યો સર્જાયા હતા. કિશોર વયના બંન્ને ભાઈઓના મોતથી પંથકમાં અરેરાટી મચી છે. ભાભર પોલીસે બંન્નેની લાશને ભાભર સી.એચ.સી ખાતે પી.એમ અર્થે મોકલી તપાસ હાથ ધરી છે.

**કમનસીબ મૃતકો**

પ્રવિણ દેવાજી બારોટ (ઉ.વ.૧૪)
વિક્રમ દેવાજી બારોટ (ઉ.વ.૧૩)
બંન્ને રહે ભીલમાલ, જિલ્લો જાલોર (રાજસ્થાન)

### શકમંદ જહાજોને સેટેલાઇટથી પકડવા માટે ઈસરો મદદ કરશે

નવી દિલ્હી

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંસ્થા (ઈસરો) હવે સેટેલાઇટ મારફતે ફોટાઓ મોકલીને દરિયા કાંઠાની સુરક્ષામાં વ્યસ્ત સંસ્થાઓને શંકાસ્પદ જહાજો અને બોટ પકડી પાડવામાં મદદ કરશે. આ નવી પહેલ હેઠળ ઈસરો બોટની સેટેલાઇટ મારફતે બાજ નજર રાખશે. બોટ પર નજર રાખવા માટે આગામી વર્ષે માર્ચ મહિના સુધી ૧૦૦૦ ટ્રાન્સપોન્ડર સપ્લાય કરશે. આનો ઉદ્ધેશ્ય દરિયાઇ માર્ગે ભારતમાં ઘુસણખોરીને રોકવા માટેનો પણછે. વર્ષ ૨૦૦૮માં મુંબઇમાં ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો ત્યારે હુમલાખોરો દરિયાઇ માર્ગ મારફતે બોટમાં આવ્યા હતા. ગૃહ મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ઓટોમેટિક આઇડેન્ટિફિકેશન સિસ્ટમ મારફતે ૨૦ મીટરથી મોટી બોટ પર નજર રાખી શકાશે.






CMYK

સૂર્યોદય - ૭.૦૨ સૂર્યાસ્ત - ૫.૫૩

## તિથિદર્શન

માગસર સુદ-૭ રવિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર સુદ :સાતમ રવિવાર નક્ષત્ર: ધનીષ્ઠા સાંજે ૩.૦૪ પછી શતતારા યોગ : વ્યાઘાત કરણ:વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.) રાત્રે ૨.૦૧ પછી કુંભ (ગ.શ.ષ.સ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### ન તેને વૃદ્ધો ભવતિ યુનાસ્યં પલિતં શિરઃ યૌવે યુવાપ્યધીયાનસ્તં દેવાઃ સ્થવિરં વિદુઃ

'માત્ર માથાના વાળ ધોળા થવાને કારણે માણસ વૃદ્ધ- ઘરડો કે વડીલ ગણાવો ન જોઈએ, પણ જે યુવાન વેદ- શાસ્ત્રોનો અભ્યાસી છે જેનામાં સદાય વિદ્યાર્થીપણું જીવંત છે તેને જ મોટો, વડીલ કે વૃદ્ધ કહેવો જોઈએ, આથી જ આવા યુવાનને વડીલ- વિદ્વાનો 'જ્ઞાનવૃદ્ધ' કહે છે.'

આપણા સમાજમાં ઘણા વડીલો, નેતાશ્રીઓ પોતાને વયોવૃદ્ધ- અનુભવી કહી સત્તા પર ટકી રહે છે. સાત્વિક કહેવાતા સંત અને વૃદ્ધ તિવારી જેવા નેતાઓ પણ 'વાસના'ની માયાજાળમાં લપેટાઈ બદનામ થતા રહે છે.

વય અને સફેદ વાળ એ કંઈ વ્યક્તિત્વનું સાચું મૂલ્ય નથી, વૃદ્ધત્વથી કંઈ ડિગ્રી કે 'પ્રમાણ' મળી જતું નથી. જીવનના હેતુ અને લક્ષ્ય સુધી પહોંચવા માટે સાત્વિક જીવન જીવવા માટે શાસ્ત્રીય વેદજ્ઞાન અને એનું આચરણ જરૂરી છે.

નાની વયનો અભ્યાસી યુવાન પણ જો યોગ્ય દિશામાં જીવનરાહ તરફ ગતિમાન હોય તો તેને પણ 'જ્ઞાનવૃદ્ધ' કહી શકાય.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) પ્રવાસમાં સફળતા મળે, માંગલિક કાર્યોના આયોજનની વિચારણા થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) નોકરી-ધંધાને લગતી સમસ્યાનો ઉકેલ આવે, કાર્યબોઝમાં હળવાશ અનુભવાય.**
**મિથુન : (ક.છ.ઘ.)સંપત્તિને લગતા કાર્યોમાં પ્રગતિ થાય, મનની મુંઝવણ દૂર થાય.**
**કર્ક : (ડ.હ.) મહેનત મુજબ યોગ્ય ફળ ન મળે, મનમાં ગુપ્ત ચિંતા અનુભવાય**
**સિંહ : (મ.ટ.) માનસિક તનાવમાં વધારો થાય, વ્યર્થ દોડા-દોડી રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) લાભની તક સાંપડે, અણધાર્યો પ્રવાસ રહે.**
**તુલા : (ર.ત.) કઠોર પરિશ્રમ પછી જ કાર્ય સફળ થાય. વાણી સંયમ ઝાળવવો હિતાવહ.**
**વૃશ્ચિક :(ન.ય.) જીવનમાં અજંપાભરી પરિસ્થિતિ સર્જાય, જીવનસાથી સાથે મનદુઃખ સર્જાય.**
**ધન : (ભ.ફ.ધ.) આવક કરતા જાવકનુ પાસુ વિશેષ રહે, આકસ્મિક પ્રવાસ થાય.**
**મકર : (ખ.જ.) વાદ-વિવાદના ભોગ બનવું પડે, કૌટુંબિક સમસ્યાનો વધારો થાય.**
**કુંભ : (ગ.શ.સ.) આપના પ્રયત્નો એળે જતા લાગે, આર્થિક સમસ્યા તીવ્ર બને.**
**મીન : (દ.ચ.જ.થ.) લાભની આશા ઠગારી નીવડે, સ્નેહીજનોની મદદથી તકલીફ દૂર થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ગાંધીજીના અનન્ય ભક્ત અને સરદાર વલ્લભભાઈના પરમ વિશ્વાસુ સાથી આઝાદ ભારતના પ્રથમ પાર્લામેન્ટના 'સ્પીકર' અને પછી લોકસભાના અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકરની જન્મજયંતિ છે.

એમનો જન્મ ગુજરાતમાં વડોદરામાં થયો હતો. જન્મ ૨૬-૧૧-૧૮૮૮.

સર્વોપરી કોંગ્રેસીઓમાંના એક એવા દાદાસાહેબે આઝાદીના સંગ્રામમાં મુખ્ય ભાગ ભજવ્યો હતો.

તા. ૨૭-૨-૧૯૫૬ના રોજ અમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ડીસાના જલારામ મંદિર પાસેથી વિદેશ દારૂ ભરેલી બોલેરો ગાડી ઝડપાઈ


ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજરે અગામી વિધાન સભાની ચુંટણી શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે યોજાય તે સંબંધે જિલ્લામાં દેશી/વિદેશી દારૂની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા જે એચ સિંધવ ઈન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર એલસીબી ના માર્ગદર્શન મુજબ આજરોજ એચ.કે.સોલંકી પો.સ.ઈ એલસીબી સ્ટાફના છેલખાન, રઘુવીરસિંહ, રાજેશભાઈ, ભરતજી, નિકુલસિંહ, રમેશભાઈની ટીમે જલારામ ચાર રસ્તા પાસે હકીકત આધારે નાકાબંધી કરી હતી. જે દરમિયાન બોલેરો ગાડી નંબર ઈન્ન ૪૬ છ ૦૯૮૨ માંથી વિદેશી પેટી નંગ ૨૫ બોટલ નંગ ૧૨૦૦ કી.રૂ.૧,૨૦,૦૦૦/- તથા બોલેરો ગાડીની કી.રૂ.૩,૦૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ ૨ કી.રૂ ૧૫૦૦ તથા રોકડ રૂપિયા ૪૦૦૦ એમ કુલ કી.રૂ.૪,૨૫,૫૦૦/- નો મુદામાલ રાખી ગાડીનો ચાલક અશોકકુમાર માવારામ મેઘવાલ રહે.કોટડા તા.રાણીવાડા જિ. જાલોર રાજસ્થાનવાળો ઝડપાઈ જતા તેની સામે ડીસા ઉત્તર પો.સ્ટે. પ્રોહિબિશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# સીસરાણા મા.ઉ.મા.શાળામાં ભાવદર્શન સમારોહ યોજાયો



પ્રતિ. સીસરાણા

સીસરાણા માધ્યમિક શાળામાં વય નિવૃત કર્મચારીઓ શંકરજી વિરસંગજી ઠાકોર (મદદનીશ શિક્ષક) તથા ઘેમરભાઈ ગોદડભાઈ ઉપલાણા (કલાર્ક) નો ભાવદર્શન સમારોહ સીસરાણા કેળવણી મંડળ તથા શાળા પરિવાર દ્વારા યોજવામાં આવ્યો. પ્રસંગની શરૂઆત સ્વાગતગીત તથા દીપપ્રાગ્ટય દ્વારા કરવામાં આવી. પધારેલ મહેમાનોનું ફુલહાર તથા ફુલછડી દ્વારા સ્વાગત કર્યું. આચાર્ય પી.બી. ચંડીસાએ શાબ્દિક સ્વાગત પ્રવચન કર્યું. સમારંભના અધ્યક્ષ ઉમેશભાઈ પટેલ આચાર્ય અને ઉપપ્રમુખ ગુજરાત રાજય આચાર્ય સંઘ, માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ નાગજીભાઈ ડી.રાજપુત કેળવણી મંડળના પ્રમુખ વિરસંગભાઈ પટેલ, ટ્રસ્ટી નરસંગભાઈ પટેલ, સોમાજી ઠાકોર, ધુડાભાઈ જોશી, કાનજીભાઈ પટેલ લાઈઝન ઓફિસર વિનોદભાઈ મેવાડા, સરપંચ લક્ષ્મણભાઈ ધોયા, વ્યાયામ મંડળના મહામંત્રી પથુજી ઠાકોર, નરસિંહભાઈ ચૌધરી (બોર્ડ સદસ્ય), ભગવાનભાઈ ગોધા, યુનિશભાઈ મનસુરી, પરથીભાઈ પટેલ, જવાનજી રાઠોડ, ઉર્વશીબેન ચાવડા આચાર્ય સરસ્વતી વિદ્યાલય, કેશરભાઈ પટેલ, ધવલભાઈ દવે, રમેશભાઈ પટેલ તથા આજુબાજુથી પધારેલ શિક્ષકમિત્રો, ગ્રામજનો, સ્નેહી સ્વજનો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને નામી અનામી વ્યક્તિઓ આ સમારંભમાં ઉપસ્થિત રહેલ હતા. સમગ્ર કાર્યક્રમ સુંદર ભાવનામય વાતાવરણમાં સુંદર રીતે પૂર્ણ થયેલ હતો. આભારવિધિ સુભાષભાઈ વ્યાસે કરેલ હતી.

# ૭૫૦૦થી વધુ મતદારની વય૧૦૦થી પણ ઉપર

### ગુજરાતમાં મોટા ભાગના જિલ્લામાં કેટલાક મતદારોની વય ૧૦૦થી પણ ઉપર : ડાંગમાં ત્રણ મતદારો સદીવીર

અમદાવાદ

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે મતદારોને લઈને પણ કેટલીક રોમાંચક અને ચર્ચાસ્પદ બાબત સપાટી પર આવી ચુકી છે. પ્રાપ્ત હેવાલ મુજબ ગુજરાતમાં ૧૦૦ વર્ષથી ઉપરની વયના મતદારોની સંખ્યા ૭૫૦૦થી વધુ નોંધાઇ ગઇ છે. આ મતદારો પણ તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે તૈયાર છે. ૧૦૦ વર્ષ અથવા તો તેનાથી ઉપરના આ મતદારોના મામલે અમદાવાદ સૌથી આગળ છે. અમદાવાદમાં ૧૦૦થી ઉપરના મતદારોની સંખ્યા ૬૬૩ જેટલી નોંધાઇ છે. સુરતમાં પણ મતદારોની સંખ્યા ૬૩૧ નોંધાઇ ચુકી છે. ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ગુ-જરાતમાં વિધાનસાની ચૂંટણી માટે કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા બાદથી જોરદાર ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સુરતમાં ૧૦૦ વર્ષથી ઉપરના મતદારોની સંખ્યા ૬૩૧ નોંધાઇ છે. આવી જ રીતે ભાવનગરમાં આ સંખ્યા ૪૩૪ નોંધાઇ ચુકી છે. અમેરેલીમાં આ સંખ્યા ૪૧૪ની નોંધાઇ છે. ગુજરાતમાં બે તબક્કામાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરના દિવસે ચૂંટણી યોજાશે.

પ્રથમ તબક્કામાં ૯મી ડિસેમ્બરના દિવસે ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે જયારે બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે ૯૩ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં બંને જગ્યાઓએ મતગણતરી એક જ દિવસે એટલે કે ૧૮મી ડિસેમ્બરે થશે. ગુજરાત ચૂંટણીમાં આ વખતે ૫૦૧૨૮ પોલિંગબુથ અથવા તો મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. ગોવા બાદ હિમાચલ અને ગુજરાત એવા રાજય બની ગયા છે જ્યાં ચૂંટણીમાં ૧૦૦ ટકા વીવીપેટ મશીનનો ઉપયોગ કરવામાં આવનાર છે. પ્રદેશમાં ૧૦૦ ટકા સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી યોજવામાં આવશે. વીવીપેટ ઉપરાંત હાઈપ્રોફાઈલ ગુજરાત ચૂંટણી માટે અન્ય કેટલાક પગલા પણ લેવામાં આવી રહ્યા છે. પોલિંગ બૂથ ઉપર વિડિયોગ્રાફી અને સીસીટીવી પણ ગોઠવામાં આવનાર છે. અરજી દાખલ કરવા, ચકાસણી અને ચૂંટણી પ્રચાર સહિત ચૂંટણી સાથે સંબંધિત તમામ ગતિવિધિમાં વિડિયો રેકોર્ડિંગ કરવામાં આવી રહ્યુ છે. સુરક્ષિત માહોલમાં ચૂંટણી કરવા માટે પુરતી તૈયારી કરવામાં આવી છે.

# એમજંક્શન એનાલિટીક્સ આધારિત વફાદારીના પ્રોગ્રામ્સ બ્રાન્ડની પસંદગી બનાવે છે

સરળ ગિફ્ટ અને પારિતોષિકોથી સ્પર્ધાત્મક વિશ્વમાં , તે વધુ સંગઠિત અને કસ્ટમાઇઝ્ડ લોયાલ્ટી પ્રોગ્રામ્સ દ્વારા ઝડપથી બદલાઇ રહ્યું છે. એમજંક્શન સર્વિસ લિમિટેડ, ભારતમાં સૌથી મોટી બીરબી ઇ-કોમર્સ કંપની, વિભિન્ન ક્ષેત્રો માટે એનાલિટીક્સ -બેઝ્ડ કસ્ટમાઇઝ્ડ લોયલ્ટી પ્રોગ્રામ્સ ડિઝાઇન કરે છે. લોયલ્ટી પ્રોગ્રામ્સ માર્કેટીંગ પ્રયાસોનું ધ્યાન કેન્દ્રિત કરે છે, જેના દ્વારા ચેનલ ભાગીદારોનું યોગદાન સ્વીકારવામાં આવે છે અને મળ્યા છે.આ એક વફાદાર બંધનને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવે છે, જે એક પેઢી માટે લાભદાયક છે. સ્ટીલ અને સિમેન્ટ કંપનીઓ એમજંક્શનના દરેક કાર્યક્રમોમાં લાભાર્થી રહી છે.

એક મુખ્ય પડકાર એ છે કે કેવી રીતે કંપની તેમના વેપાર ભાગીદારો સાથે જોડાય છે અને તેના લાભો શેર કરે છે.મોટાભાગના બિઝનેસ ગૃહો આ નિર્ણાયક સેગમેન્ટના ડેટાબેસના નિર્માણમાં એક સમસ્યાનો સામનો કરે છે અને પછી તેમના પ્રદર્શન ડેટાને કેપ્ચર કરે છે.

એમજંક્શનના સીઇઓ શ્રી વિનય વર્માએ જણાવ્યું હતું કે "લોયલ્ટી પ્રોગ્રામ્સનું મહત્વ એ છે કે કંપની અને ગ્રાહક વચ્ચે ભાવનાત્મક જોડાણ સ્થાપિત કરવું. અમારા લોયલ્ટી પ્રોગ્રામ દ્વારા અમે ટેન્જીબલ્સની બહારના ક્લાયન્ટની ઈચ્છાની મહત્તમ સમજણ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરીએ છીએ. બ્રાન્ડની પસંદગી માટે, આ વેચાણને પ્રોત્સાહન આપવામાં અને માર્કેટ શેર હસ્તગત કરવામાં મદદ કરે છે. "

# એચ.કે.ઓડિટોરિયમ ખાતે રાષ્ટ્રીય કવિ સમ્મેલનનું આયોજન

મન કુમાર દ્વારા ૨૬ નવેમ્બર ૨૦૧૭ના રોજ રાત્રે ૭:૩૦ કલાકે એચ કે ઓડિટોરિયમ,આશ્રમ રોડ ખાતે રાષ્ટ્રીય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કવિ સંમેલનના મંચના સંચાલક અતુલ જ્વાલા-ઈન્દોર છે. આ સંમેલનમાં હાસ્ય કલાકારો અને ગજલકારો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના અંતર્ગત કલાકારો સંપત લોહાર (હાસ્ય કલાકાર,અમદાવાદ), રોહિત શર્મા(હાસ્ય કલાકાર, મુંબઇ),મનોજ હિન્દુસ્તાની (ઓઝ,અમદાવાદ),હફીજ ઇરફાન અલ્વી (ગજલકાર,અમદાવાદ),અને હરેન્દ્ર કુશવાહ'એહસાસ'(ગજલકાર, અમદાવાદ) છે. જે લોકોને મનોરંજિત કર્યા હતા.

# કરઝાપુરા ગામે સધી માતાની રમેલ યોજાઈ


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના કરઝાપુરા ગામે નાવોર પરિવારની દેવી સધી માતાજી પર રહેલી શ્રધ્ધા અને આસ્થાના પગલે સમગ્ર પરિવાર દ્વારા પુજન- અર્ચન કરવામાં આવે છે. વર્ષમાં અનેકવાર માતાજીનો માંડલો (રમેલ) નું પણ આયોજન થતુ હોય છે. ત્યારે ગતરોજ સમગ્ર નાવોર પરિવાર દ્વારા માતાજીનો હવન અને રમેલના પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં તા. ૨૩/૧૧/૨૦૧૭ ને માગસર સુદ ૬ ને શુક્રવારના રોજ હવન કરવામાં આવ્યો હતો. જ્યારે રાત્રે માતાજીની રમેલ કરવામાં આવી હતી. તેમાં અનેક ગામેગામથી ભુવાજીઓએ હાજરી જનમેદની સહિત ભક્તોને દેવી દેવતાઓના દર્શન કરાવી આશીર્વાદ આપ્યા હતા. ત્યારે તા. ૨૪/૧૧/૨૦૧૭ માગસર સુદ ૬ ને શુક્રવાર વહેલી સવારે ઉગતા સુરજને તેલ ફુલ ચઢાવવામાં આવ્યા હતા. બન્ને દિવસ માતાજીના ભક્તોએ ભોજન પ્રસાદનો પણ લાભ લીધો હતો. રમેલમાં રેગડી કલાકાર વિષ્ણુ મુના તથા મગશી મુના પણ હાજર રહી રેગડીઓ અને હાલરીયાની જમાવટ કરી હતી. રમેલમાં ભુવાજી લેબાભાઈ, લીલાભાઈ, રાણાભાઈ વેરસિંહભાઈ, કુરશીભાઈ, પાંચાભાઈ, વેળાવાપુરા, કલ્યાણભાઈ વેળાપુરા, રાજાભાઈ અબલુવા, સુરેશભાઈ ભગત, ઈશ્વરભાઈ, અને પાંચાભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા છે. ત્યારે આ બે દિવસીય સધી માતાજીના કાર્યક્રમને સફળ બનાવવા નાવોર જોરાભાઈ વાલાભાઈ, લીલાભાઈ વશરામભાઈ, ચેહરાભાઈ વિરમાભાઈ અને કાંનજીભાઈ દાંનાભાઈ વગેરે ખુબ સુંદર આયોજન કર્યું હતું.

# સર્વોદય પ્રાથમિક શાળા ડીસાનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો



ડીસા

ડીસા શહેરમાં આવેલી શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી જે.ડી.અજબાણી સર્વોદય પ્રા.શાળામાં તારીખ ૨૩/૧૧/૨૦૧૭ ના રોજ ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ થી ૮) ના વિદ્યાર્થીઓનો પ્રવાસ યોજાયો હતો. જેમાં સરદાર સરોવર ડેમ, પાવર પ્લાન્ટ તેમજ પોઈચા ખાતે આવેલ નિલકંઠ ધામ (સ્વામીનારાયણ મંદિર) માં બાળકોએ રામાયણ તેમજ મહાભારત કથા ઉપર આધારિત પ્રદર્શન નિહાળ્યું હતું. તેમજ બોટીંગ, એન્જોય પાર્ક, સહજાનંદ યુનિવર્સલ ગાર્ડનનું પ્રદર્શન જોઈ બાળકો ખુબ જ આનંદિત થયા હતા. જ્યાં ધર્મ, કલા અને વિજ્ઞાનનો ત્રિવેણી સંગમ આધારિત થીમ જોઈ બાળકોએ જાણકારી પ્રાપ્ત કરી હતી.

# નરેન્દ્રભાઈ કાંઈ થયું નથી,હજી ટ્રમ્પને ગળે વળગાડો : રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

મુંબઈ આતંકવાદી હુમલાનો માસ્ટર માઈન્ડ હાફિઝ સઈદને નજર કેદમાંથી મુક્ત કરી દેવાતા કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આડે હાથ લીધા છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની મિત્રતા તથા પાકિસ્તાનની સેનાને આર્થિક સહાય પૂરી પાડવા મુદ્દે અમેરિકાએ આપેલી ક્લિનચિટની ભારે ટીકા કરી છે.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે પીએમ મોદીએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને વધારે ભેટવાની જરૂર છે. મોદી અને ટ્રમ્પ દ્વારા એકબીજાને ભેટવાની બાબતને રાહુલ ગાંધીએ હગફ્લોમેસી નામ આપ્યું છે. કેન્દ્ર સરકાર અમેરિકા સાથેના સબંધોમાં સતત સુધારો થતો હોવાનું રટણ કરે છે. અમેરિકના વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જ નહીં પણ પૂર્વ પ્રમુખ બરાક ઓબામાએ મોદી સાથે મૈત્રિભર્યા સંબંધો હોવાનો દાવો કર્યો છે.

રાહુલ ગાંધીએ તેમના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ પર મોદીને નિશાન બનાવતાં લખ્યું હતું કે નરેદ્રભાઈ કાંઈ થયું નથી. આતંકનો માસ્ટરમાઈન્ટ મુક્ત. પ્રમુખ ટ્રમ્પે સેનાને મદદ આપવા માટે પાકિસ્તાની સેનાને ક્લિનચિટ આપી છે. ભેટવાની નીતિ (ઊઁ્રૂર્દ્બઙ્ઘષ્ઠઅ) કામે આવી નથી. વહેલા વધારે ભેટવાની જરૂર છે.

પાકિસ્તાનની કોર્ટે મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ અને જમાત ઉદ દાવાના વડા હાફિઝ સઈદને ગુરુવારે જ જેલામાંથી મુક્ત કર્યો હતો. તેની મુક્તિનો ભારત સહિત અનેક દેશોએ વિરોધ કર્યો છે. અમેરિકાએ પણ પાકિસ્તાન સરકારને હાફિઝ સઈદની તુરત ધરપકડ કરવા ચેતવણી આપી છે.

# હવે ટામેટાં મોંઘા : દિલ્હીમાં ૮૦ રૂપિયે કિલો

ન્યુ દિલ્હી

શાકભાજીમાં અતિ મહત્ત્વના ટામેટાએ એક કિલોએ ૮૦ રૂપિયાના ભાવને આંબ્યો હતો. દેશમાં ટામેટાની અછતને અનુલક્ષીને ગૃહિણીના મનપસંદ ટામેટા મોંઘા બની રહ્યા છે.

ટોમેટા મર્ચન્ટ એશોશિયેશનના પ્રમુખ અશોક કૌશિકે જણાવ્યું હતું કે, "કર્ણાટક અને મધ્ય પ્રદેશમાં થયેલા કમોસમી વરસાદને કારણે ટામેટાના પાકને ઘણું નુકસાન પહોંચ્યું છે. એને કારણે વેપારીઓને પણ ટામેટા મેળવવામાં તકલીફ પડી રહી છે. ખેડૂતોએ ફરી ટામેટાની વાવણી કરી છે, પણ માંગને પહોંચી વળવામાં હજી બીજા ૧૫-૨૦ દિવસ થઈ શકે છે. બેંગલુરુમાં હાલમાં ટામેટા રૂ. ૪૫-૫૦ કિલોગ્રામ છે જ્યારે મિઝોરમમાં રૂ. ૯૫-૧૦૦ કિલોગ્રામ છે. એશિયાના સૌથી મોટા મંડી માર્કેટ આઝાદપુર મંડીમાં રિટેલમાં ટામેટા રૂ. ૫૦ કિલોના ભાવથી વેચાઈ રહ્યા છે. દિલ્હીમાં ટામેટાનો ભાવ રૂ. ૭૦-૮૦ કિલોગ્રામ છે. અશોક કૌશિકના મત મુજબ હાલમાં દેશમાં રાષ્ટ્રીય બજારમાં ટામેટાનો સપ્લાય ૨૫ ટકા ઓછો થઈ ગયો છે.

# હ્યુન્ડાઈ એ માર્ગ સુરક્ષા પર જાગરૂકતા માટે 'બી ધ બેટર ગાય' ફિલ્મ રિલિઝ કરી

ફોટો : શાંતી શાહ




દેશની દ્વિતિય ક્રમાંક સૌથી મોટી કાર ઉત્પાદક અને ટોચની કાર નિકાસકાર હ્યુન્ડાઈ મોટર ઈન્ડીયા લિમિટેડ એ માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના સહયોગમાં માર્ગ સુરક્ષા ફિલ્મ પ્રસ્તુત કરી છે જેનું લક્ષ્ય સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી લોકોને વાહનવ્યવહારના નિયમોનું પાલન કરવા માટે પ્રેરિત કરવાનું છે. આ ફિલ્મ ૨૦૧૬ માં #BeTheBetterGuy ના (બી ધ બેટર ગાય) માર્ગ સુરક્ષા પહેલના દ્વિતીય તબક્કાને દર્શાવે છે અને માર્ગ સુરક્ષા સંબધિત ગંભીર મુદ્દાઓ પર ધ્યાન આકર્ષક કરે છે, જેમ કે નાની વયના ડ્રાઈવિંગ ન કરે, મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો, ઝડપથી વાહન ન ચલાવવું અને ટ્રાફિક સિગ્નલનું ઉલ્લંઘન ન કરવું વગેરે. બી ધ બેટર ગાય – દ્વિતીય અભિયાનનો વિચાર અને સંદેશઃ જયારે ડ્રાઈવર તેના વ્યક્તિગત કાર્યોની જવાબદારી લે ત્યારે માર્ગ સુરક્ષા પ્રક્રિયાનો આંરભ થાય છે. કેટલાક લોકો જવાબદાર હોય છે ત્યારે કેટલાક તેમની વર્તણુકનું સમ્માન કરતા નથી. તેઓ સમ્માનવિહિન નાયકો છે – તેઓ બેટર ગાય (સારા માણસો) છે અને હ્યુન્ડાઈ આવા નાયકોને સલામ કરે છે કારણ કે તેઓ બીજા માટે રોલ મોડેલ (આદર્શ) બને અને તેમની વર્તણુકમાં પરિવર્તન લાવામાં મદદરૂપ બને.

સેફ મૂવ – રોડ સેફટી કેમ્પેનનો બીજો તબક્કો ૨૦૧૭ના અંત સુધી ચાલુ રહશે. આ પહેલ અંતર્ગત હ્યુન્ડાઈ દ્વારા માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના સહયોગમાં ૧૫ શહેરોમાં ૧૫૦ સ્કૂલો અને ૬ શહેરોમાં ૧૪ મોલમાં ઓફલાઈન માર્ગ સુરક્ષા પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનને દેશમાં ટોચના ૨૦ શહેરોમાં પ્રમુખ સિનેમા હોલમાં પ્રોત્સાહન આપવામાં આવશે. ૨૦૧૬માં રોડ સેફટી કેમ્પેન #BeTheBetterGuy ના પ્રથમ તબક્કાને મોટી સફળતા મળી હતી અને તેને ૩૮.૪ લાખ લોકો એ જોયું હતું અને તેને પ્રખ્યાત ભારતીય મીડિયા તરફથી રોડ સેફટી માટે પ્રતિશિષ્ઠ એવોર્ડ જીત્યો હતો. ડિઝિટલ ફિલ્મ સાથે હ્યુન્ડાઈ એ સ્કૂલ કોન્ટેક પ્રોગ્રામ અને રેસિડન્ટ કોન્ટેક પ્રોગ્રામ જેવી ઓન ગ્રાન્ડ રોડ સેફટી પ્રવૃતિઓ કરી હતી જેમાં ભારતના ૧૦ શહેરોમાં ૧૪૨ સ્કૂલોના ૯૦,૦૦૦ કરતા વધુ વિધાર્થીઓ અને ૧૪૬ રેસિડન્ટ વેલફેર એસોસિએશનના ૨૩,૦૦૦ કરતા વધારે રહેવાસીને આવરી લેવામાં આવ્યા હતા.

# મિથુન દાઃ મેં જ્યાં સુધી મારા સ્ટેપ્સ પરફેક્ટ ન કર્યા ત્યાં સુધી સરોજ જી ૨૫ રીટેક લેવડાવતાં



ઝી ટીવીના લોકપ્રિય ડાન્સ રિઆલિટી શો ડાન્સ ઈન્ડિયા ડાન્સ સીઝન ૬ એ પોતાના 'ઓસમ ૧૮' પ્રતિસ્પર્ધીઓની સુપરલેટિવ પ્રતિભા વડે દર્શકોનું ધ્યાન ખેંચી લીધેલ છે. આ સીઝન ચેલેન્જર્સ અને ઈન્ડસ્ટ્રી એક્સપર્ટસને શો પર શોભાયમાન થતાં અને પ્રતિસ્પર્ધીઓ સમક્ષ પડકારોનો ઢગલો ખડકાવતા જોશે. ડીઆઈડી ૬ નો આવી રહેલ એપિસોડ ડાન્સ ગુરુ અને કોરિયોગ્રાફર સરોજ ખાનને આવી રહેલ શોમાં જોશે. તેણી પોતાના 'ત્રિનૌતી- તીન ચુનૌતી' પડકાર કરવા વડે ત્રણ પરિમાણો- અભિવ્યક્તિ, ડ્રામા અને ભ્રમ પર જજ કરી પ્રતિસ્પર્ધીઓની નૃત્યકુશળતાનું પરીક્ષણ કરશે. જ્યારે પ્રતિસ્પર્ધી સરોજજીને પ્રભાવિત કરવા પોતાનું સર્વોત્તમ સામે લાવશે, ગ્રાન્ડ માસ્ટર મિથુન ચક્રવર્તી આ તકનો લાભ ડાન્સિંગ ક્વીન સાથે કામ કરતી વખતની સુંદર યાદો તાજા કરશે. તમામ પ્રતિસ્પર્ધીઓ તેણીને જોઈને ખુશ થઈ ગયાં અને તેણીના આશીર્વાદ લેવા તેણીની તરફ ધસી ગયાં.

# કેડિલા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા આયોજિત ગીતા જીવન સંહિતાનો છઠ્ઠો દિવસ

**અહંકારરહિતતા યજ્ઞ માટેની સર્વપ્રથમ આવશ્યકતા છેઃપૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યા**

ફોટો : શાંતી શાહ



અનાસક્ત રહીને જ્ઞાનપૂર્ણ અંતઃકરણથી યજ્ઞીય ભાવનાથી આચરેલા કર્મ બંધનરૂપ થતા નથી. ગીતામાં શ્રીકૃષ્ણે યજ્ઞને વિશાળ સંદર્ભમાં સમજાવ્યો છે. કેવળ કર્મકાંડની ગતાનુગતિક મર્યાદામાં ન રાખતાં એને સમાજસેવા, યોગ અને અધ્યાત્મના વિશાળ પરિપ્રેક્ષ્યમાં મૂકી આપ્યો છે. અહંકારરહિતતા યજ્ઞ માટેની સર્વપ્રથમ આવશ્યકતા છે. સર્વત્ર પ્રભુદર્શન થાય ત્યારે જ યજ્ઞ સાર્થક બને છે. અનંત સાથેની એકતા અને સર્વની સેવા તથા ઉન્નતિની અભિલાષા યજ્ઞીય કાર્યપદ્ધતિનો પ્રાણ છે એમ વિશ્વપ્રસિદ્ધ પ્રખર ધર્મોપદેશક પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ દ્વારા યોજાયેલ ગીતા જીવન સંહિતાના છઠ્ઠા દિવસે જણાવ્યું હતું.હોલમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓને સંબોધતાં પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે યજ્ઞમાં હોમાતા જવ-તલ વગેરે દ્રવ્યો સકામ અથવા અશુભ કાર્યોના પ્રતીક છે. એને અગ્નિમાં હોમવાથી સ્વાભાવિક રીતે જ અગ્નિ મંદ પડે છે. માટે તેની સાથે નિષ્કામ અથવા શુભકાર્યો રૂપી ઘીની આહૂતિ આપવાથી જીવનરૂપી અગ્નિ પ્રજ્વલિત રહે છે અને એમાંથી સુગંધ પ્રગટે છે. નિષ્કામ કર્મના લીધે જ સકામ અને અશુભ કર્મો ભસ્મિભૂત થાય છે. કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના સ્થાપક ચેરમેન અને ભારતીય ફિલસૂફીમાં દ્રઢ વિશ્વાસ ધરાવનારા શ્રી ઈન્દ્રવદન મોદી અને શ્રીમતી શીલાબેન મોદીની પુણ્યતિથિ નિમિત્તે 'ગીતા-જીવન સંહિતા, અસ્તિત્વનો ઉત્સવ – શ્રીકૃષ્ણની સાથે'નું આયોજન કરવામાં આવ્યું છે જે ૨૬ નવેમ્બર, ૨૦૧૭ સુધી ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ, ૧૩૨ ફૂટ રિંગ રોડ, હેલ્મેટ ચાર રસ્તા પર સાંજે ૪.૦૦થી ૭.૦૦ વચ્ચે યોજાશે. સાત દિવસના આ આધ્યાત્મિક ઉત્સવ દરમિયાન પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યા ગીતાના ચોથા અધ્યાય જ્ઞાનકર્મસંન્યાસ યોગનું ચિંતનાત્મક પ્રવચન કરશે. આ પ્રવચનમાં તેઓ જ્ઞાનપૂર્વક કર્મનો સંન્યાસ કરીને કર્મના દોષ અને બંધનથી છૂટવાના સિદ્ધાંતનું વર્ણન કરશે. કેડિલા ફાર્માસ્યુટિકલ્સ પરિવાર દ્વારા શ્રી ઈન્દ્રવદન મોદી અને શ્રીમતી શીલાબેન મોદીને અંજલિ આપવા માટેની આ એક ઉમદા સામાજિક પહેલ છે.

## કાંકરેજ ભાજપ ઉમેદવારના ફોર્મ ભરવા કાર્યકરોને ઉમટી પડવા આહવાન

પ્રતિ. થરા

કાંકરેજ વિધાનસભાના ઉમેદવાર કિર્તિસિંહ વાઘેલા તા.૨૭/૧૧/૨૦૧૭ ના રોજ ફોર્મ ભરનાર હોઈ કાંકરેજ ભાજપના અગ્રણી અને સરકારી આગેવાન અણદાભાઈ પટેલે ગઈકાલે ભાજપ કાર્યાલયમાં સમર્થકો અને કાર્યકરોને મોટી સંખ્યામાં ઉમટી પડવા આહવાન કરી જણાવ્યું હતું કે કાંકરેજમાં ૨૫ વર્ષથી ભાજપને સીંચીને મજબુત કરવામાં મહત્વનું યોગદાન હોઈ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાશન અને વિકાસની વાતો સાથે દેશ ભક્તિને વરેલી પાર્ટીના સમર્થનમાં છું. તેમજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહના નેતૃત્વમાં ગુ-જરાતમાં કમળ સોળે કળાએ ખિલનાર છે. તેમાં બનાસકાંઠાની નવે નવ બેઠકમાં ભાજપ કાર્યકરો, સમર્થકો અને મતદારોને મોટી સંખ્યામાં ઉમટી પડવા આહવાન કર્યું હતું.



## થરાદ - રાહ રોડ ઉપર વિદેશી દારૂ ભરેલી ગાડી પકડાઈ

પ્રતિ. થરાદ

થરાદ પોલીસે બાતમી આધારે થરાદ - રાહ રોડ ઉપર નાકાબંધી ગોઠવી હતી. જે દરમ્યાન પાયલોટીંગ કરતું બાઈક (નં.જી.જે.૦૮ બીઈ ૩૫૯૬) આવતા ચાલકની પૂછપરછ હાથ ધરી હતી તે દરમ્યાન બાતમીવાળી ગાડી આવતા તેને રોકવાનો ઈશારો કરતા ત્રણ ઈસમો થોડે દૂર ગાડી મૂકી પલાયન થઈ ગયા હતા. પોલીસે ગાડીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૨૫ પેટી (કિંમત રૂા.૧,૨૦,૦૦૦) મળી આવી હતી તેથી પોલીસે કુલ રૂા.૪,૨૦, ૫૦૦ નો મુદામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ડીસામાં ઈદે મિલાદ નિમિત્તે મસ્જિદો રોશનીથી ઝળહળી ઉઠી



જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

ડીસા ઈસ્લામ ધર્મના સ્થાપક અને અંતિમ પયંગમ્બર હજરત મહંમદ પયંગમ્બર સાહેબની જન્મ જયંતિ તા.૨/૧૨/૧૭ ને શનિવારના રોજ સમગ્ર દેશમાં યોજાનાર છે તે નિમિત્તે ડીસા શહેરની તમામ મસ્જિદો ઓલિયા મસ્જીદ, મક્કા મસ્જીદ, મદીના મસ્જીદ, ગરીબનવાઝ મસ્જીદ, મિનારા મસ્જીદ સહિત ડીસાના તમામ માર્ગો મુસ્લિમ નવ યુવાનોએ રોશનીથી શણગારી દીધા છે. ઈદે - મિલાદની ઉજવણી પ્રસંગે શહેરના બડાપુરા, મંહમદપુરા, છોટાપુરા, મીરામોહલ્લા, હઝરત ભાઈજાન બાવાની દરગાહ સહિતના વિસ્તારો રાત્રે રોશનીથી ઝળહળી ઉઠે છે. જયારે રાત્રિના ઈશાની નમાઝ તમામ મસ્જીદોમાં મિલાદ શરીફ મનાવવામાં આવે છે તેમ હઝરત મહંમદ પયંગમ્બર સાહેબની જન્મ જયંતિની ઉજવણીનો થનગનાટ મુસ્લિમ યુવાનોમાં જોવા મળી રહ્યો છે.

## રાહુલ ગાંધી ગુજરાતમાં બેરોજગારીના ખોટા આંકડાઓ રજૂ કરતાં ઝડપાયા

દહેગામ

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર વખતે અલગ-અલગ મુદ્દાઓ પર રાજય અને કેન્દ્ર સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો છે. દરેક મંચ પરથી રાહુલે યુવાઓની બેરોજગારી અંગે મોદી સરકારને પ્રશ્નો કર્યા છે સાથે જ ગુજરાતમાં જનસભા વખતે રાહુલે ભાજપ સરકાર પર ટાટા મોટર્સને મદદ કરવાનો પણ આરોપ લગાવ્યો છે. રાહુલના આરોપો વચ્ચે ભાજપે પણ સતત વળતા પ્રહારો કર્યા છે. ભાજપે પણ રાહુલ પર ખોટા તથ્યો રજૂ કરીને જનતાને ગેરમાર્ગે દોરવાના આરોપ લગાવ્યા છે.

પાર્ટી તરફથી આ અંગેના સત્તાવાર વીડિયો પણ જારી કરવામાં આવ્યા છે. ભાજપે એક વીડિયો જારી કર્યો છે જેમાં રાહુલ ગાંધીના બે અલગ-અલગ ભાષણોની તુલના કરવામાં આવી છે. જેમાં રાહુલના પોરબંદર અને અમદાવાદના ભાષણના બે ભાગનો સમાવેશ કરવામાં આવ્યો છે. પહેલા ભાગમાં પોરબંદરની જનસભામાં આપવામાં આવેલા ભાષણનો એક અંશ રજૂ કરવામાં આવ્યો છે.

આ વીડિયોમાં રાહુલ એવું કહેતાં સાંભળી શકાય છે કે 'ગુજરાતમાં ૫૦ લાખ યુવાનો શા માટે બેરોજગાર છે.' જયારે વીડિયોનો બીજો ભાગ રાહુલ ગાંધીએ અમદાવાદમાં આપેલા ભાષણનો છે. જેમાં તેઓને કહેતાં સાંભળી શકાય છે કે ગુજરાતમાં ૩૦ લાખ યુવાનો બેરોજગાર છે. ભાજપના આઈટી સેલના અધ્યક્ષ અમિત માલવીયએ આ વીડિયો શેર કરતાં લખ્યું કે રાહુલ ગાંધી ગુજરાતમાં બેરોજગારીના ખોટા આંકડાઓ રજૂ કરતાં ઝડપાઇ ગયાં છે. તેમણે ગણતરીના કલાકોમાં બેરોજગારીનો આંક ૨૦ લાખ ઘટાડી દીધો. ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી ગુજરાતના બે દિવસીય પ્રવાસે છે. શુક્રવારે પ્રવાસના પ્રથમ દિવસે તેમણે પોરબંદર ને અમદાવાદમાં જનસભાનું સંબોધન કર્યું હતું.

## ૨૦૧૯ની ચૂંટણી મોદી વિરુદ્ધ સામાન્ય જનતાની હશે : અરવિંદ કેજરીવાલ

ન્યુ દિલ્હી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યુ હતું કે, ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ જનતાનો જંગ રહેશે. ચૂંટણી અગાઉ વિપક્ષની એકતા સંબંધિત એક સવાલના જવાબમાં તેમણે કહ્યું કે, જનતા મોદીને હરાવશે. કેજરીવાલે અતિવાદી જૂથો વિરુદ્ધ કાર્યવાહી ન કરવા પર સરકાર પર હુમલો કર્યો હતો. કેજરીવાલે કહ્યું કે, તેઓ ધર્મ, જાતિ અને વંશ સંબંધિત મુદ્દાઓનો ઉપયોગ કરવા માંગે છે પરંતુ લોકો તેમને હરાવશે.

બોમ્બે હાઇકોર્ટના એક જજના મોત સંબંધિત મીડિયા રિપોર્ટ્સને ટાંકતા તેમણે કહ્યું કે, અગાઉ આપણે સાંભળતા હતા કે જજોને ખરીદી શકાય છે

અનુસંધાન પાના નં.૬

## પિલુચા ખાતે ભાજપ વિકાસ રથયાત્રાનું આગમન



પ્રતિ. પિલુચા

વડગામ તાલુકાના પિલુચા ગામે ભાજપના વિકાસ રથનું આગમન થયું હતું જેમાં મોટી સંખ્યામાં પિલુચા ગામના દરેક સમાજના નાગરિકોએ હાજરી આપી હતી. ભાજપના વિકાસ રથમાં પધારેલ આગેવાનોએ ભાજપ દ્વારા થયેલ વિકાસ કામોથી લોકોને વાકેફ કરાયા હતા.

ભાજપ વિકાસ રથયાત્રામાં પધારેલ યુવા મોરચા તાલુકા પ્રમુખ કામરાજભાઈ ચૌધરી, રથના જિલ્લા ઈન્ચાર્જ મેહુલભાઈ પ્રજાપતિ, નરેશભાઈ ઉપલાણા, તાલુકા મહામંત્રી શ્રવણસિંહ ડાભી રથના તાલુકા ઈન્ચાર્જ રાકેશભાઈ ચૌધરી તેમજ ગંભીરસિંહ રાજપુત, રવિભાઈ ચૌધરીનું સ્વાગત ગામના ડે.સરપંચ નરેન્દ્રભાઈ મકવાણા, પિલુચાના વતની અને વડગામ તાલુકા સીટના ઈન્ચાર્જ જસવંતભાઈ શ્રીમાળી તેમજ કામરાજભાઈ ચૌધરી, રવાજી રાજપુત દ્વારા રથમાં પધારેલ મહેમાનોનું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે ભાજપ વિકાસ રથયાત્રામાં ગુજરાત સંગીત નાટક અકાદમીના ડીરેકટર મંગલસિંહ ઝાલા દ્વારા ભાજપને વિજય બનાવવાના અવ - નવા ડી.જે. ના તાલે ગીતો વગાડીને સમજ આપી હતી.

## ડીસા તાલુકાના વડાવળ ગામને જોડતા વધુ એક રસ્તાનું કામ પૂર્ણ



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના વડાવળ ગામ હાઈવેથી ત્રણ કિલોમીટર અંદર આવેલ છે. ત્યારે ગામમાં જવા વધુ એક પાકો ડામર રસ્તો તૈયાર થઈ જતાં ગ્રામજનોને વધુ સારી સવલત મળી રહી છે.

વડાવળ ગામની બન્ને શાળાઓ તથા ગામને જોડતા રસ્તાની રાજ્ય સરકારે મંજુર કરતા રસ્તાનું કામકાજ શરૂ થયુ હતું. વડાવળ ગામથી વાઘેલા પુરા પ્રાથમિક શાળા અને હાઈવેથી વડાવળ પરા પ્રાથમિક શાળા તથા ગામને જોડતા પાકો ડામર રસ્તાનું કામ પૂર્ણ થયું છે. આ અખબારમાં રસ્તા બાબતે રજુ કરેલા સમાચાર બાદ વડાવળ ગામના પૂર્વ સરપંચ પોપટજી વાઘેલા તાલુકા સદસ્ય સવજીભાઈ વાઘેલા

અનુસંધાન પાના નં.૬

### વડાવળ હાઈવે ક્રોસિંગ પ્રાથમિક શાળા પાકા રસ્તાથી વંચિત

વડાવળ ગામમાં આવેલી પાંચ શાળાઓ પૈકી એકમાત્ર વડાવળ હાઈવે ક્રોસિંગ પ્રાથમિક શાળા જ પાકા ડામર રસ્તાથી વંચિત રહી છે. વડાવળ એપ્રોચ રોડથી માત્ર અડધો કિલોમીટર દૂર આવેલી આ શાળાને પાકો ડામર રસ્તો બનાવવામાં આવે તેવી રહીશોની માંગ રહેલી છે. ત્યારે બાકી રહેલ આ શાળાને પણ પાકા રસ્તાથી જોડવામાં આવે તેવી લોકલાગણી છે.

## ખેડૂતની આવક વધી અને કૃષિ ઉત્પાદનમાં ગુજરાત નંબર વન

અમદાવાદ

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભગીરથ પ્રયાસોથી ગુજરાતના ઉત્તર ક્ષેત્રમાં અને સૌરાષ્ટ્ર ક્ષેત્રની કાયાપલટ કરનારી બે મહત્વાકાંક્ષી યોજનાઓ સુજલામ-સુફલામ અને સૌની યોજના અમલીકરણ થતાં ગુજરાતમાં જળક્ષેત્રે પાણીની ક્રાંતિ સર્જાઇ છે. આ બંને યોજનાઓના કારણે ગુજરાતના ખેડૂતોની આવક વધી તો સાથે સાથે કૃષિ ઉત્પાદનમાં પણ ગુજરાત સમગ્ર દેશમાં નંબર વન રાજય બની ગયું એમ અત્રે ભાજપના પ્રદેશ પ્રવકતા ડો.જગદીશ ભાવસારે જણાવ્યું હતું. ડો.ભાવસારે કોંગ્રેસ પર પ્રહારો કરતાં જણાવ્યું કે, કોંગ્રેસ એ જૂઠ્ઠાણાંનો પર્યાય છે અને રાહુલ ગાંધીને ગુજરાતનો વિકાસ કે સત્ય દેખાતુ નથી. ગુજરાતની જનતા તા.૧૮મી ડિસેમ્બરે કોંગ્રેસનું નવસર્જન નહી પરંતુ વિસર્જન કરશે તે નક્કી છે. ભાજપ સરકારની ગુજરાતની હિતની અને સમાજના કલ્યાણની યોજનાઓ અને કામગીરી કોંગ્રેસને આંખના કણાની જેમ ખૂંચી રહી છે. સુજલામ સુફલામ અને સૌની યોજના થકી ગુજરાતના ગામેગામ પાણી પહોંચ્યું અને નર્મદાના નીર ગુજરાતના પ્રજાજનો સુધી પહોંચ્યા છતાં કોંગ્રેસના નેતાઓ વિકાસને બદનામ કરતી રાજનીતિ કરી રહ્યા છે ગુજરાતની પ્રજા જોઈ રહી છે અને વિધાનસભા ચૂંટણીમાં તેનો જવાબ આપશે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાતના ખેડૂતોના હિતમાં અમલી બનાવાયેલી ઉપરોકત બંને યોજનાઓની સાથે સાથે બોરીબ-ંધ યોજના, ખેત તલાવડી, ચેકડેમના નવા સંકલ્પો અને કાર્યક્રમો પણ ભાજપ સરકારે જ સાર્થક કરી બતાવ્યા છે.

અનુસંધાન પાના નં.૬

## દેશનાં વિવિધ રાજ્યમાં કોર્ટ કાર્યવાહીનું વીડિયો રેકોર્ડિંગ શરૂ

ન્યુ દિલ્હી

દેશનાં વિવિધ રાજ્યમાં હવે કેટલીક નીચલી અદાલતોમાં ચાલતી કાર્યવાહીનું લાઈવ વીડિયો રેકોર્ડિંગ શરૂ કરવામાં આવ્યું છે. આ માટે અદાલત રૂમમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવી રહ્યા છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં આ અંગે સુપ્રીમ કોર્ટને જાણકારી આપી છે.

જોકે અગાઉ સુપ્રીમ કોર્ટ અને વિવિધ હાઈકોર્ટોએ ન્યાયિક પ્રકિયાના વીડિયો રેકોર્ડિંગને મંજૂરી આપવાનો ઈનકાર કર્યો હતો. બાદમાં ગત ૨૮ માર્ચના રોજ સુપ્રીમ કોર્ટે ઓડિયો રેકોર્ડિંગ વિનાના સીસીટીવી કેમેરા લગાવવા આદેશ આપ્યો હતો તેમજ દરેક રાજ્ય અને કેન્દ્ર શાસિત રાજ્યના બે જિલ્લાની અદાલતમાં આ વ્યવસ્થા લાગુ કરવા જણાવ્યું હતું.

દરમિયાન તાજેતરમાં સુપ્રીમ કોર્ટે આ અંગેની સુનાવણીમાં કેન્દ્ર સરકારના પ્રયાસોની પ્રશંસા કરી હતી પણ આ અંગે ચાલતી ધીમી પ્રકિયા અંગે ચિંતા વ્યકત કરતાં જણાવ્યું હતું કે નાણાકીય મુદ્દે સમાધાન થયા બાદ પણ ઋણ વસૂલી ન્યાયાધીકરણ અને આવકવેરા અપીલીય ન્યાયાધીકરણમાં હજુ સુધી સીસીટીવી કેમેરા કેમ લગાવાયા નથી? જસ્ટિસ આદર્શ ગોયલ અને જસ્ટિસ યુયુ લલિતની પીઠે કેન્દ્રને લાઈવ રેકોર્ડિંગને રાષ્ટ્રીય ન્યાયિક ડેટા ગ્રીડ સાથે જોડવાની સંભાવનાની જાણકારી મેળવવા તેમજ આ અંગે ડિસેમ્બરના બીજા સપ્તાહમાં સ્થિતિ અહેવાલ રજૂ કરવા જણાવ્યું હતું. કેન્દ્ર તરફથી હાજર રહેલા અધિક સોલિસિટર જનરલ પિંકી આનંદે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે છત્તીસગઢમાં ત્રણ જિલ્લાની નીચલી અદાલતમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે, જયારે ગુજરાત, પંજાબ અને હરિયાણામાંના બે-બે જિલ્લામાં તથા તામિલનાડુના પાંચ જિલ્લામાં પણ સીસીટીવી કેમેરા લગાવાયા છે.

આ ઉપરાંત સિક્કિમમાં તમામ નીચલી અદાલતમાં આવી વ્યવસ્થા કરી દેવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ત્રિપુરા, ઉત્તર પ્રદેશ, આંધ્રપ્રદેશ, પ. બંગાળ અને હિમાચલ, કર્ણાટક, મણિપુર, બિહાર અને રાજસ્થાનમાં આ અંગે પ્રકિયા ચાલુ થઈ ગઈ છે.

## અંકલેશ્વરથી ગેરકાયદેસર હથિયારનું વેચાણ કરતો શખ્સ ઝડપાયો



અંકલેશ્વર

તા.૨૫ મી નવેમ્બરે ભરૂચ જિલ્લાના અંકલેશ્વર વિસ્તારમાંથી એલસીબીએ એક વ્યક્તિને ગેરકાયદેસર રીતે હથીયાર રાખવાના ગુનામાં પકડયો હતો.

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક સંદીપસિંઘની સુચના મુજબ આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને બનતા ગુનાઓ અટકાવવા માટે એલ.સી.બી. પી.આઈ. તરડેનાઓએ આપેલ સુચના મુજબ ભરૂચ જિલ્લા એલ.સી.બી.ના પો.સ. ઈન્સેપકટર એ.એસ.ચૌહાણ તથા એલ.સી.બી. સ્ટાફના પોલીસ માણસો સાથે અંકલેશ્વર વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગ કરતા હતા તે દરમ્યાન બાતમી આધારે એક સફેદ કલરની એકટીવા ઉપર એક ઈસમ સફેદ કલરનું શર્ટ પહેરેલ તે ઈસમ તેની પાસે ગેરકાયદેસર રીતે હથીયાર રાખી વેચાણ કરવા માટે મીરાનગર પાસે ફરી રહેલ છે. જે આધારે વોચમાં રહી જગમોહનસીંગ એસ.ઓ. શીવપાલ કુસ્વાહા ઉ.વ.૨૫ હાલ રહે સોનમ સોસાયટી, મકાન નંબર ૨૫, રાજપીપળા રોડ, અંકલેશ્વર જિ.ભરૂચ મુળ રહે. રાયપુર, પોસ્ટ - જખા, તા. કાલ્પી, જિલ્લો. ઝાલોન (ઉત્તરપ્રદેશ) નાઓને તેના કબજામાંથી ગેરકાયેદસર એક દેશી તમંચો કિંમત રૂપિયા ૫૦૦૦ તથા કારતુસ નંગ - ૦૨ કિંમત રૂપિયા ૨૦૦ તથા એકટીવા ગાડી નંબર જી.જે.૧૬ સીઈ ૪૬૮૮ ની કિંમત રૂપિયા ૪૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૫, ૭૦૦ સાથે મીરાનગર પાસેથી ઝડપી પાડેલ છે.

## બનાસકાંઠા જિલ્લામાં ૧૦૦ કે તેથી વધુ વયના ૨૮૧ વડીલ મતદારો મતદાન કરશે

### જિલ્લાના કુલ ૨૧,૪૦,૩૦૩ મતદારોમાં ૨૦ થી ૩૯ વર્ષના ૧૧,૧૩,૭૯૬ મતદારો

પાલનપુર

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં કુલ મતદારોની સંખ્યા ૨૧,૪૦,૩૦૩ છે. જેમાં ૧૦૦ કે તેથી વધુ વયના ૨૮૧ વડીલ મતદારો ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. વયજૂથ પ્રમાણે જિલ્લામાં સૌથી વધુ મતદારો ૨૦ થી ૩૯ વર્ષના કુલ ૧૧,૧૩,૭૯૬ છે. વયજૂથના ઉમેદવારોની વિગત નીચે પ્રમાણે છે.

| વય જૂથ | કુલ મતદારો |
|---|---|
| ૧૮ થી ૧૯ વર્ષ | ૬૬,૫૨૨ |
| ૨૦ થી ૨૯ વર્ષ | ૫,૫૪,૨૬૬ |
| ૩૦ થી ૩૯ વર્ષ | ૫,૫૯,૫૩૦ |
| ૪૦ થી ૪૯ વર્ષ | ૩,૯૭,૦૯૮ |
| ૫૦ થી ૫૯ વર્ષ | ૨,૮૭,૯૮૩ |
| ૬૦ થી ૬૯ વર્ષ | ૧,૬૫,૭૬૭ |
| ૭૦ થી ૭૯ વર્ષ | ૮૧,૯૧૨ |
| ૮૦ થી ૮૯ વર્ષ | ૨૩,૫૩૧ |
| ૯૦ થી ૯૯ વર્ષ | ૩,૪૧૩ |
| ૯૯ થી વધુ વર્ષના | ૨૮૧ |

## શિસ્તબદ્ધ પાર્ટીના પરિવારવાદના તમાશા ભાજપ પણ કોંગ્રેસના માર્ગે : પાર્થેશ પટેલ

ગાંધીનગર

જનવિકલ્પ પાર્ટીના પ્રવક્તા પાર્થેશ પટેલે જણાવ્યું કે લોકોએ પસંદ કરેલા જનવિકલ્પ પાર્ટીના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી દીધી છે પરંતુ ભાજપ અને કોંગ્રેસમાં ટિકીટોની વહેંચણીને લઈને જે તમાશાઓ થઇ રહ્યા છે તે સમગ્ર ગુજરાતની પ્રજા જોઈ રહી છે. ભાજપ પણ કોંગ્રેસની જેમ પરિવારવાદના માર્ગે બુલેટગતિએ આગળ વધી રહી છે. ભાજપે કનોડિયા પરિવારમાં મહેશ કનોડિયા-નરેશ કનોડિયા બાદ હવે હિતુ કનોડીયાને વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાના ભોગે ઈડરની બેઠક ફાળવી છે. એક સંસદના પુત્રવધુને ટીકીટ આપી છે. ખાડિયામાં ફરીથી પૂત્રને ટીકીટ આપી છે. દહેગામમાં પૂર્વ ધારાસભ્ય કલ્યાણસિંહ ચૌહાણના પુત્ર બલરાજસિંહણે ટીકીટ આપી છે. નરોડામાં પણ પૂર્વ ધારાસભ્યના પુત્ર બલરામ થાવાણીને ટીકીટ આપી છે. મહુવા- ભાવનગરમાં ભાજપે સીટીંગ ધારાસભ્ય ભાવના મકવાણાના સ્થાને તેમના પતિને ટીકીટ આપી છે. આમ ભાજપે પણ પરિવારવાદને પ્રોત્સાહન આપીને પુરવાર કર્યું છે કે તેનામાં અને કોંગેસમાં જરાયે ફેર નથી.

શિસ્તબદ્ધ ગણાતી પાર્ટીનું હાઈકમાન્ડ સાંસદની ધમકી આગળ ઘૂંટણીયે પડી જાય તે કોંગ્રેસીકરણની નિશાની છે. કોંગ્રેસમાં તો ઉમેદવારોને ફોન કરીને ઉમેદવારી નોંધાવવા કહેવું પડે તેવી ગંભીર પરિસ્થિતિ છે ત્યારે જનવિકલ્પ પાર્ટીના ઉમેદવારોની પસંદગી સામે કોઈ વાદ-વિવાદ સર્જાયો નથી. કેમ કે આ ઉમેદવારો પાર્ટીએ નહિ પણ અમારી પાર્ટીના જે હાઈકમાન્ડ છે તે પ્રજાએ નક્કી કરેલા છે. પ્રજાએ પાર્ટીને કહ્યું કે આ અમારા જન ઉમેદવાર છે તેને ટીકીટ આપો અને પ્રજા મારી હાઈકમાન્ડમાં માનતા અમારા પ્રણેતા શંકરસિંહ વાઘેલાએ એ ઉમેદવારોને મેન્ડેટ આપ્યો છે. પ્રજાએ નક્કી કરેલા ઉમેદવારોને કોઈ હરાવી શકે તેમ નથી કેમ કે તેમને ભાજપ અને કોંગેસની જેમ ઉપરથી ઠોકો બેસાડવામાં આવ્યા નથી. ભાજપનું પણ હવે કોંગ્રેસીકરણ થઇ રહ્યું છે.

### હિંમતસિંહને ટિકિટ નહી ફાળવવા ઉગ્ર માંગણી

## બાપુનગર બેઠકને લઈ કોંગી કાર્યકરોનો ઉગ્ર વિરોધ

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ ટિકિટ ફાળવણીના પ્રશ્ને ભાજપ અને કોંગ્રેસમાં અમદાવાદ સહિત વિવિધ બેઠકો પર ભારે નારાજગી, દેખાવો અને વિરોધના વંટોળ સામે આવી રહ્યા છે. અમદાવાદમાં બાપુનગર બેઠક પર હિંમતસિંહ પટેલને કોઇપણ હિસાબે ટિકિટ નહી ફાળવવાની માંગણી સાથે કોંગ્રેસના કાર્યકરોએ આજે પ્રદેશ કોંગ્રેસ કચેરી ખાતે ઉગ્ર દેખાવો અને વિરોધ યોજયો હતો. કેટલાક કાર્યકરોએ પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે જ જાહેરમાં મુંડન કરી હિમંતસિંહ સામે વિરોધ વ્યકત કર્યો હતો અને કોંગી હાઇકમાન્ડ દ્વારા તેને ટિકિટ નહી આપવા માંગણી કરાઇ હતી.

કોંગ્રેસના કાર્યકરો આજે મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યાલય(પ્રદેશ કોંગ્રેસ કચેરી) ખાતે પહોંચ્યા હતા અને કોંગી આગેવાનોને બાપુનગરની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે હિંમતસિંહ પટેલને કોઇપણ સંજોગોમાં ટિકિટ નહી આપવા માંગણી કરી હતી. કોંગી કાર્યકરોએ હિંમતસિંહ પટેલ સામેનો પોતાનો રોષ અને વિરોધ સ્પષ્ટ રીતે વ્યકત કર્યો હતો. તેમણે હિંમતસિંહ પટેલ ત્રણ-ત્રણ વાર હારી ગયા હોઇ હવે તેમના બદલે આ વખતે દિનેશ શર્માને ટિકિટ ફાળવવા પણ માંગણી કરી હતી. કેટલાક કોંગ્રેસના કાર્યકરોએ તો પ્રદેશ કોંગ્રેસ કચેરી ખાતે જ જાહેરમાં મુંડન કરાવી ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો હતો. રોષે ભરાયેલા કોંગી કાર્યકરોએ નહી ચલેગી, નહી ચલેગી, ગેહલોત કી સેટીંગ નહી ચલેગી અને બાર બાર હારા હે, ફિર ભી દિલ્હીમાં મેં પ્યારા હે ના જોરદાર નારા અને સૂત્રોચ્ચાર પોકાર્યા હતા અને વાતાવરણ ગજવી મૂકયું હતુ. કોંગ્રેસના કાર્યકરો દ્વારા નરોડા બેઠક પરથી પણ સિંધી સમાજના કોઇ આગેવાનને જ આ વખતે ટિકિટ ફાળવવાની માંગણી કરવામાં આવી હતી.

## કોંગ્રેસની પાટીદાર અનામતની ફોર્મ્યુલા ગુજરાતની જનતા સાથે છેતરપિંડી સમાન : જેટલી

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો હાલ પ્રચાર અભિયાન ચાલી રહ્યું છે. કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાતમાં બે દિવસથી પ્રવાસે છે. પાંચમા તબક્કાના પ્રવાસ દરમિયાન રાહુલ ગાંધી કેન્દ્રની મોદી સરકાર પર એક બાદ એક હુમલા કરી રહ્યા છે. તેઓ જીએસટી, નોટબંધી અને રાફેલ ડીલને લઈને મોદી પર વાકપ્રહાર કરી રહ્યા છે. તેના જવાબમાં કેન્દ્રીય મંત્રી અરૂણ જેટલીએ તમામ આરોપને ફગાવી દીધા હતા અને રાફેલ ડીલમાં કોઈ ગેરરીતિ ન થઈ હોવાનું જણાવ્યું હતું. પાટીદાર અનામતની ફોર્મ્યુલાને અરુણ જેટલીએ ગુજરાતીની જનતા સાથે પ્રથમ દ્રષ્ટિની છેતરપિંડી કહી હતી. પત્રકારોને માહિતી આપતા અરુણ જેટલીએ કહ્યું કે કોંગ્રેસ પોતાની રણનીતિ પણ બદલે છે પણ આ ચૂંટણીમાં કોંગ્રેસે રંગ પણ બદલ્યો. વિકાસ વિરોધી વલણ રાખ્યું. કોંગ્રેસે વિકાસનો મજાક ઉડાવ્યો. ભાજપને વિશ્વાસ છે કે આવા પ્રકારનો ચૂંટણી પ્રચાર સફળ થશે નહી.

તેમણે કહ્યું કે ગુજરાતની જનતા સારા ભવિષ્યની ચિંતા કરે છે. વિકાસ વિરોધી કહેવું અને તેનો લાભ ઉઠાવવો સહેલું નથી. ફરી વિકાસનાં મુદ્દા પર પ્રચાર કરી રહ્યા છે. કોંગ્રેસે ફરી રંગ બદલ્યો. સામાજિક આધાર પર સમાજને વહેંચી દેવો. સમાજને વહેંચી ચૂંટણીમાં આગળ વધવાનો પ્રયાસ કર્યો. આ કરતી વખતે કોંગ્રેસને મોહતાજ બનાવી દીધી અને રાજયમાં અરાજકતા ફેલાવનારા હાથમાં સોંપી દીધો. આવા અરાજકતાનાં દૌરમાથી ગુજરાત અગાઉ નીકળી ગયું છે. ફરી એ દિશામાં જવાની કિંમત બહુ મોંઘી છે. ગુજરાત એક વિકાસને પસંદ કરતુ રાજય છે. તેમણે કહ્યું કે ભાજપે ૨૨ વર્ષમાં મહત્વનું અને વિકાસલક્ષી શાસન આપ્યું છે. વિકાસ અને અરાજકતામાંથી કોઈ એકને પસંદ કરવાનું છે. કોંગ્રેસ અરાજકતાવાદી તત્વોનું પ્રતિક બની ગયું છે. કોંગ્રેસનું નેતૃત્વ રસ્તો ભટકી ગયું છે. કોંગ્રેસનાં ભટકી ગયેલા રાસ્તે કાલ્પનિક મુદ્દાઓ ઉભા કરવા. ગુજરાતમાં ૧૭ સ્કુલ ઓછા થઈ ગયા.

અનુસંધાન પાના નં.૬

## ગુજરાતના આઠ મહાનગરો પર ભાજપનું વર્ચસ્વ : લિટમસ ટેસ્ટ ચૂંટણીમાં થશે

ન્યુ દિલ્હી

રાજયમાં સત્તાધારી પક્ષ ભાજપ માટે ૧૯૯૦થી શહેરી વિધાનસભા બેઠકો એક અભેદ્ય કિલ્લો રહી છે. ૧૯૯૦થી ૨૦૦૭ સુધી રાજયમાં કુલ ૨૭ શહેરી બેઠકો હતી જે નવા સિમાંકન બાદ કુલ ૩૯ બેઠક બની હતી. ૨૦૧૨જાક્નન્ત્ત આ બેઠકો પૈકી ભાજપે ૩૫ પર ભગવો ફરકાવ્યો હતો જયારે કોંગ્રેસનો પંજો ચાર જ બેઠકને કબજે કરી શકયો હતો. જેમાં અમદાવાદમાં બે અને રાજ-કોટ-જામનગરમાં ૧-૧ બેઠક હતી. ૧૯૯૦માં પણ જયારે ભાજપે ૧૪૩ બેઠકો પર જ પોતાની ઉમેદવારી નોંધાવી હતી ત્યારે પણ તેણે ૧૮ જેટલી બેઠકો કબજે કરી હતી. એટલે કહી શકાય કે કોંગ્રેસ માટે શહેરી બેઠકો પર વળતા પાણી ૧૯૯૦થી જ શરુ થઈ ગયા હતા. પાછલી ૬ વિધાનસભા ચૂંટણીઓની વાત કરીએ તો ૨૦૦૭જાક્નન્ત્ત કોંગ્રેસનું સૌથી સારુ પ્રદર્શન રહ્યું હતું. તેણે ૨૮ પૈકી ૬ બેઠકો જીતી હતી.

૨૦૧૨ બાદ શહેરી વિધાનસભા બેઠકોમાં વધારો વધતા શહેરીકરણને આભારી છે. રાજયની ૮ મહાનગરપાલિકાઓ અમદાવાદ, વડોદરા, સુરત, રાજ-કોટ, જામનગર, ભાવનગર, જુગાગઢ અને ગાંધીનગર કોર્પો-રેશનની સીમા વધારવામાં આવી હતી. જો ભાજપ આગમી વિધાનસભી ચૂંટણીમાં જીતશે તો તે આ આઠ મહાનગરોની વિધાનસભા બેઠકોને આભારી હશે. રાજયની તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હાલ ભાજપ સત્તા પર છે.

જયારે આ અંગે કોંગ્રેસના પ્રવકતા મનિષ દોશીએ કહ્યું કે, 'અમે શહેરીજનોના મુદ્દા ઉઠાવી રહ્યા છે. પરંતુ અમારે શહેરોમાં બુથ મેનેજમેન્ટ પર વધુ ધ્યાન દેવાની જરુર છે. રાહુલ ગાંધી પણ શહેરમાં ડોકટર્સ, વકીલો અને વેપારીઓ સાથે સંવાદ સાધી રહ્યા છે.'

# તંત્રી સ્થાનેથી ...

## વૃક્ષ તેને કાપનારને પણ છાયા આપે છે...

## પછાત વર્ગોના દરજ્જા સંદર્ભે સંસદમાં ખરડો રજુ થશે

આગામી સંસદના શિયાળુ સત્રમાં વિપક્ષ કોંગ્રેસ દ્વારા નોટબંધી અને જીએસટી બાબતે સરકારને સાંડસામાં લેવાના પ્રયાસો કરશે. તેવું વર્તમાન સંજોગોમાં લાગી રહ્યું છે. જો કે હાલમાં ઘણા બધા પ્રશ્નો એવા છે કે સંસદમાં તેની ચર્ચા થશે. પરંતુ તેનો અંત લાવી શકાશે નહિ. નોટબંધીના કારણે દેશમાં ઘણા બધા પ્રશ્નો ઉભા થવા છે. ખાસ કરીને નોટબંધીથી દેશવાસીઓને પડેલી મુશ્કેલીઓનો હજુ સુધી અંત લાવી શકાયો નથી. દેશની બેંકોના એટ-ીએમમાં હજુ નાણાંની અછત વર્તાય છે. ત્યારે દેશના ગામડાઓમાં નોટબંધી પછી ત્યાંની બેંકોમાં રિઝર્વ બેંક દ્વારા નાણાંની જોગવાઈ ન કરતા કોઈ સારા પ્રસંગો પર નાણાંની જરૂર પડતા નાણાં મળતા નથી. બેંકના ગ્રાહકોને બેંકમાં મુકેલા પોતાના નાણાં લેવામાં પણ મુશ્કેલી ઉભી થઈ છે.

જીએસટી બાબતે વડાપ્રધાન મોદીનું કહેવું છે કે જીએસટીનો ફાયદો લાંબે ગાળે લોકોને વેપારીઓને જણાશે. વર્તમાન સજોગોમાં નાના વેપારીઓને થોડું સહન કરવું પડશે. પરંતુ જીએસટીના બિલમાં ફેરફાર કરવામાં આવતા વેપારીઓએ જીએસટીના દરને આવકાર્યો છે.

બીજી તરફ ત્રાસવાદ અને મોંઘવારી બાબતે કેન્દ્ર સરકાર સંસદમાં પોતાનું નિવેદન રજુ કરશે. જો કે વિપક્ષ દ્વારા આ બાબતે પણ ધાંધલ ધમાલ શરૂ થવાની સંભાવનાને નકારી શકાય તેમ નથી.

વિપક્ષ પાસે સંસદમાં સરકારને સાંડસામાં લેવાના માત્ર બે જ મુદ્દા છે. એક તો નોટબંધી અને જીએસટી આ સિવાય બીજા કેટલાક મુદ્દા બાબતે ગંભીરતાપૂર્વક ચર્ચા થશે અને ધમાલ પણ થાય તેવું જણાય છે.

જ્યારે પછાત વર્ગો માટેના રાષ્ટ્રીય પંચને બંધારણીય દરજ્જો આપવા માટેના એક ખરડાને કેન્દ્ર સરકાર શરૂ થનારા શિયાળુ સત્ર દરમ્યાન લોકસભામાં પુનઃ રજુઆત કરે તેવી શક્યતા છે.

સંસદના ગત ચોમાસુ સત્ર દરમ્યાન ખરડો રજુ કરવાની દરખાસ્ત અવરોધાઈ હતી. અન્ય પછાત વર્ગના તમામ સમુહો દ્વારા એનસીબીસીને બંધારણીય દરજ્જો આપીને તેને અનુસુચિત જાતિ અને જનજાતિ રાષ્ટ્રીય પંચની અલગ જ ઓળખ આપવા લાંબા સમયથી થઈ રહેલી માગને પરિણામે સરકારે આ નિર્ણય લીધો હતો.

સામાજીક ન્યાય અને સશક્તિકરણ મંત્રી થાવરચંદ ગેહલોતે પાંચ એપ્રિલ ૨૦૧૭ ના રોજ બંધારણીય (૧૨૩ મો સુધારો) ખરડો ૨૦૧૭ લોકસભામાં રજુ કર્યો હતો. બંધારણીય સુધારા ખરડો કહે છે કે રાષ્ટ્રપતિ વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગને આ જોગવાઈનો લાભ આપવા સુચવી શકશે.

સંબંધિત રાજ્યના રાજ્યપાલના પરામર્શમાં રહીને રાષ્ટ્રપતિ આ દિશામાં નિર્ણય લઈ શકશે. જો કે પછાત વર્ગો માટેની યાદીમાં સુધારો કરવો હોય તો સંસદમાં કાયદો ઘડવો જરૂરી બની રહેશે. તે બાબત પણ ચર્ચાનો વિષય બની રહેશે.

ગત ચોમાસા સત્ર દરમ્યાન બંગાળ, ઓરિસ્સા અને કર્ણાટકે સદર ખરડાને કારણે રાજ્યોની સત્તાઓ આચકાઈ જશે. તેમ કહીને વાંધો લેતા ખરડો પસાર થઈ શક્યો ન હતો.

જો કે ત્રિપુરા જેવા માર્કસવાદીઓ દ્વારા શાસિત રાજ્યે ખરડાને સમર્થન આપ્યું હતું. જો કે ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે જો કે તે પછી સ્પષ્ટતા કરી હતી કે સુચિત ખરડાની જોગવાઈઓ શૈક્ષણિક કે સામાજીક રીતે પછાત વર્ગો જાહેર કરવાની રાજ્ય સરકારની સત્તામાં હસ્તક્ષેપ નથી કરી રહી કે કોઈને નુકસાન પણ પહોંચતું નથી. આ બાબતે સંસદમાં લાંબી ચર્ચા થવાની શક્યતા જણાય છે.

## રોમાંચક BMW મોટરેડ સ્ટાઈલમાં પ્રતીકાત્મક યુગની ખૂબીઓ ઉજાગર થાય છેઃ ન્યૂ BMW R nine T Racer ભારતમાં લોન્ચ કરાઈ


ફોટો : શાંતી શાહ

૧૯૭૦જ, દંતકથા સમાન સુપરબાઈક્સના યુગની યાદ આપતી ન્યૂ BMW R nineT Racer ગ્રાહકલક્ષી મ્સ્ઉ મોટરેડ ક્વોલિટીમાં સ્પોર્ટી પરફોર્મન્સ અને ઈનોવેટિવ ટેકનોલોજી સાથે ક્લાસિક ઓળખનું અજોડ સંયોજન છે. ‘‘BMW મોટરેડે ન્યૂ BMW R nineT Racer સાથે માસ્ટરપીસ સાકાર કર્યો છે. તે સમકાલીન મોટરસાઈકલિંગ કલ્ચરને વ્યક્ત કરે છે, જે નિર્ભેળ સવારી, સ્પોર્ટિનેસની ઉજવણી કરવા સાથે તેની ડિઝાઈનિંગ અને અપીલમાં એકદમ અલગ તરી આવે છે. ભૂતકાળની તેની ખૂબીઓ પરથી પ્રેરિત તે આજની નિર્ભેળ સવારીની ખુશી પ્રદાન કરે છે. આકર્ષક હાફ ફેરિંગની પાછળ ક્રાઉચ્ડ બંને હાથ લો- સ્લંગ હેન્ડલબાર ગ્રિપ્સ પર તંગ રહે છે, જેને લીધે તમને પાવરફુલ બોક્સર કઈ રીતે કામ કરે છે તે મહેસૂસ થાય છે, તે નિઃશંક રીતે તમને ગર્જના સંભળાવે છે. અને તમે જાણો જ છો કે ફક્ત મજબૂત રૂપરેખા જ રેસિંગ લાઈનમાં ટકી શકે છે. જીવમાં હોય તેમ માર્ગ પર પણ.’’ ‘‘ઘણા બધા મોટરસાઈકલના ચાહકો માટે ઓછું એ ઘણી વાર વધુ હોય છે, જેથી તેઓ પ્યોર મોટરસાઈકલિંગ અપનાવે છે અને આ પ્રકારની મોટરબાઈક અસલ રીતે તે અભિગમ પ્રગટ કરે છે.

## આઈસીએ એડ્યુ સ્કીલ્સ દ્વારા યુવા પ્રતિભા સ્કોલરશીપ

વડોદરા

ભારતની અગ્રણી વોકેશનલ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ ઈન્સ્ટીટ્યુટસમાંની એક આઈસીએ એજ્યુ સ્કીલ્સ દ્વારા તેના સ્નાતકો અને અંડરગ્રેજ્યુએટ્સ કે જેઓ એકાઉન્ટ, ટેક્સેશન અને ફાઈનાન્સિયલ મેનેજમેન્ટમાં ક્વોલીફાઈ થવા માગે છે તેઓ માટે યુવા પ્રતિભા સ્કોલરશીપ લોન્ચ કરવા અંગે ઘોષણા કરવામાં આવી છે. આઈસીએ એજ્યુ સ્કીલ્સનો હેતુ યુવા પ્રતિભા સ્કોલરશીપ ઈન્ડસ્ટ્રી રેડી યંગ પ્રોફેશનલ્સ સર્જવા માટેનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિજિટલ ઈન્ડિયાના વિઝન અને જીએસટીને કાર્યરત કરવાના મિશન સાથે લાખો સ્મોલ અને મીડિયમ સાઈઝ એન્ટરપ્રાઈઝીસ (એસએમઈ) પ્રથમવાર ડિજિટલ થયા છે. આથી ટ્રેઈન્ડ પ્રોફેશનલ્સની મોટી માગ સંબંધિત ક્ષેત્રોમાં સર્જાઈ છે. સ્કોલરશીપ્સ આ માગને ધ્યાનમાં રાખીને લોન્ચ કરવામાં આવી છે.યુવા પ્રતિભા સ્કોલરશીપ સ્નાતકો અને અંડરગ્રેજ્યુએટ્સ કે જેઓ આ કોર્સ પૂર્વ ભારત કે ગુજરાતમાં વડોદરામાં ક્યાંય પણ આઈસીએ સેન્ટર્સમાં કરવા માગે છે તેમના માટે છે. તેઓ કોર્સના ૫૦ ટકા સુધીની ફી માટે સ્કોલરશીપ મેળવી શકે છે. તેઓને આઈસીએ ટીમ દ્વારા કે જે અત્યંત જાણકાર, યોગ્યતા પ્રાપ્ત અને અગ્રિમ નિષ્ણાતોથી બનેલી છે તેઓ વિદ્યાર્થીઓને વિવિધ કૌશલ્યની તાલીમ આપશે.આઈસીએ એજ્યુ સ્કીલ્સની ૧૯૯૯માં સ્થાપના થઈ હતી, જે વોકેશનલ એડ્યુકેશન ક્ષેત્રમાં પુરોગામી છે અને તેણે અત્યાર સુધીમાં ચાર લાખથી વધુ ઉમેદવારોને તાલીમ આપી છે અને પ્લેસમેન્ટ અપાવ્યું છે. તેની ઉપસ્થિતિ ૨૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં તથા ૧૦૦થી વધુ શહેરોમાં છે. તેના ૧૦૦૦થી વધુ સીએ ફેકલ્ટી મેમ્બર્સ ઈન્ડસ્ટ્રીની માગ અનુસાર સ્કીલ ઈન્ડિયાને અનુરૂપ કાર્યરત છે.

### આત્મચિંતન

## સ્વેચ્છાચાર ઉપર અંકુશ

આ સંસારમાં અંધકાર પણ છે અને પ્રકાશ પણ છે, સ્વર્ગ પણ છે અને નર્ક પણ છે અને ઉત્થાન પણ છે, ત્રાસ પણ છે અને આનંદ પણ છે. આ બંન્નમાંથી મનુષ્ય જે ઈચ્છે તે પસંદ કરી શકે છે. કંઈ પણ કરવાની બધાને છૂટ છે, પરંતુ પ્રતિબંધ એટલો જ છે કે કર્મના ફળથી બચી શકાતું નથી. સર્જનહારના નિર્ધારિત ક્રમને તોડી શકાતો નથી. કરવાની છૂટ હોવા છતાં પરિણામ ભોગવવા માટે હંમેશા તૈયાર રહેવું જોઈએ. **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥



ISO 9001:2008 CERTIFIED

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

RNI No. : GUJGUJ / 2010 / 35414

Stock Market Trend

www.Investmentpoint.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

# શેરબજારમાં સ્ટોક સ્પેશિફિક તેજી યથાવત રહેશે...!!

## ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૨૭.૧૧.૨૦૧૭ થી ૦૧.૧૨.૨૦૧૭

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!!

ભારતીય શેરબજારમાં ગત સપ્તાહે ગ્લોબલ માર્કેટના પોઝિટિવ સંકેતોને પગલે સેન્સેક્ષ તેમજ નિફ્ટીબેઝ્ડ શેરોમાં રેન્જબાઉન્ડ મુવમેન્ટ જોવા મળી હતી. બેંકરપ્સી કોડમાં સંશોધનને કારણે એફએમસીજી. ઓટોમોબાઈલ અને રિઅલ એસ્ટેટ સેકટરના શેરોમાં નવી લેવાલીથી તેજી થઈ હતી જો કે સપ્તાહ દરમ્યાન દરેક ઊંચા મથાળે તેજીવાળા ખેલાડીઓના પ્રોફિટ બુકિંગ તરીકે શેરોના ભાવ વધ્યા મથાળેથી પાછા પડ્યા હતા.

### વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

મિત્રો, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) એ ભારત માટે લાંબા ગાળાની વ્યૂહરચના અપનાવીને ભારતીય શેરબજારના પ્રાઈમરી માર્કેટમાં તેમની ભાગીદારીમાં વધારો કર્યો છે. વિદેશી રોકાણકારોએ આઈપીઓ, ઓફર ફોર સેલ અને ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ પ્લેસમેન્ટ સહિતના પ્રાઈમરી માર્કેટમાં સેકન્ડરી માર્કેટ કરતાં ત્રણ ગણું વધુ રોકાણ કર્યું છે.ક્જીટ્ટન્ના ડેટા અનુસાર ચાલુ વર્ષના જાન્યુઆરીથી વિદેશી સંસ્થાઓએ પ્રાઈમરી માર્કેટ્સમાં આશરે રૂ.૩૫૦૦૦ કરોડનું રોકાણ કર્યું છે આની સામે આ સમયગાળામાં તેમણે સેકન્ડરી માર્કેટમાં આશરે રૂ.૧૨૨૦૦ કરોડનું રોકાણ કર્યું હતું. મોટા પબ્લિક ઈશ્યૂમાં એફઆઈઆઈનું કુલ રોકાણ એક અબજ ડોલરથી વધુ રહ્યું હતું. વિદેશી સંસ્થાઓ દ્વારા એસબીઆઈ લાઈફ ઈન્શ્યોરન્સના આઈપીઓમાં અંદાજીત રૂ.૨૮૫૦ કરોડનું રોકાણ કર્યું હતું. આની સામે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સે તેમાં રૂ.૧૫૩૦ કરોડનું રોકાણ કર્યું હતું. આ કેલેન્ડર વર્ષમાં પ્રાઈમરી માર્કેટમાં એફઆઈઆઈના રોકાણમાં વધારો થયો છે કારણ કે કેટલાંક નવાં ફંડ્સને ભારતની લાંબા ગાળાની આર્થિક વૃદ્ધિમાં વિશ્વાસ છે. ભારતના પબ્લિક ઈશ્યૂમાં ભાગ્યે જ રોકાણ કરતાં અને ઈર્મર્જિંગ માર્કેટ ફંડ્સથી અલગ પડતાં વૈશ્વિક ફંડ્સ સહિતનાં ઘણાં નવાં વિદેશી ફંડ્સ, પેન્શનલ ફંડ અને સોવરિન ફંડ્સે તાજેતરમાં આઈપીઓ અને ક્યુઆઈપીમાં રોકાણ માટે રસ દર્શાવ્યો છે કારણ કે સરકારના નીડર સુધારા ચાલુ રહેશે અને વ્યાજદર નીચા રહેશે તેનાથી આગામી બે વર્ષમાં કોર્પોરેટ અર્નિંગમાં સુધારો થશે. આ કેલેન્ડર વર્ષમાં પ્રાઈમરી માર્કેટ્સ (આઈપીઓ, એફપીઓ અને ક્યુઆઈપી) તરફથી કંપનીઓએ આશરે રૂ.૧.૩૫ લાખ કરોડ એકત્ર કર્યા છે. આશરે ૩૩ કંપનીઓએ આઈપીઓ મારફત રૂ.૭,૦૦૦ કરોડ અને ૨૮ કંપનીઓએ ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ પ્લેસમેન્ટ ક્યુઆઈપી મારફત રૂ.૪૨,૬૦૦ કરોડ એકત્ર કર્યા હતા. ચાલુ વર્ષે અત્યાર સુધી બીએસઈના આઈપીઓ ઈન્ડેક્સમાં ૪૦% નો વધારો થયો છે. આની સામે બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સમાં ૨૬% નો વધારો થયો છે. પ્રાઈમરી માર્કેટમાં એફઆઈઆઈના રસનું એક મહત્ત્વનું કારણ એ છે કે તેઓ ફિક્સ્ડ ભાવે એકસાથે જંગી રોકાણ કરી શકે છે. સેકન્ડરી માર્કેટમાં આવું શક્ય નથી. આ ઉપરાંત પ્રાઈમરી માર્કેટમાં શેરનો ભાવ સામાન્ય રીતે વ્યાજબી હોય છે જ્યારે સેકન્ડરી માર્કેટ હાલમાં વેલ્યુની દ્રષ્ટીએ ઘણું મોંઘું છે. એફઆઈઆઈ એન્કર ઈન્વેસ્ટર્સ તરીકે પણ સક્રિય રહ્યા હતા. ટેમાસેક, ગવર્નમેન્ટ ઓફ સિંગાપોર, નોર્જિસ, અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી અને કુવૈત ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી સહિતનાં પાંચ સોવરિન વેલ્થ ફંડ્સ તાજેતરમાં એચડીએફસી લાઈફ ઈન્શ્યોરન્સના આઈપીઓમાં એન્કર ઈન્વેસ્ટર્સ બન્યા હતા જે તેનું ઉદાહરણ છે.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ - ૧૭ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા

જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૯૦૧.૩૨ કરોડની વેચવાલી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૭૦૪.૪૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૬,૪૭૩.૧૭ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૨૭.૫૬ કરોડની વેચવાલી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૨.૫૪ કરોડની વેચવાલી,જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૦૫૧.૪૩ કરોડની વેચવાલી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૪૬૪.૮૫ કરોડની વેચવાલી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૫,૯૯૫.૬૩ કરોડની વેચવાલી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૩,૯૬૯.૯૭ કરોડની વેચવાલી, ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૪૬૭.૭૨ કરોડની વેચવાલી, ૨૨ નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૦,૩૯૯.૧૬ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ - ૧૭ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા

જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૦૩.૯૪ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૩૫.૨૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૩૯૫.૬૧ કરોડની વેચવાલી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૭.૪૩ કરોડની ખરીદી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી,૨૮ જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી , ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬,૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ૨૫ ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૯૭.૭૪ કરોડની ખરીદી, ૨૨ નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૯૭૮.૪૮ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, કંપનીઓનાં બીજા ક્વાર્ટરનાં રિઝલ્ટ અંદાજ કરતાં વધુ સારાં રહ્યાં છે. બજારને સેન્સેક્સ, નિફ્ટી૫૦ અને બીએસઇ ૧૦૦ ઈન્ડેક્સની કંપનીઓના ટેક્સ પછીના નફા (ઁ)માં વાર્ષિક ધોરણે હાલમાં આર્થિક દબાણ હોવા છતાં જો આપણે વન ટાઈમ અથવા અસાધારણ આઈટમને બાદ કરીએ તો વાસ્તવિક વૃદ્ધિ અનુક્રમે આશરે ૫%, ૧૦% અને ૧૪% રહી છે જે અંદાજ કરતાં નીચી છે પરંતુ સારા આંકડા કહી શકાય છે આ રિઝલ્ટ સંકેત આપે છે કે અર્થતંત્ર સુધારા સાથે વધુ સારી રીતે તાલ મિલાવી રહ્યું છે. કોર્પોરેટ અર્નિંગ સીઝન કોઈ મોટા ડાઉનગ્રેડ વગર લગભગ પૂરી થવા આવી છે અને હવે મારું માનવું છે કે બજાર નવી સર્વોચ્ચ સપાટી તરફ પરત જશે. આગામી વર્ષ ૨૦૧૮ માં બે મહત્ત્વની ઘટનાઓ બજારનું ભાવિ નિર્ધારિત કરશે. આ મહત્વની બે ઘટનામાં એક ગુજરાતની ચૂંટણી અને બીજું કેન્દ્રીય બજેટ નો સમાવેશ થાય છે. બજારમાં ટૂંકા ગાળા માટે સૌથી મહત્ત્વની ઘટના ગુજરાતની ચૂંટણીમાં ભાજપનો દેખાવ કેવો રહે છે તે છે તેમજ સાતત્યપૂર્ણ સુધારાથી કેવી રીતે વધુ સારા આર્થિક પરિણામ મેળવી શકાય છે એનું વાસ્તવિક પ્રતિબિબ ચુંટણી ના પરિણામો ઉપર અસર કરશે. મજબૂત આર્થિક તથા ઈબીડીટા વ્યાજ, વેરા, ઘસારા અને એમોર્ટાઈઝેશન પહેલાની આવકમાં વૃદ્ધિને પરિણામે ભારતીય કંપનીઓની ક્રેડિટ પ્રોફાઈલ પણ વર્ષ ૨૦૧૮ માં સુધરવાની ધારણાં છે. આગામી ત્રણ વર્ષની અંદર ચૂકવવાના પાકતા વિદેશી બોન્ડસની ચૂકવણીમાં સમશ્યા જોવાશે નહીં. જીએસટીને કારણે ઊભી થયેલી ખલેલ પણ ધીરે ધીરે ઘટી જશે અને આર્થિક પ્રવૃતિમાં સુધારો જોવા મળશે. ઘરેલું અર્થતંત્ર ૭.૬૦ % આસપાસનો વિકાસ દર નોંધાવે તેવી મારી ધારણાં છે અને આને કારણે વેચાણ વોલ્યુમ્સ ઊંચુ રહેશે. નવી ઉત્પાદન ક્ષમતા અને કોમોડિટીના ભાવમાં ઘટાડો આગામી એકથી દોઢ વર્ષમાં ૫ થી ૬ % ના ઈબીડીટા ગ્રોથને ટેકો પૂરો પાડશે. વર્ષ ૨૦૧૮માં રિફાઈનાન્સિંગની આવશ્યકતાને મોટાભાગની કંપનીઓ પહોંચી વળી શકશે. કંપનીઓ માટે મૂડી બજારમાંથી નાણાં ઊભા કરવામાં સરળતા રહેશે અને તેમની પાસેની કેશ બેલેન્સ તેમને ટેકો પૂરો પાડશે. જો કે આ આઉટલુક સાથે કેટલાક ઘટાડાના જોખમો રહેલા છે તે મુજબ જીડીપી ઘટીને અંદાજીત ૬ %ની નીચે જઈ શકે છે. આ ઉપરાંત કોમોડિટીના ભાવમાં નબળાઈથી ઈબીડીટા ગ્રોથ નીચો, સુધારાની ગતિમાં મંદતા અને રાજકીય અનિશ્ચિતતા રુકાવટ ઊભી કરી શકે છે. ઊંચા ફુગાવાને કારણે વ્યાજ દરમા સૂચિત વધારા તથા એકસચેન્જ રેટની વોલેટિલિટી ફન્ડિંગ વાતાવરણને સખત બનાવી શકે છે. એસેટ વેલ્યુએશન્સમાં સુધારો કેટલીક કંપનીઓ પરનો ભાર ઓછો કરવામાં મદદ કરી શકે છે. અત્રે ઉલ્લેખનિય છે કે રેટિંગ એજન્સીઓ દ્વારા ભારતના રેટિંગને અપગ્રેડ કર્યું છે જેને લઈને ભારતીય કંપનીઓ માટે વૈશ્વિક સ્તરેથી નીચા દરે નાણાં ઊભા કરવાનું સરળ બની જશે.

**ખેર હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ....**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!! મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ ....!!!!




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 30.10.2017 TO 03.11.2017 | 10356.85 | 10380.25 | 10492.90 | 10368.10 | 10489.00 | 132.15 |
| 06.11.2017 TO 10.11.2017 | 10489.00 | 10452.60 | 10530.00 | 10284.00 | 10334.00 | -155.00 |
| 13.11.2017 TO 17.11.2017 | 10334.00 | 10342.50 | 10373.25 | 10125.40 | 10308.85 | -25.15 |
| 20.11.2017 TO 24.11.2017 | 10308.85 | 10297.65 | 10424.00 | 10276.80 | 10417.50 | 108.65 |




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 30.10.2017 TO 03.11.2017 | 24981.25 | 24975.50 | 25688.85 | 24935.65 | 25676.55 | 695.30 |
| 06.11.2017 TO 10.11.2017 | 25676.55 | 25556.50 | 25715.00 | 25237.00 | 25495.15 | -181.40 |
| 13.11.2017 TO 17.11.2017 | 25495.15 | 25535.10 | 25974.65 | 25260.00 | 25818.75 | 323.60 |
| 20.11.2017 TO 24.11.2017 | 25818.75 | 25825.00 | 26200.00 | 25652.05 | 25844.45 | 25.70 |

**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૨૦/૧૧/૨૦૧૭ ના રોજ ૧૦૨૯૭ પોઈન્ટ ખુલીને ૧૦૨૭૬ પોઈન્ટના નીચા મથાળે થી ૧૦૪૨૪ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૪૭ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૦૮ પોઈન્ટના ઉછાળે ૧૦૪૧૭ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૨૦/૧૧/૨૦૧૭ ના રોજ ૨૫૮૨૫ પોઈન્ટ ખુલીને ૨૫૬૫૨ પોઈન્ટના નીચા મથાળેથી ૨૬૨૦૦ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૫૪૭ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૨૫ પોઈન્ટના ઉછાળે ૨૫૮૪૪ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૪૧૭)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૩૩૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૪૬૪ પોઈન્ટથી ૧૦૪૯૪ પોઈન્ટ, ૧૦૫૧૫ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૫૧૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૫૮૪૦)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૭૦૭ પોઈન્ટના પ્રથમ અને ૨૫૫૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૫૯૧૯ પોઈન્ટથી ૨૫૯૭૦ પોઈન્ટ, ૨૬૦૦૯ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૦૦૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ટ્રેડીગ સંદર્ભે ફ્યુચર સ્ટોક ધ્યાને લઈએ તો ......

**૧) ACC લિમિટેડ ( ૧૭૦૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૫૭ ના પ્રથમ સપોર્ટ થી ખરીદવાલાયક રૂ.૧૭૨૭ થી રૂ.૧૭૪૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!**

**૨) ઈન્ડસિન્ડ બેન્ક ( ૧૬૭૦ ) :- આ સ્ટોક રૂ.૧૬૪૪ નો પ્રથમ તેમજ રૂ.૧૬૩૦ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ. ૧૬૮૮ થી રૂ.૧૭૦૩ સુધી ની તેજી તરફ રીખ નોંધાવશે!!**

**૩) ડીવીસ લેબ ( ૧૦૫૦ ) :- ૮૦૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૧૦૨૩ નો પ્રથમ તેમજ રૂ.૧૦૧૬ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવા લાયક ફાર્મા સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૧૦૭૪ થી રૂ.૧૦૮૮ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!**

**- ૪) HDFC બેન્ક ( ૧૮૬૧ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૮૧ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૮૯૭ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૮૩૭ થી રૂ.૧૮૧૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૮૯૯ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!**

**- ૫) મહેન્દ્રા & મહેન્દ્રા ( ૧૪૩૬ ) :- રૂ.૧૪૫૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૪૬૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! ટૂંકાગાળે રૂ.૧૪૦૯ થી રૂ.૧૩૯૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૪૭૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!**

**- ૬) સેન્ચુરી ટેક્ષટાઈલ ( ૧૩૩૪ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૫૭ આસપાસ વેચાણલક્ષી**

**આ સ્ટોક રૂ.૧૩૬૭ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૩૧૩ થી રૂ.૧૩૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૩૭૩ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!**

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક......

૧) EMKEY ગ્લોબલ ફાઈનાન્સ ( ૨૪૪ ) :- ફાઈનાન્સ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૩૨ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૨૬ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૫૭ થી રૂ.૨૬૬ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૬૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) પુર્વાન્કા લિમિટેડ ( ૧૫૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૬૩ થી રૂ.૧૭૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) માન એલ્યુમિનિયમ ( ૧૫૦ ) :- રૂ.૧૩૬ નો પ્રથમ તેમજ રૂ.૧૨૭ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૧૬૪ થી રૂ.૧૭૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) વેલસ્પન ઈન્વેસ્ટમેન્ટ ( ૧૨૫ ) :- ફાઈનાન્સ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૬ થી રૂ.૧૫૭ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૧૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) ભણસાલી એન્જી પોલિ ( ૧૬૫ ) :- રૂ.૧૫૧ નો પ્રથમ તેમજ રૂ.૧૩૭ ના સ્ટોગ સપોર્ટથી કેમિકલ્સ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૧૮૧ થી રૂ.૨૦૨ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) ઓરીએન્ટ પ્રેસ લિમિટેડ ( ૧૫૦ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૧૩૬ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૧૬૭ થી રૂ.૧૮૧ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) ગોલ્ડનસ્ટોન ઈન્ફ્રાટેક ( ૧૯૦ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૭૪ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૨૦૩ થી રૂ.૨૧૨ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) 63 MOONS ટેકનોલોજી ( ૧૧૬ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૦૯ આસપાસ રોકાણકારે રૂ.૧૨૭ થી રૂ.૧૩૫ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૧૦૩ સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો ધ્યાને લઈએ તો

૧) પરફેક્ટપેક લિમિટેડ ( ૧૯૩ ) :- પેપર પ્રોડક્ટસ સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૨૦૪ થી રૂ.૨૧૬ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૧૮૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨ ) ZENO TECH લેબ ( ૪૯ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે ફાર્મા સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૪૪ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવા લાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૫૩ થી રૂ.૬૧ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) કુલકર્ણી પાવર ( ૩૯ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૪ નો પ્રથમ તેમજ રૂ.૩૦ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક પાવર સેકટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૪૬ થી રૂ.૫૫ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૪) IMP પાવર્સ લિમિટેડ ( ૧૦૬ ) :- રૂ.૯૭ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૧૧૩ થી રૂ.૧૨૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૪ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**નિફ્ટી ફ્યુચર રેન્જ ૧૦૩૦૩ થી ૧૦૫૧૫ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

## કેપ્સુલ

એક બકરીએ સિંહને કુસ્તી માટે લલકાર્યો પણ સીંહે ના પાડી દીધી.

ત્યારે બકરીએ કહ્યું, કેમ ડરી ગયો ?

હા, ડરી ગયો.. સિંહે કહ્યું કારણ કે તને તો સિંહ સાથે લડવાની વાહ વાહ મળી જશે પણ મને તો લોકો એવું જ કહેશે કે સિંહ થઈને બકરી સાથે કુસ્તી લડવા હાલ્યો તો..

૦૦૦૦

સુમસામ રસ્તા પર એક લુંટારાએ મફતલાલને ઘેરી લીધો અને બોલ્યો, તારી પાસે જે કંઈ હોય એ મારા હવાલે કરી દે નહીંતર...

નહીંતર શું...

યાર જે આપવુ હોય એ આપી દેને.. બોણીનો ટાઈમ છે.. મુડ ખરાબ ન કર..

૦૦૦

ડૉકટર : આ લો શરદીની દવા ઘરે જઈને ચા સાથે લઈ લેજો. રાતે ગરમ પાણીમાં પગ મુકીને બેસી જજો.

ચીમનલાલ : હું એવું નહીં કરી શકું મારી પાસે બુટની એક જ જોડી છે. પલળી જશે તો સવારે શું પહેરીશ ?

૦૦૦૦

પપ્પા : બોલ પપલુ, દુનિયામાં બે સહુથી શક્તિશાળી વસ્તુ કઈ છે ?

એક તો મમ્મી.. અને બીજા આપણા નાનીમા.. પપલુએ જવાબ આપ્યો..૦૦૦૦

# વાલા વાલા તમે કયા વાલા ?

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

દેશમાં વાલાઓની બોલબાલા રહી છે હવે કદાચ એ વધતી જાય છે. મારા ખ્યાલથી જાણે વાલા અટક લખવાથી વટ પડે છે. આજે વટ પાડવા, વટ મારવા લોકો ન જાણે શું શું કરે છે ? કોઈ પોતાના જુના જુતા ચમકાવે છે તો કોઈ જીન્સના પેન્ટને ફાડીને પહેરે છે. આપણા ધાર્મિક શાસ્ત્રો કહે છે કે ફાટેલા કપડા ન પહેરવા જોઈએ. કદાચ ચીનના શાસ્ત્રો કહેતા હશે કે ફાટેલા કપડા પહેરવાથી નકારાત્મક ઉર્જા ઉભી થાય છે. જે અર્થ વગરનું પરિણામ આપે છે. ફાટેલા કપડા પહેરવાથી કોને નુકશાન ગયું એની ખબર નથી પણ આજકાલના આપણા જુવાનીયાઓ ફાટેલા કપડાં ખાસ કરીને પેન્ટ પહેરવા માફક આવી ગયા છે. શર્ટ ફાટેલા પહેરનારા હજુ જોયા નથી. આપણે ત્યાં ફાટેલા કપડાં પહેરનારાને ગરીબ કહેવામાં આવે છે પણ પૈસાદારના નબીરા ફાટેલા કપડાં પહેરે છે. એમના મા-બાપ એમને કહેતા નથી કે કપડાં યોગ્ય ઢંગના પહેરો.

ખેર, ફાટેલાં પહેરે પણ વાત વાલાઓની છે. પરિવર્તનનો આ સમય ચાલી રહ્યો છે. હવે તો નામોમાં પણ પરિવર્તન જોવા મળે છે. એક જમાનામાં સંત તુલસીદસ જન્મ્યા હતા કે રામ શબ્દ બોલ્યા હતા. તુલસીદાસ જન્મીને તરત રામ શબ્દ બોલ્યા હતા. કોણ સાંભળવા ગયું ? એવો પ્રશ્ન કરવો નહીં. ઘણાં પ્રશ્નો એવાં હોય છે એ પુછવાથી આપણે ડાહ્યા નહીં, દોઢ નહીં અતિ ડાહ્યામાં ગણાઈએ છીએ.

તાજેતરમાં દરીયાપુરના ધારાસભ્ય કોંગ્રેસના જેઓ એક રાઉન્ડમાં નીકળ્યા હતા અને કોઈકે એમને જુતાનો હાર પહેરાવી દીધો. બિચારા તેઓ ક્ષોભ વળી ગયા હતા. આ આપણા માણસોને મોટા માણસોનો વિરોધ કરતા પણ નથી આવડતું.એમને જુતાનો હાર પહેરાવવાને બદલે ખુદે જ પહેરી એકાદ બે આંટા એ વિસ્તારમાં માર્યા હોત તો વિરોધનો વિરોધ અને પબ્લીસીટી મળત એ જુદી.. લોકોનેય પબ્લીસીટીની એસીડીટી થઈ ગઈ છે. ગમે ત્યારે ઉપડી જાય છે લોકો પાછા પબ્લિસીટી મળે એ માટે ન જાણે સારા ઉધામા મારે છે..

ખેર તુલસીદાસનું નામ એ જમાનામાં રામ બોલો રખાયું.. આજે દેશમાં દર ક્ષણે ન જાણે કંઈ કેટલાય ખંડીયા, મંડીયા જન્મતા હોય છે પણ કોઈ માબાપે એનું નામ રામ બોલો રાખ્યું હોય તો બતાવો એટલે નામ મામલે હવે ભરપુર પરિવર્તન આવી ગયું છે. જયંતીના બદલે જેકી અને વિઠ્ઠલ કે વલ્લભને બદલે વીકી, વિનસ, વિન્સીનો ફાલ વધી રહ્યો છે. મોટી એક સોસાયટીમાં એક જણાએ નવા નામ આપવાનો ધંધો ચાલુ કરી દીધો હતો. ઘરના બારણે બોર્ડ લટકાવ્યું હતું. નવાં નામો મળશે અને છાપામાં જાહેરાત આપી હતી, નવાં નામો લઈ જાવ, એનો ધંધો દિવાળીના ફટાકડાની જેમ ધમધચ્યો કે ધબાયનમ થઈ ગયો એની ખબર નથી પણ એણે પોતાની અટક જ નામવાલા કરી નાખી હતી.

બોલો આજના પરિવર્તનના યુગમાં નામવાલા અટક.. અમારી ઓફિસમાં એક બહેનની અટક હોલાણી હતી. એક દિવસ અમારા બોસે એમને પુછી નાખેલું.. આ હોલાણી અટક એટલે.. તમારા કુટુંબમાં કોઈ હોલા પકડતું હતું ? બહેનને કદાચ એ દિવસે એમના મિસ્ટર કે સાસુની સાથે યુદ્ધ થયું હશે. એમણે પણ જાણે બોમ્બ ફેંકતા જવાબ આપ્યો હતો કે હોલા પકડતા ન હતા.હોલા પકડી પકડીને આકાશમાં ઉડાડતા હતા.

જરા વિચારો.. પંખીઓ આકાશમાં ન ઉડે તો કયાં ઉડે ?ખેર આજકાલ વાલાઓ વધતા જાય છે.

જુઓ, બુટવાલા,મોજાવાલા, દારૂવાલા, પોલીસ વાલા, એડીવાલા, સોલવાલા અને આખોય બુટ તૈયાર થઈ ગયો પણ બુટ બનાનેવાલા એવી કોઈ અટક આજ સુધી મેં જોઈ-સાંભળી છે.. ના તમોએ...

એ તો ઘણાની અટકોમાં વિશ્વના દેશોના નામો પણ જોવા મળે છે.. એડનવાલા, ઈરાનવાલા, સિંગાપોરવાલા, બર્માવાલા, આફ્રિકાવાલા, પણ કયાંય પડોશી પાકિસ્તાનના નામ પરથી પાકિસ્તાનવાલા અટક જોવા મળી નથી.અરે કરાંચીવાલા મળી આવશે પણ જો પાકિસ્તાનવાલા અટક જોઈ,સાંભળી કે લાલ રંગ જોતાં આખલો ભડકે એ દશા થવાની.. પાકિસ્તાન વાલા છે એટલે ગુંડો સા.. પાડોશી થઈ પાડોશી ધર્મ અદા કરતો નથી.. બે મારતા હોય ચાર ઠોકો.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# સંખ્યા વધારો અને ફી વધારો સમયાંતરે ચાલે છે..

**દેખ કબીરા** — હંસામૃત વાલમીચા

વાલીમંડળો દેકારા કરે, વાલીઓ પટકારા કરે અને વિદ્યાર્થી સંગઠનો કાગારોળ ગમે તેમ કર્યા કરે. પેલા મગરની ચામડી અને હાથીના જેવા કાનવાળા સંચાલકો કયારેય મગનું નામ મરી પાડતા નથી.. ઉલટા ચોર કોટવાલ કો દંડે એ નીતીવાળા સંચાલકો સરકારના પહેલા ખોળાના દિકરા જેવા હોય છે. શિક્ષણમંત્રી પાસે આશ્વાસનના શબ્દોની ભરમાર હોય છે પણ એ બિચારા શું કરે ?

એક પત્રકારે એક વાર તત્કાલીન શિક્ષણમંત્રીને પૃચ્છા કરવા તૈયારી બતાવી.. મંત્રી સાહેબ આ સંચાલકો વાલીઓને કમરતોડ ફી વધારાથી પરેશાન કરે છ એમાં આપનું શું કહેવું છે ? મંત્રી સાહેબે તેમના ઓફ વ્હાઈટ કલરના ઝભ્ભાની બાંયનાં બટન ખોલી ફરીથી બાંય સરખી કરી.. પણ જવાબ ન આપી શકયા.. એટલે પત્રકારે એ જ સવાલ રીપીટ કર્યો.. ત્યારે મંત્રીશ્રી માંડ માંડ ગળગળા અને ગભરતા અવાજે બોલ્યા: ‘જુઓ ભૈ આ સરકારનો કોઈ વાંક નથીપણ થોડાક વર્ષો પહેલાં કોઈ મહિલા આ વિભાગ સાંભળવા આવ્યા ત્યારથી ફી વધારાને લીલી ઝંડી મળી ગઈ છે.

પત્રકાર આગળ વધ્યા: પણ મંત્રીશ્રી આવું કેમ થયું ? આવું રહસ્ય સમજાવશો ? મંત્રીજી ઉવાચ : જુઓ ભૈ એ મહિલા મંત્રીશ્રીના અમદાવાદ અને સમગ્ર ગુજરાતમાં અનેક શાળાઓ,મહાશાળાઓ ચાલે છે એમને સાચવવા આવા કરાર પણ થયા છે એટલે આ પ્રજા પિસાય છે..

‘શાબાશ, મંત્રીજી આપે સાચી વાતનો ઘટસ્ફોટ કર્યો.. એ બાબત અમને ખુબ પસંદ પડી પણ ફી વધારો આપની દ્રષ્ટીએ શું યોગ્ય છે ? વાલીઓની અને કમર તોડવી એ ખરેખર સંચાલકો તે અબાધિત અધિકાર મળ્યો છે એ વાત ફલીત થાય છે. પણ અરે ભાઈ આ સંખ્યા વધારો અને ફી વધારો સમાંતર ચાલે છે એનું શું ?આ બાત પણ એક નીતિવિષયક સવાલ ઉભો થાય તેમ છે. ફીના આગમન પછી સંચાલકો મંજુરી માટે જાય છે. નવા વર્ગો નવી સંખ્યાના અગડબમ ગોટાળા વાળા પત્રકો તૈયાર કરી એ નવા વર્ગની મંજુરી માટે જાય છે ત્યાં મંજુરી આપવા મહાશયો મોટી માંગણી કરે છે. કોઈ અધિકારી એસી માગે છે તો કોઈ અધિકારી બાઈક માગે છે તો કોઈ વળી કારની પણ માગણી કરે છે. આ બધા ઓફિસ વાળાઓની માગણી સંતોષવા માલિકો, સંચાલકો બધું જ આપવા તૈયાર હોય છે. કારણ કે એપ્રિલની રોકડી કરાવ્યા પછી સંચાલકોને આખું વરસ ઘી કેળા અને દુધ સાકર જેવું ઠંડક રહે છે.. બસ રામભરોસે ચાલતા રામરાજયનાં શિક્ષણની હાટડી વાળા આગળ સરકારી તંત્ર હંમેશા મજબુર થઈને બેસી રહે છે અને એટલે જ આપણા રાજયમાં ફી વધારો અને સંખ્યા વધારો સમાંતર ચાલે છે.

પત્રકાર આગળ વધે છે.. મંત્રી સાહેબ દસેક વરસ પહેલાં થયેલા સર્વે મુજબ કેટલાક સંચાલકો ભૂતીયાં નામો ચલાવીને સરકારી સહાય ચાઉં કરી જાય છે એમાં સરકાર કોઈ પગલાં લઈ શકે તેવી શકયતા ખરી ?

મંત્રીશ્રીએ ફરીથી પોતાના ઝભ્ભાની બાંયના બટન સરખાં કરી આગળ વધ્યાં: ‘ભૈ આ બધાય પ્રશ્નો ચાલુ વિધાનસભામાં ચર્ચાવા જોઈએ પણ એનો વિરોધ સક્ષમ નથી. જો વિરોધપક્ષ સક્ષમ થવા જાય તો તેમની હાટડીઓ ઉપર પણ અસર પડવાની શકયતા છે. એટલે માની લેવું કે આપણે સૌ કાચના ઘરમાં બેસીને રૂની દુકાન લઈ બેઠેલા છીએ. પુરી તૈયારી સાથે આ ધંધો ધમધોકાર ચાલે છે.

પત્રકારશ્રી આપને હું એક સવાલ કરૂં ?

અરે સાહેબ એકવીસ સવાલ કરી શકો છો.. આપ તો મંત્રી છો...

‘આપની પાસે ફી વધારાનો કોઈ વૈકલ્પિક ઉપાય છે? જી, સાહેબ આવો કમરતોડ ફી વધારો કરતાં સંચાલકોની માન્યતા તાત્કાલિક રદ કરવી જોઈએ અને આવા સંચાલકો માટે કાનુની પગલાં ભરવા...

**બી.પાટણવાડીયા**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# સાહસનેસે સાહસિકતાથી ઘણાં બાળકોના જીવ બચાવ્યા

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

ટન..ટન..ટન.. શાળા છુટવાનો બેલ વાગતાં જ બધા વિદ્યાર્થીઓ પોતપોતાનાં પુસ્તકોની બેગ ખભે લઈ કલાસરૂમમાંથી બહાર આવી ગયા. વાતાવરણમાં જીવંતતા આવી ગઈ..યુનીફોર્મમાં સજ્જ બાળકો શાળાના મેદાનમાંથી પસાર થઈ સ્કૂલ બસ તરફ જવા લાગ્યા.

બપોરનો સમય હતો. સુરજ માથે તપી રહ્યો હતો. વાદળો સાંજના સમયે ઘેરાતાં હતાં. પણ હજુ સુધી વરસાદ આવ્યો ન હતો.તેર, ચૌદ વર્ષનો સાહનેસ પણ તેના મિત્રો સાથે આગળ વધ્યો અને બસમાં જઈ બેઠો.

‘સાહનેસ યાર કેમ ચુપચાપ બેઠો છે..’ મિત્રે કહ્યું.

બસ એમ જ..

ના પણ અમે તને આમ ઉદાસ તો કયારેય જોયો નથી. સામેની સીટ પર બેઠેલી છોકરીએ કહ્યું.

એવું તો કંઈ નથી આજે જરા ભુખ લાગી છે સાહનેસે ચોખવટ કરી.

અરે,યાર એમાં શું લે આ વેફર ખા..એક મિત્રએ વેફરનું પેકેટ તેની સામે ધર્યું.

થેંકસ કહી એક બે વેફર લઈ સાહનેસ ખાવા લાગ્યો. ત્યાં સુધીમાં બસનો ડ્રાયવર આવી ગયો..

ઘરરર.. કરતી બસ ઉપડી તે સાથે જ ઘેર જવા ઉતાવળા બધાં છોકરાંઓના ચહેરા ખીલી ઉઠયા. બસ ગંતવ્ય સ્થળ તરફ દોડવા લાગી તો તેમાં બેઠેલ બાળકો ગીતો ગાવા લાગ્યા.

ડામરના પાકા રોડ પર બસ પુરપાટ ગતિએ આગળ વધતી હતી. બપોરનો સમય હતો. તેથી રસ્તા પર વાહનોની અવરજવર બહુ ઓછી હતી. છતાં જ્યારે કોઈ વાહન તેમની બસ પાસેથી પસાર થાય ત્યારે બારી પાસે બેઠેલાં બાળકો બાય..બાય.. કહીને હંસીમજાક કરી લેતાં હતાં. એક કાર તેમની બસની બિલકુલ લગોલગ ચાલતી હતી. તેમાં નાના બાળકો હતા.એ પણ પોતાના નાના નાજુક હાથોથી બસમાં બેઠેલાં બાળકોને બાય..બાય.. કરતા હતા.

તેવામાં અચાનક એક બાઈક સવાર યુવક પુરપાટ ઝડપે બાઈક ચલાવતો આ બંને વાહનોની વચ્ચેથી પસાર થઈ આગળ નીકળવાની કોશીશ કરવા લાગ્યો. તેણે કારને ઓવરટેક કરવાનો પ્રયત્ન કર્યો પણ કારની સ્પીડ વધારે હતી. તેમાં વચ્ચે સહેજ ખાડો આવી જતાં બાઈક સવાર યુવક સ્લીપ થયો અને સીધો જ સ્કૂલ બસના પૈડાંની નીચે તેની બાઈક આવી જાત પણ બસ ડ્રાયવરની સમયસુચકતાને લીધે તે બચી ગયો પરંતુ બસના ડ્રાયવરે બ્રેક મારી બસને સાઈડમાં લેવાની કોશીશ કરતાં બસ પરનો કાબુ ગુમાવી દીધો અને બસ રસ્તાની સાઈડમાં આવેલ ડાંગરના ખેતરમાં ઘુસી ગઈ અને ઉથલી પડી.

આ ઘટના દક્ષિણ ભારતમાં આવેલ કર્ણાટક રાજયના રામનગર જિલ્લાના મગાડી તાલુકામાં આવેલ સોલુર ગામની છે. ૫ જુન, ૨૦૧૪ નો એ દિવસ હતો.

બસમાં ફસાઈ ગયેલ બાળકો ચીસાચીસ કરવા લાગ્યાં. હવે શું કરવું તેની કોઈને સુઝ પડતી ન હતી. સાહનેસની સાથે તેનો ભાઈ પણ આ બસમાં હતો. તેના મીત્રોની સાથે પાછળની સીટ પર બેઠેલ હતો. બસ પલટી ખાઈ જવાથી સાહનેસેને માથે સહેજ વાગ્યું હતું પરંતુ જરા પણ ગભરાયા વિના તે ઉભો થયો અને તેના ભાઈને શોધવા લાગ્યો.તેના ભાઈને ખાસ ઈજા થઈ ન હતી. ભાઈને સાથે લઈ તે બસના આગળના ભાગ તરફ આગળ વધ્યો.. બસનો દરવાજો ખુલી શકે તેમ ન હતો.હવે શું કરવું ? સાહનેસે હિંમત કરી બસના ડ્રાયવરની સીટ પાસે પડેલ એક લોખંડનો સળિયો લીધો અને બસના કાચમાં જોરથી ફટકાર્યો તે સાથે જ કડ.. કડ કરતો કાચ તુટી ગયો.. બંને ભાઈઓએ મળી કાચના ટુકડા કાઢી બહાર ફેંકયા.. એટલે બહારથી હવા અંદર આવવા લાગી. સાહનેસે તેના ભાઈને પહેલાં બહાર કાઢયો.

સાહનેસનો ભાઈ રસ્તા પર જઈ મદદ માટે હાથ લાંબા કરી વાહનોને રોકવાની કોશીશ કરતો હતો. સાહનેસે તેને બુમ પાડી.

ભાઈ અહીં આવ મને જરા મદદ કર.

સાહનેસે જોને કોઈ વાહન ઉભાં જ રહેતાં નથી. માણસોમાં માનવતા મરી પરવારી છે.. તેના ભાઈએ આક્રોશ ઠાલવ્યો.

‘ના..ના...’ એવું નથી. લોકો આજકાલ પોતાના કામો અને વ્યવસાયમાં બહુ વ્યસ્ત હોય છે. વળી પોલીસ પાસે જવાબો આપવા જતાં ડરતા હોય છે. તેથી વાહન ઉભા નહીં રહે. અપના હાથ જગન્નાથ તું મને મદદ કર આપણે બંને ભાઈઓ થઈ બધાંને બહાર કાઢીએ.

ભલે ભાઈ હું આ આવ્યો. કહેતાં તેનો ભાઈ બસનો કાચ જ્યાં તોડીને બહાર નીકળાયું હતું ત્યાં આવ્યો. બંને ભાઈઓએ મળી બધાં છોકરાને બહાર કાઢયા. અમુકને થોડું વાગ્યું હતું પણ બહુ જ ગભરાઈ ગયા હતા. જ્યારે અમુકને વધુ વાગેલુહતું તેમને ઉંચકીને માંડ માંડ બહાર કાઢવા પડયા હતા.

લે સાહનેસ બધાં બહાર આવી ગયા બસ...

પણ ડ્રાયવર અંકલ...

હાં તે હજુ અંદર જ છે.. કહેતાં સાહનેસ તેનો ભાઈ અને બીજા બે ત્રણ છોકરાંઓ ડ્રાયવરને જોવા ગયા.

ડ્રાયવરને માથાના ભાગે ઈજા થયેલ હોઈ તે બેભાન થઈ ગયો હતો. છોકરાઓ તેને બહાર કાઢવાની કોશીશ કરવા લાગ્યા. સાહનેસે જોયું તો તેનો પગ ફસાયેલો હતો. સાહનેસ બહાદુર અને સાહસિક છોકરો હતો. તેણે સમયસુચકતા વાપરી અંદર જઈ ડ્રાયવરનો પગ કાઢયો. બધા મિત્રો થઈ ડ્રાયવરને બહાર કાઢવા મથવા લાગ્યા. ત્યાં સુધીમાં ડાંગરના ખેતરમાં કામ કરતા ખેડૂતોને આ ઘટનાની જાણ થતાં બધાં દોડી આવ્યા. કોઈએ મોબાઈલથી જાણ કરતાં પોલીસ અને એમ્બ્યુલન્સના વાનો પણ આવી ગઈ. ડ્રાયવર અને ઘાયલ વિદ્યાર્થીઓને તુરંત શહેરની હોસ્પિટલે લઈ જવામાં આવ્યા. સાહનેસ અને તેના ભાઈને પણ વાગ્યું હતું. તેમની પણ સારવાર કરવામાં આવી.

આ આખી ઘટનાની જાણ થતાં આખા પંથકમાં સાહનેસની બહાદુરી,સાહસીકતા અને સમયસુચકતાનાં વખાણ થવા લાગ્યાં.

તેનું નામ રાષ્ટ્રીય બાળવીરતા પુરસ્કાર માટે મોકલાતાં તેને દેશની રાજધાની દિલ્હી ખાતે ૨૪ જાન્યુઆરીએ વડાપ્રધાનના હસ્તે વીરતા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. સાહનેસને ૨૫મી જાન્યુઆરી

જજ૨૦૧૫ ના દિવસે હાથીની અંબાડી પર બેસી પ્રજાસત્તાક દિનની પરેડમાં ભાગ લેવાનો અવસર પ્રાપ્ત થતાં તેની ખુશીનો કોઈ પાર ન હતો.

**નટવર હેડાઉ**

# દલજીત તાપ્સી પન્નુ સાથે હવે રોમાન્સ કરતો દેખાશે : રિપોર્ટ

પિન્કમાં શાનદાર અભિનયના કારણે ચર્ચામાં આવેલી ખુબસુરત તાપ્સી પન્નુ હવે નવી ફિલ્મમાં દલજીત દોસાંઝની સાથે રોમાન્સ કરતી નજરે પડનાર છે. કારણ કે લોકપ્રિય હોકી ખેલાડી અને ભારતીય હોકી ટીમના કેપ્ટન સંદીપ સિંહની લાઈફ પર હવે ફિલ્મ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દલજીત આગામી ફિલ્મને લઈને ભારે આશાવાદી છે. કારણ કે આ એક પડકારરૂપ ફિલ્મ છે. હાલમા ંજ આ ફિલ્મના નિર્માતા અને નિર્દેશકોએ માહિતી આપતા કહ્યુ છે કે આ ફિલ્મમાં ફિમેલ લીડ રોલ તાપ્સી પન્નુ કરી રહી છે. આ પ્રથમ વખત છે જ્યારે તાપ્સી પન્નુ અને દલજીત એક સાથે કામ કરવા જઈ રહ્યા છે. ભારતીય હોકી ટીમના પૂર્વ કેપ્ટન સંદીપ સિંહની લાઈફ પર બની રહેલી આ ફિલ્મને લઈને તાપ્સી ભારે ખુશ છે. અમિતાભ બચ્ચન અભિનિત પિન્ક ફિલ્મમાં કામ કર્યા બાદ તાપ્સીની બોલબાલા વધી છે. તે નામ શાબાના નામની ફિલ્મમાં પણ યાદગાર ભૂમિકા અદા કરી ગઈ હતી. સંદીપ સિંહની લાઈફ પર બની રહેલી ફિલ્મનુ નિર્દેશન શાદ અલી કરનાર છે. આ ફિલ્મમાં બે હોકી ખેલાડીઓની પ્રેમ કથા દર્શાવવામાં આવનાર છે. ફિલ્મનુ શુટિંગ ઓક્ટબર મહિનામાં શરૂ કરવામાં આવી ચુક્યુ છે. આના માટે પહેલા દલજીદ્દત અને તાપ્સીને હોકીની કઠોર ટ્રેનિંગ મારફતે પસાર થવાની ફરજ પડી હતી. તાપ્સી છેલ્લે જુડવા-૨ ફિલ્મમાં વરૂણ ધવનની સાથે નજરે પડી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. દરમિયાન તાપ્સી વધુ એક મોટી ફિલ્મ કરી રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ તે પ્રકાશ રાજની હિન્દી કોમેડી ફિલ્મ તડકામાં નજરે પડનાર છે. આ ફિલ્મ પહેલી ડિસેમ્બરે રજૂ કરાશે. રોમેન્ટિક કોમેડી ફિલ્મ તમામને ગમશે.

# કેવા ગ્રહો રાજનેતા બનાવે ?




નામ, ઠામ અને શોહરતની દરેક વ્યકિતની આશા હોય છે. પણ તે ત્રણે વસ્તુ દરેકને મળતી નથી અને જો કોઈને મળે તો તે રાજા સમાન ગણાય છે. આવું સુખ આજના નેતાઓને પણ ભાગ્યે જ મળતું હોય છે અને જો કોઈને મળે તો તે પચાવી શકતો નથી. આવો લાભ ભાગ્યે જ કોઈ સાચવી રાખે છે અને તે જેણે ગ્રહો બળવાન હોય, દાનધર્મ કરતો હોય.

**કેવા ગ્રહો રાજનેતા બનાવે છે ?**

જે જાતકની જન્મકુંડળીમાં પૂર્ણ ચંદ્રમાને શુક્રગુરૂને બુધ દેખતા હોય, લગ્નનો સ્વામી બળવાન હોય અને લગ્ન વર્ગો તમી હોય આના માટે કોમ્પ્યુટર કુંડળી દેખવી. **દ્રષ્ટાંતકુંડળી :** અત્રે આપેલ દ્રષ્ટાંત કુંડળીમાં લગ્નેશ ચંદ્ર છે તે પણ ઉંચનો હોવો જોઈએ. તે માટે એશ કયા જોવા પડે, લગ્ન કર્ક રાશીનું છે તે વર્ગો તમી છે કે કેમ તે જાણવા માટે પણ અંશ કળાની જરૂર પડે. અને શુક્ર, બુધ અને ગુરૂ ચંદ્રને દેખી રહ્યા જે આ યોગ બને છે. તે ઉપરાંત ચોથે ઉંચનો શનિ છે જે શશ નામનો યોગ બનાવે છે તેમજ સાથે નીચનો સૂર્ય પણ છે જે શની, સૂર્યનો નીચરાજ ભંગ યોગ બનાવી રહ્યો છે. આવા ગ્રહોનો જાતક અચુક નેતા બનતો હોય છે.

**જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# દેશમાં ક્રિમીનલ કેસોને નિવારવા માટે સુપ્રિમની લાલ આંખ છતાં કેન્દ્ર સરકાર નિષ્ક્રિય

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

વર્તમાન સંજોગોમાં દેશની મોટા ભાગની અદાલતોમાં કેસોનું ભારણ એટલી હદે વધ્યું છે કે અમુક કૈદીઓની નક્કી કરવામાં આવેલી સજાની મુદત પુરી થઈ હોવા છતાં તેઓ જેલમાં સબડી રહ્યા છે. સરકારે આ બાબતે માનવીય અભિગમ અપનાવવો જોઈએ. જેલની જીંદગી અને બહારની જીંદગીમાં જે તફાવત હોય છે તે બહાર આઝાદીથી હરતા ફરતા લોકોને ખ્યાલ નહીં આવે. માત્ર ભારતમાં જ નહીં પરંતુ અમેરીકા, લંડન અને ન્યુયોર્કની જેલોમાં પણ આજ સ્થિતિ સર્જાઈ છે. અમેરીકાની એક જેલમાં ૧૮૦૦ થી વધુ કૈદીઓનો સમાવેશ થવો મુશ્કેલ છે ત્યારે તે જેલમાં ૩૦૦૦ ઉપરાંત કૈદીઓની ભરતી કરવામાં આવી છે. જેલમાં કૈદીઓને સુવાની જગ્યા ન મળતાં બેઠા બેઠા રાત્રી પસા કરે છે. ભારતમાં પણ ગમે ત્યારે આવી સ્થિતિનું નિર્માણ થયા વિના રહેશે નહીં.

દરમ્યાન હમણાં સુપ્રિમ કોર્ટે સાંસદો અને ધારાસભ્યો પરના કેસો ઝડપથી ચલાવવા સરકારને ટકોર કરી છે. સુપ્રીમ કોર્ટે ગત ગુરૂવારે ભાજપના નેતા અશ્વની ઉપાધ્યાય દ્વારા દાખલ કરાયેલી જાહેર હીતની અરજીની સુનાવણી કરતાં જણાવેલ કે, શા માટે સાંસદો અને ધારાસભ્યો સામેના કેસોની સુનાવણી ઝડપથી કરવામાં આવતી નથી ? સાંસદો અને ધારાસભ્યોને સંડોવતા કેસોની સુનાવણી છ મહીનામાં પુરી થવી જ જોઈએ.અશ્વની ઉપાધ્યાયે તેમની અરજીમાં દોષિત ઠરેલા રાજકીય નેતાઓ પર આજીવન પ્રતિબંધની માંગ કરી છે. જાહેર હીતની અરજીમાં બંધારણના આર્ટિકલ ૧૪ ના સંદર્ભે સરકારી કર્મચારી, જનતાના પ્રતિનિધિ અને ન્યાયતંત્રના સભ્યો માટે હિતોના ટકરાવ અંગે સમાન નીતિ ઘડવા અને હિતોના ટકરાવને ગુનાઈત ગેરરીતિ જાહેર કરવાની પણ માંગ કરવામાં આવી છે.

હાલ દોષિત ઠરેલ રાજકીય નેતાઓ ચૂંટણી લડવા પર ૬ વર્ષના

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**સાંસદો અને ધારાસભ્યો પરના કેસોનો નિકાલ કયારે ?**

# અવનવી અને અનોખી ભુતાનની ટપાલ ટીકીટો

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

વિશ્વની સૌથી વિચિત્ર ટપાલ ટિકિટ બહાર પાડતો દેશ એટલે ભુતાન ! વિચિત્ર ટપાલ ટિકિટ એટલે ભુતાન એક જાતની ટીકીટ રજુ કરીને સંતોષ માનતો દેશ નથી. દર વખતે તે અવનવા નુસ્ખા લડાવે છે. ભુતાને એક રૂા. ૨૫૦ ની કિંમતની મોટી ટિકીટ બહાર પાડી હતી. આ ટિકિટની વિચિત્રતા એ હતી કે ટિકિટ વાસ્તવમાં ગ્રામોફોનની રેકોર્ડ હતી. પ્લેયરની તકતી પર તેને મુકો એટલે ભુતાનના ગુણગાન સંભળાવતું મધુર સંગીત શરૂ ! આપણે જાણીએ ભુતાનની અદ્ભૂત ટપાલ ટિકિટ વિશે.

ભારત અને ચીનવચ્ચે આવેલા ૪૬,૫૦૦ ચોરસ કી.મી.ના પહાડી ભુતાનમાં ઝાઝી પોસ્ટ ઓફિસો નથી. અહીંયાની પ્રજાને લખતા વાંચતા પણ આવડતું નથી. એટલે તેઓ ભાગ્યે જ પત્ર વ્યવહાર કરે છે. આમ છતાં ભુતાન દેશ, યુરોપ, અમેરીકા દેશોનેય આંટી જાય એવી ટપાલ ટિકિટો શા માટે બહાર પાડે છે ? પૈસે ટકે ભુતાન દેશ એક પછાત દેશ છે. તેમ છતાંય અવનવી ટીકીટો પાછળ શા માટે આટલો બધો ખર્ચ કરે છે ?આ એક સમજવા જેવી વાત છે. ભુતાન એક તો પછાત દેશ છે અને વળી હીમાલયના એવા દુર્ગમ શિખરોમાં વસેલો દેશ છે કે જેના તરફ કોઈપણ દેશનું ધ્યાન જાય જ નહીં. આથી ભુતાન સરકાર અવનવી અફલાતુન ટપાલ ટિકિટો દ્વારા જગતને યાદ કરાવે એટલે રીમાઈન્ડર કરાવવું અને રિમાઈન્ડરનું માધ્યમ ટપાલ ટિકિટ સિવાય અન્ય શું હોઈ શકે ? ટપાલ ટિકિટો સંગ્રાહકો પાસે સંગ્રહ કરીને સચવાય છે.ટપાલ ટિકિટો કયારેય પણ કચરાપેટીમાં જતી નથી. સંગ્રાહકો દેશ વિદેશની ટપાલ ટિકિટો દ્વારા જે તે દેશના ઈતિહાસને મિત્રોને દર્શાવે છે કે આ પણ એક દેશ છે સંસારમાં !

આ ટચુકડો દેશ તેની સૌ પ્રથમ ટપાલ ટિકિટ ઓકટો. ૧૯૬૨ માં બહાર પાડી હતી. ભુતાને ભારત દેશ સાથે એ જ વરસે ટપાલના વિનિમયની એકબીજાની ટપાલો આપવા-લેવાની સમજુતી કરી હતી. કોઈપણ દેશ તેની પ્રથમ ટપાલ ટિકિટ બહાર પાડે એટલે તે ટીકીટને વસાવવાને માટે સંગ્રાહકોની લાઈન લાગી જાય છે. ભુતાનની પ્રથમ ટીકીટો પણ દેશ-વિદેશમાં વેચાઈ પરંતુ ત્યાર પછી જે બીજી ટીકીટો પ્રકાશીત થઈ તેને ખરીદવામાં સંગ્રાહકોએ કોઈ જ રસ ન દાખવ્યો. આથી ભુતાને જુદો દાવ અજમાવ્યો. સંગ્રાહકોને આકર્ષવાને માટે **અનુસંધાન પાના નં.૬ ઉપર**

**ડીસાના નવાગામે ...**

**પાના નં .૧ ચાલુ**

સુરેશ તેની પત્નીના દાગીના વેચવા માગતો હતો પરંતુ મોઘીબેન દાગીના વેચવા ના પાડતા હોવાથી બંને વચ્ચે તકરાર ચાલતી હતી. જેમાં ગત તારીખ ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૬ ના રોજ સુરેશ તેની પત્ની પાસે કડલા વેચવા માટે માગતા તેણીએ ના પાડતાં સુરેશે ઉશ્કેરાઇ જઇ માથાના ભાગે પાવડો ઝીકી દીધો હતો. જેથી ગંભીર અને લોહીલુહાણ હાલતમાં તેણીને ડીસા સરકારી દવાખાને સારવાર અર્થે લઇ જવાઇ હતી. જ્યાંથી વધુ સારવાર અર્થે પાલનપુર અને મહેસાણા લઇ જવાતાં રસ્તામાં તેનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે ડીસા તાલુકા પોલીસે મૃતક મોઘીબેન ના પિતા સુજાજી ઠાકોરની ફરિયાદના આધારે તેના પતિ સુરેશજી મફાજી ઠાકોર સામે હત્યાનો ગુનો નોંધ્યો હતો. જે કેસ ડીસાના આઠમા એડિશનલ સેશન્સ જજ એચ.એ.શાહ ની કોર્ટમાં ચાલી જતા આસી.પબ્લિક પ્રોસિક્યુટર ડી.પી.પટેલ ની ધારદાર દલિલો ને ગ્રાહ્ય રાખી ન્યાયાધીશે આરોપી સુરેશજીને ઈપીકો કલમ ૩૦૨ ના ગુનામાં આજીવન કેદની સજા તેમજ રૂપિયા પાંચ હજારનો દંડ ફટકાર્યો હતો.

**બનાસ ડેરીને...**

**પાના નં .૧ ચાલુ**

બનાસ ડેરીએ તેની સતત સુધારાની યાત્રામાં તાજેતરમાં જ મોટા ઉત્પાદન શ્રેણીમાં એનડીડીબી ડેરી એક્સેલન્સ એવોર્ડ જેવો પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે. આ આંતરરાષ્ટ્રીય એવોર્ડથી ટીમ બનાસને તેના ખેડૂતો અને ગ્રાહકોની જરૂરિયાતો અને અપેક્ષાઓ પૂરી કરવા માટે પ્રોત્સાહન મળશે.

બનાસ ડેરીએ વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૭૫૫૨ કરોડનું વાર્ષિક ટર્નઓવર કર્યું હતું અને હાલમાં બનાસકાંઠા જિલ્લામાંથી દરરોજ ૫૦ લાખ લિટર દૂધનું ઉત્પાદન અને સંપાદન કરે છે. છેલ્લા બે દાયકાથી બનાસ ડેરી તેના ખેડૂતોને મહત્તમ વળતર રૂપે દૂધના ભાવ ચૂકવી રહી છે અને ગત નાણાંકીય વર્ષમાં જિલ્લાના ખેડૂતોને રૂ. ૭૦૦ પ્રતિ કિલો ફેટ દૂધના ભાવ ચૂકવવામાં આવ્યા છે. બનાસ ડેરી ખેડૂતોના ઘર આંગણે ઉત્તમ પશુપાલન માટે કેટલ ફીડ, વેટરનરી સેવાઓ, રસીકરણ થકી પશુ રોગ નિવારણ, પશુ સારવાર અને પશુ ઓલાદ સુધારણા જેવી વિવિધ ઈનપુટ સેવાઓ પૂરી પાડે છે. બનાસ ડેરી પાસે પાલનપુર ખાતે, ફરિદાબાદ અને ઉત્તરપ્રદેશમાં લખનૌ અને કાનપુર ખાતે અત્યાધુનિક ટેક્નોલોજી વાળા ડેરી પ્લાન્ટો છે, જે અમુલ બ્રાન્ડ હેઠળ ગુણવત્તાયુક્ત ડેરી પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે.

ચાર્ટર્ડ ક્વોલિટી ઈન્સ્ટિટ્યુટ (સીક્યુઆઇ) એક વૈશ્વિક પ્રોફેસનલ બોડી છે જે તમામ ક્ષેત્રોમાં ગુણવત્તા મેનેજમેન્ટની પ્રેક્ટિસ આગળ વધારવા પ્રોત્સાહન આપે છે. ચાર્ટર્ડ ક્વોલિટી ઈન્સ્ટિટ્યુટ (સીક્યુઆઇ)એ ગુણવત્તાયુક્ત વ્યાવસાયિકો માટે ચાર્ટર્ડ સંસ્થા છે. તેઓ વિશ્વમાં ગુણવત્તા સંચાલનમાં તેમની ક્ષમતા વિકસિત કરીને સંસ્થાઓના પ્રદર્શનમાં સુધારો કરે છે. વિશ્વભરના સભ્યો સાથે, સીક્યુઆઇ વિશિષ્ટ રીતે ગુણવત્તા વ્યવસાયને વ્યાખ્યાયિત કરી સંસ્થાઓને નેતૃત્વ પૂરું પાડે છે, જે સંસ્થાઓની ક્ષમતાના નવીનતમ માપદંડો થકી સુધારાને અવકાશ સ્પર્ધાત્મકતા ફ્રેમવર્ક દ્વારા પૂરો પાડે છે.

**૨૦૧૯ની ચૂંટણી...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

પરંતુ હવે એમ લાગે છે કે તેમને ડરાવી અને ધમકાવી શકાય છે. જો આપણે દેશના જજોની સુરક્ષા કરવામાં નિષ્ફળ રહીશું તો આપણે લોકતંત્રની રક્ષા નહી કરી શકીએ. નોટબંદી અને જીએસટીને લઇને મોદી સરકાર પર હુમલો કર્યો હતો. કેજરીવાલે દાવો કર્યો હતો કે, તે એવા તમામ લોકોને જાણે છે જેમની દુકાનો અને ફેક્ટરીઓ બંધ થઇ ગઇ છે અને જેમની નોકરીઓ જતી હતી.

**કોંગ્રેસની પાટીદાર...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

પણ હકીકત એ છે કે સ્કુલની સંખ્યા વધી છે. તેમણે કહ્યું કે ઉદ્યોગપતિનાં ૧.૩૫ હજાર કરોડ માફ કર્યા. એ પણ જુઠ્ઠાણું છે. કોઈ પણ ઉદ્યોગપતિઓનો એક રૂપિયો પણ મોદી સરકારે માફ કર્યો નથી. સત્ય ઓછું બોલવું એ કોંગ્રેસનો સ્વભાવ બની ગયો છે. રફેલ ડિલમાં સ્પષ્ટ હતું કે કેન્દ્રમાં અનિર્ણાયક સરકાર હતી કેન્દ્રમાં. લશ્કરની આક્રમકતા ઓછી થઈ રહી હતી. સરકારથી સરકારનું ટ્રાન્ઝેક્શન હતું. કોઈ વચેટીયા હતા. આમાં કોઈ ક્વોટ્રોચી ન હતો. અને એરફોર્સને મજબૂત કરવાનું ટ્રાન્જેક્શન હતું. અઢી વર્ષ બાદ ગુજરાત ચૂંટણીમાં કેમ ઉભો કરવામાં આવી રહ્યો છે. આ માત્ર એક ચૂંટણી પુરતો મુદ્દો હોવાનું લાગે છે. તેમણે કહ્યું કે મોટા નેતાઓએ અપરિવકવ સ્ટેટમેન્ટથી દુર રહેવા જોઈએ. કોણ સારી સરકાર આપી શકશે એ મહત્વનું છે. રફેલ સોદામાં ભારત સરકારની પસંદગી નથી પરંતુ રફેલની પસંદગી ભારત સરકાર રહી છે.

તેમણે કહ્યું કે કોંગ્રેસે યાદ રાખવું જોઈએ કે ચૂંટણી કદી દગાથી લડાતી નથી. ૧૭ હજાર સ્કુલ બંધ થઈ જવી, ૧.૩૫ હજાર કરોડ માફ કરવા આ બધા મુદ્દા ચૂંટણીલક્ષી છે. તેમણે કહ્યું કે અનામતનું ફોર્મ્યુલા બનાવ્યો તે સંવિધાનની દ્રષ્ટિ ખોટું છે. જે વાયદાઓ નિભાવી શકાતા નથી. આપનાર અને લેનાર બન્ને ગુજરાતની જનતા સાથે દગો કરી રહ્યા છે. છેતરપિંડી કરી રહ્યા છે. અરાજકતાવાદી લોકો સારી સરકાર આપી શકશે નહી. તેમણે કહ્યું કે જીએસટી મામલે કોંગ્રેસની મલ્ટીપલ પોઝીશન છે. જીએસટી કોંગ્રેસે લાવી પછી વિરોધ કર્યો. કોંગ્રેસનાં લોકો દરેક નિર્ણયમાં ભાગીદાર છે. અંદર નિર્ણયનું સમર્થન કરે છે અને બહાર આવીને વિરોધ કરે છે. જીએસટીને વધુ સરળ કરવામાં આવશે,આ સતત ચાલતી પ્રક્રિયા છે. અરુણ જેટલીએ કહ્યું કે બેરોજગારીનાં આંકડામાં વિરોધાભાસ આવી જાય છે. તેમનો આંકડા સવાર અને સાંજની વચ્ચે ખોવાઈ જાય છે. યુપીએ સરકાર સૌથી ભ્રષ્ટ સરકાર હતી. બોફોર્સ અને ૨-જી જેવા સ્કેમ છે જેની આજે પણ તેની ચર્ચા થાય છે. મોદી સરકારની નહી પણ આજે પણ યુપીએ સરકારનાં કૌભાંડોની ચર્ચા થાય છે. સંસદનું સત્ર ડિલે કરવું પડ્યું છે. રાહુલ ગાંધી આ વખતે વેકેશન પર જઈ શકે નહી.

**ખેડૂતની આવક...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ગુજરાતના ખેડૂતોને ઝીરો ટકા વ્યાજના દરે ધિરાણ આપનાર પણ ભાજપ સરકાર જ છે. સુજલામ સુફલામ યોજનાનો વિરોધ કોંગ્રેસના જ રાષ્ટ્રીય નેતા અશોક ગેહલોતે વિરોધ કર્યો હતો, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની પાણીની જરૂરિયાત ભાજપ સંતોષે અને કોંગ્રેસ તેનો વિરોધ કરે તે કેવી રાજનીતિ, નર્મદા યોજનાને અવરોધવાનું કોંગ્રેસનું રાજકારણ આ બધી વાતોના જવાબ ગુજરાતની જનતા પાસે છે અને તેથી તા.૧૮મી ડિસેમ્બરે કોંગ્રેસનું વિધિવત્ વિસર્જન કરી દેવાની છે.

**ડીસા તાલુકાના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

સામાજીક કાર્યકર મેરાજભાઈ દેસાઈ વગેરે સરકાર સમક્ષ યોગ્ય રજુઆતો કરતા વડાવળ ગામને બે રસ્તાઓ મંજુર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વડાવળ પરા પ્રાથમિક શાળાથી વધુ ૧૧૦૦ મીટરનો રસ્તો એક્સેસ કરવા માટે પણ ગ્રામ પંચાયત વડાવળ દ્વારા રજુઆત કરતા ૧૧૦૦ મીટરનો રસ્તો એક્સેસ કરી આપતા વડાવળ ગ્રામજનોને ગામમાં જવા વધુ એક પાકા રસ્તાની સવલત મળી રહી છે અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે વડાવળ ગામના એપ્રોચ રોડને પણ પેવર કામ કરવાની પણ સરકાર દ્વારા મંજુરી આપવામાં આવી છે. જેથી આગામી ચૂંટણી બાદ એપ્રોચ રોડનું પેવર કામ પણ શરૂ થશે. ત્યારે વડાવળ ગામના રસ્તાઓને લઈ ગ્રામજનોમાં ખુશીનો માહોલ છવાયો છે.

**બનાસકાંઠા જિલ્લા...**

**પાના નં .૮ ચાલુ**

પરંતુ બંને વખતે કોંગ્રેસ મોવડી મંડળે તેઓને આગામી વિધાનસભામાં ટિકિટ આપશે એવું આશ્વાસન આપી મનાવી લીધા હતા. ત્યાર બાદ હવે ૨૦૧૭માં પણ બહાદુરસિહ વાઘેલાએ કોંગ્રેસમાંથી ટિકિટની માગણી કરી છે પરંતુ કોંગ્રેસ દ્વારા તેઓની ટીકીટ મળવાના કોઇ ચાન્સ ન જણાતાં તેમ જ તેઓની માંગણીઓ મોવડી મંડળ દ્વારા ધ્યાને ન લેતા આખરે તેઓએ ભારે રોષ સાથે શનિવારે મોટી સંખ્યામાં સમાજના આગેવાનોને એકત્ર કરી કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું. બહાદુર સિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ,'ડીસા બેઠક પર ૬૫ હજાર મત ધરાવતો ક્ષત્રિય સમાજ હોવા છતાં વારંવાર તેઓને ટિકિટ આપવામાં અવગણના થઈ રહી છે. આથી સમાજના વ્યક્તિઓના કહેવાથી તેઓ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું છે અને આગામી દિવસોમાં બનાસકાંઠાની નવે નવ બેઠક પર ક્ષત્રીય સમાજ કોંગ્રેસને હરાવવા સક્રીય થશે.'

તેઓ અપક્ષ ચૂંટણી લડશે કે કેમ તે મુદ્દે પૂછતા બહાદુર સિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે,' તેઓની સાથે ક્ષત્રીય સમાજ ઉપરાંત અન્ય નાના-મોટા સમાજ, ખેડૂતો ,વેપારીઓ નો સાથ સહકાર છે અને આ મતદારો કહેશે એ પ્રમાણે તેઓ આગળ પગલું ભરશે.'

**કાંકરેજ વિધાનસભા...**

**પાના નં .૮ ચાલુ**

તે સિવાય તેઓ નિષ્ફળ જ રહ્યા હતા. ૧૯૭૫ માં મફતલાલ ઝુમચંદ પાંચાણી સામે કોંગ્રેસે ઠક્કર જેસંગભાઈ દેવરામને ઉમેદવાર બનાવેલ. મફતલાલ પાંચાણી ૧૯૧૪ મતથી ને કો.ઉમેદવાર તરીકે વિજેતા થયેલા. ૨૦૧૨ માં ભાજપે કીર્તિસિંહ પી.વાઘેલાની સામે કોંગ્રેસ પક્ષ તરફથી ધારશીભાઈ ખાનપુરા ઉમેદવાર તરીકે મુકતાં ધારશીભાઈ ખાનપુરાને ૭૩૯૦૦ અને કિર્તિસિંહ વાઘેલાને ૭૩૩૦૦ મત મળતાં ધારશીભાઈ ખાનપુરા ૬૦૦ મતે જ વિજેતા થયેલા. છેલ્લી ત્રણ ચૂંટણીઓના પરિણામ પર જ સમીક્ષા કરવામાં આવે તો આ વિધાનસભા બેઠક પર વધુ મતદાન થાય તો કોંગ્રેસનો ઉમેદવાર વિજેતા થાય છે તેવું તારણ નીકળે છે. કાંકરેજ તાલુકાની પ્રજા બે ટોલનાકામાં કેદ, એસ.ટી.બસ સેવાથી વંચિત, શૌચાલય, તળાવો, રસ્તા, બાંધકામ વ્યાપક ગેરરીતી ખેડૂતો ખેત પેદાશોની સ્થિતિ ખરાબ, રેતખનન પ્રવૃત્તિ,દેશી વિદેશી દારૂ, ટ્રાફીકની નાગચુડ, જુગાર, દબાણો ભેળસેળયુકત ચીજવસ્તુઓના ત્રાસથી પ્રજા ત્રાહીમામ છે જેની સામે ભાજપ કોંગ્રેસની નેતાગીરી સદંતર નિષ્ક્રીય છે.પ્રજા અવાજ ઉઠાવે તો એનકેન પ્રકારે દબાવવામાં આવે છે ત્યારે સાચો લોક સેવક ચુંટાય આ વિસ્તારને ટોલનાકાની નાગચૂડમાંથી છોડવે એસ.ટી. બસ સેવા ચાલુ કરાવે. આ કાર્ય કોને ગમશે ?? પ્રજાના પશ્નો કરતા નેતાઓને બસ...માં રસ છે ને જેના કારણે તાલુકા વિકાસથી વંચિત હોવાની બૂમરાડ છે. થરા બસ સ્ટેન્ડમાં ચુંટણી લડતા નેતા અને તેમના કાર્યકરો સવારે સાતથી અગિયાર વાગ્યા સુધી એક લટાર તો મારે પ્રજાની તકલીફનું કેન્દ્ર બિન્દુ જોવા મળશે. કાંકરેજ તાલુકા માટે બસ આટલું જ કોઈ નેતા કે તેમનો ખિજાય જાય તો ??

**જુના ડીસાના...**

**પાના નં .૮ ચાલુ**

આ કચરાના ધુમાડાના કારણે અનેક લોકો શ્વાસની બીમારીથી પીડાઈ રહયા છે ત્યારે આ મામલે અગાઉ ગ્રામજનોએ ગાંધીનગર સહિત ડીસા ન.પાલિકામાં વારંવાર રજુઆત કરવા છતાં કોઈ નક્કર પરિણામ ના મળતા ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારની શસ્ત્ર ઉગામયુ છે.ત્યારે અગાઉ ગ્રામજનોએ રેલી યોજી ચૂંટણી બહિષ્કાર કર્યો હતો ઉપરાંત તમામ સમાજનો લોકો એકત્ર થઈ બેઠક યોજી હતી અને ગામના ૧૩ હજાર જેટલા લોકો મત નહી આપે તેમ જણાવ્યું હતું.જોકે આ મામલે ગ્રામજનોએ કલેકટર અને ના.કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગ કરી હતી તેમ છતાં કોઈ પરિણામ નહિ મળતા ગ્રામજનોમાં આક્રોશ ભભૂકી ઉઠ્યો હતો અને ગ્રામજનો આગામી સમયમાં ચૂંટણી બહિષ્કાર કરી સરકાર વિરુદ્ધ આંદોલન પર ઉતરીશું તેમ જણાવ્યું હતુ ઉપરાંત જરૂર પડશે તો કાયદો પણ હાથમાં લઈશું તેવી ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી હતી.

**સોમવારે ...**

**પાના નં .૮ ચાલુ**

અગાઉ માવજીભાઈ દેસાઈ ધાનેરા ખાતે સવારે ૯ કલાકે એપલ હોટલ ની બાજુમા, બનાસ શીત કેન્દ્રની સામે વિશાળ જાહેર સભાને સંબોધશે. આ પ્રસંગે રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ તેમજ રાજ્ય મંત્રી કેશાજી ચૌહાણ, થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલ ઉપરાંત પ્રદેશ અને જિલ્લાના ભાજપના હોદેદારો કાર્યકરો તેમજ દાંતીવાડા અને ધાનેરા તાલુકા ભાજપના કાર્યકરો શક્તિપીઠ, શક્તિ કેન્દ્રના ઇન્ચાર્જ અને દરેક સમાજના

લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. માવજીભાઈ દેસાઈ ૧૨-૩૯ કલાકે ધાનેરા પ્રાંત કચેરી ખાતે વિજય મુહૂર્તમાં પોતાનું ઉમેદવારીપત્ર રજૂ કરશે. માવજીભાઈ દેસાઈએ પોતાનું ઉમેદવારીપત્ર રજૂ કરવા તમામ ભાજપના તમામ આગેવાનો, હોદ્દેદારો જિલ્લાના સહકારી અગ્રણીઓ, કાર્યકરો તેમજ ધાનેરા અને દાંતીવાડા તાલુકાના મતદારોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આહવાન કર્યુ છે.

**કાંકરેજ ભાજપના...**

**પાના નં .૮ ચાલુ**

ગોદાવરીબેન ત્રિવેદી, રીયાબેન પટેલ, પુથ્વીરાજસિંહ વાઘેલા, તેજાજી ઠાકોર, રાયમલભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, જયંતિજી ઠાકોર, હરદાસજી ઠાકોર, કરશનભાઈ પટેલ, હંસપુરી ગોસ્વામી, શક્તિસિંહ ઝાલા, શંકરભાઈ પટેલ (ખસા) અખાભાઈ પટેલ, સેમાભાઈ પટેલ, ગોવિંદભાઈ વિશાભાઈ પટેલ, રાજુભાઈ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલાએ તમામનો આભાર માની રાજકીય કિન્નાખોરી કે ભેદભાવ રાખ્યા વગર સૌને સાથે લઈને ચાલવાની ખાત્રી આપી હતી.

**ડીસા બેઠકના ...**

**પાના નં .૮ ચાલુ**

જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જયાંથી ટેકેદારો સાથે તેઓ સવારે ૧૦ ક. ફોર્મ ભરવા જશે. જે પ્રસંગે હાજર રહેવા વિધાનસભા વિસ્તારના સમર્થકો, કોંગ્રેસના આગેવા નો, એન.એસ.યુ. આઈ., મહિલા કોંગ્રેસ, યુવા કોંગ્રેસ, સેવાદળના હોદ્દેદારો સહિત તમામ મતદાર ભાઈ- બહેનોને હાજર રહેવા અનુરોધ કરાયો છે.

**ધાનેરા ભાજપના...**

**પાના નં .૮ ચાલુ**

જેમાં વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી માવજીભાઈનું ખેસ પહેરાવી સન્માન કર્યુ હતુ. અને તેમની જંગી બહુમતીથી જીતાડવા સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે દાંતીવાડા તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઇ ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકી, મહામંત્રી જયંતિભાઇ બોચાતર, મહામંત્રી દિનેશભાઇ મેવાડા, જિલ્લા પંચાયત સદસ્ય રાજેન્દ્રભાઈ જોષી, સ્વામી આનંદ રાજેન્દ્ર, બનાસ ડેરીના ડિરેક્ટર પી.જે.ચૌધરી, પૂર્વ જીલ્લા ભાજપ મહા મંત્રી જયેન્દ્રભાઈ જોષી, તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ બાબુભાઈ મોદી તેમજ સમગ્ર તાલુકાની શક્તિપીઠ અને શક્તિ કેન્દ્રોના ઇન્ચાર્જ તેમજ ભાજપના હોદ્દેદારો , કાર્યકરો, શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

**વાવ ભાજપ ...**

**પાના નં .૮ ચાલુ**

ગુમાનસિંહજી ચૌહાણ તેમજ કાર્યકરમિત્રો હાજર રહ્યા હતા. ઢીમા જિ.પંચાયત સીટના ગામોમાં મંત્રીને ઉમળકાભેર આવકાર સાંપડી રહ્યો છે. લોકો તેમના વિકાસના કામોની કદર કરી ફરી તેમનું પુનરાવર્તન કરે તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. તેથી સમગ્ર સરહદી વાવ પંથકમાં ચૂંટણી પ્રચારના પ્રારંભથી જ કેશરીયો માહોલ છવાઈ ગયો છે.

**મુંબઈથી...**

**પાના નં .૮ ચાલુ**

બાદ મોબાઈલ પણ બંધ કરી દીધો છે. ત્યારે તેમના પરિવારજનો ચિંતાના માહોલ જોવા મળી રહ્યા છે. આ બાબતે વડાવળ ખાતે રહેલા તેમના સંબંધી કાંન્તીભાઈ પરમારે જણાવ્યું હતુ કે અનેક શોધખોળ કરવા છતાં હજુ સુધી કોઈ ભાળ ન મળતા નવી મુંબઈ અને ધાનેરા પોલીસમાં આ અંગેની જાણ કરવાની તજવીજ હાથ ધરી છે. ત્યારે આ વ્યક્તિને કોઈ ભાળ મળે તો પોલીસ સ્ટેશનમાં જાણ કરવા જણાવેલ છે.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | |
| **ચાંદી ચોરસા** | **૩૯૫૦૦-૪૦૪૦૦** |
| રૂપુ કાચું | ૩૯૫૦૦-૪૨૦૦૦ |
| સોનુ તોલો | ૩૦૩૦૦-૩૦૫૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૧૦૭૦** |
| પામોલીન | ૧૦૭૦ |
| સોયા રીફાઈન | ૧૩૭૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૭૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૫૫૦-૧૫૭૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૪૨૦ |
| સીગતેલ ૫ લી. | ૪૭૫-૪૮૨ |
| તિરૂપતી કપા. | ૧૨૬૦ |
| ૫ લીટર | ૪૦૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૬૦-૧૧૮૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૩૦૦૦-૩૧૦૦ |
| ૫ કે. કોપરેલ | ૧૧૦૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૪૮૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૨૭૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૬૦ |
| ૫ લી. | ૪૬૦ |
| ૨ લી. | ૧૬૩ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૫૮૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર | ૪૮૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૪૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત સ્પેસીયલ | ૭૮૦૦ |
| દાવત | ૭૭૦૦ |
| દાવત તીબાર | ૭૭૦૦ |
| દાવત દિલખુશ | ૭૮૦૦ |
| દાવત રોજાના | ૬૮૦૦ |
| દાવત મોગરા | ૪૮૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૧૨૦૦ |

| | |
|---|---|
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૬૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૬૨૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૦૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૨૦૦ |
| નર્મદા અડદદાળ | ૬૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૦૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૮૦૦ |
| હેરીટેજ દુબાર | ૬૦૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૫૦૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮૧૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૬૦૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૩૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ |

| | |
|---|---|
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૭૨૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૯૦૦-૩૯૫૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦-૪૧૫૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૧૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની ૧૦૫ | |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ ૧૨૫ | |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |

| | |
|---|---|
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૭૦૦ |
| જીરાળુ | ૧૭૪૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૩૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૫૭૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૪૦-૧૭૦ |
| સાકરીયા | ૪૪૦૦ |
| ખાંડ બુરૂ | ૪૪૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૨૦૦-૨૪૦ |
| સુકી ડુંગળી | ૭૦૦-૭૪૦ |
| લસણ | ૭૦૦-૮૦૦ |
| ધાણા | ૧૦૦૦-૧૨૦૦ |
| મરચાં | ૪૦૦-૫૦૦ |
| લીબુ | ૪૦૦-૫૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૩૦૦ |
| આદુ | ૬૦૦-૭૦૦ |
| રીંગણ | ૩૦૦-૪૦૦ |
| ટામેટા | ૭૦૦-૭૪૦ |
| ભીંડા | ૭૦૦-૮૦૦ |
| કોબી | ૪૦૦-૪૪૦ |
| વટાણા | ૫૦૦-૬૦૦ |
| ટીંડસા | ૫૦૦-૬૦૦ |
| ગવાર | ૮૦૦-૯૦૦ |
| બાદશાહ બટાકા | ૧૪૦-૨૦૦ |
| સાંગા બટાકા | ૧૨૦- ૧૪૦ |
| ચોળી | ૬૦૦-૭૦૦ |
| તુરીયા | ૩૦૦-૬૦૦ |
| તુવેર | ૯૦૦-૧૦૦૫ |

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................

માતા : ......................જ.તા. ................ઉ.વ.

પરિચય: ......................................................

સરનામુ : ....................................................

મોકલનારની સહી : ..........................................

## કંઈક નરમ ગરમ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

આજકાલ દેશના કહેવાતા બુધ્ધિજીવીઓને બાદ કરતાં મોટા ભાગનાને પાડોશી પ્રત્યે બરાબરનો રોષ છે. એક જમાનામાં ગાંધી બાપુએ કંઈક લોચો મારતા પાડોશી પાકિસ્તાનને કરોડો રૂપિયાની ખેરાત આપવાની વાત કરેલી પણ આજના સંજોગો જોતાં પાકિસ્તાને ગંધ મારતો ગુલાબી રંગનો ગાભો પણ ન અપાય. એ લાયક નથી.. ગાભા લેવામાંય લાયકાત..

એમ તો મુલાયમસિંહને પણ પાકિસ્તાનને નાણાં રૂપી કરોડોની ખેરાત.. આપવાનો ઉમળકો થઈ આવ્યો હતો પણ એ વખતે શિવસેનાના આગેવાનો એ ખખડાવી નાખતા મુલાયમસિંહનો મુદો હવાઈ ગયો હતો. દાન કરવું હોય તો ઘરના પૈસાનું, ખુદના બેલેન્સમાંથી કરવું જોઈએ. એ વાત ઘણાની માફક કદાચ મુલાયમસિંહ નહીં જાણતા હોય.. ખેર.. વાલાની વાતમાં મુલાયમસિંહજી કયાંથી આવ્યા ? કારણ કે એ ઉત્તરપ્રદેશના છે અને દેશમાં વાલાઓનું ચલણ વધ્યું છે. અજમેરવાલા, આલોટવાલા, દિલ્હી વાલા, બરોડાવાલા અને..અને.. કાંઈ વળી કઢીવાલા..

અમિતાભ બચ્ચનનો એક જમાનામાં વિખ્યાત ડાયલોગ ચગ્યો હતો. રિશ્તે મેં તો હમ તુમ્હારે..લગતે હૈ.. નામ હૈ હમારા.. એના ઉપરથી ઘણાએ બનાવી કાઢયું હતું. રિશ્તે મેં તો હમ તુમ્હારે મામા લગતે હૈ હમારા નામ હૈ કાશીરામ..

એક દિવસ શ્રીમતીએ કહ્યું વહેલા આવજો.. મસાલા લેવા જવાનું છે.. મસાલાનગર થોડું ચાલવાનું છે.. મેં સાંભળ્યું.. બોસ પાસે રજા માટે ગયો તો સાહેબે મારૂં નામ જ રજાવાલા પાડી દીધું.. બીજા રજા લઈને વહેલા જાય તો કંઈ નહીં.. પણ મારૂં નામ રજાવાલા પડી ગયું છે.. આખો સ્ટાફ મને રજાવાલાના નામે બોલાવે છે.. ઓળખે છે...

ખેર...મસાલા લેવા ગયા.. તો વાહ શું કોમ્બીનેશન હતું.. પહેલા નમકવાલા.. બીજો હલદીવાલા.. ત્રીજો મીરચીવાલા.. ચોથો ધનીયાવાલા... પાંચમો જીરાવાલા.. છઠ્ઠો હીંગવાલા.. મારાથી સાચે જ વાહ વાહ થઈ ગઈ.. પણ એક સુચન જરૂરથી કર્યું કે આખરમાં થેલીવાલા જોઈએ...મસાલા લઈને પછી ભરવાના શેમાં... ? આખરમાં થેલીવાલા તો જોઈએ જ.. એટલે જ કદાચ આ વાલાઓનું કોમ્બીનેશન બંધાતું હતું.. અરે એમ તો જુવો.. પહેલાં ગ્લાસવાલા.. બાટલીવાલા.. દારૂવાલા.. પીવાવાલા અને આખરમાં પુલીસવાલા.. વગર કામ કેવી રીતે ચાલે...? આવી રીતે વાલાઓનો એક વટ છે..

તમે પણ લેઉઆ પટેલ, કડવા પટેલ કે મીઠા પટેલને બદલે કંઈક બીજું વિચારો..

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**

**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## અજબગજબની દુનિયા

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

તેમણે ચોરસના બદલે ગોળાકાર ટીકીટો છાપવા માંડી. ત્યારબાદ નવી ટીકીટોનો આકાર ત્રિકોણ જેવો બનાવ્યો. એક વખત તો ભુતાને કાગળના બદલે રેશમના કાપડ પર ટિકિટો છાપી. જાણે હજી કાંઈ બાકી રહેતું હોય તેમ થ્રીડી ટીકીટો પણ બહાર પાડી.

દર વખતે એક નવો જ કીમીયો લડાવવાનો, જેથી ટીકીટ સંગ્રહના શોખીનો તેમના સ્ટેમ્પ કલેકશનમાં ભુતાનની પોસ્ટલ સ્ટેમ્પનો ઉમેરો કર્યા વગર રહી શકે નહીં. ૧૯૭૦ ની શરૂઆતમાં ભુતાને ટિકિટ જગતમાં તરખાટ મચાવી દીધો. દુનિયામાં પહેલી જ વખત તેણે સુગંધી ટપાલ ટિકિટ પ્રકાશીત કરી. જેમાં ગુલાબજળની ખુશ્બુ આવતી હતી. થોડા સમય પછી ભુતાને ટપાલ ટિકિટ બનાવવાને માટે સ્ટીલના બારીક પતરાનો પણ પ્રયોગ કર્યો અને ત્યાર પછી પ્લાસ્ટીકની ટીકિટો બહાર પાડી. આ બંને પ્રકારની ટિકિટ પર રંગબેરંગી પેઈન્ટીંગ કરેલું હતું એટલે ટિકીટ સંગ્રાહકો તેને સ્ટીકરની જેમ સાચવી રાખતા હતા.

છેવટે ભુતાને એક આશ્ચર્યજનક પ્રયોગ કર્યો. પોસ્ટની ટીકિટ બહાર પાડવાને માટે ભુતાને ગ્રામોફોન રેકોર્ડના આકારની પોસ્ટ ટિકીટ બહાર પાડી. શરૂઆતમાં એક ટિકીટ પર પોતાના રાષ્ટ્રગીતનું ધ્વનિમુદ્રણ કર્યુ. આ ટિકિટ હતી પુંઠાની, છતાંય રેકોર્ડની જેમ વાગતી હતી. આ પ્રકારની જ બીજી ટિકિટ થોડા મહિના પછી બહાર પાડી. ભુતાનની ટિકિટો અંગે જાણવાલાયક એક આશ્ચર્યજનક વાત એ છે કે એની ઘણી ખરી ટિકીટોને પરબીડીયા પર ચોંટાડવામાં આવતી જ નહોતી. લોકો માત્ર તેનો સંગ્રહ જ કરતા હતા. ટિકિટો વપરાય નહીં અને લોકો સંગ્રહ કરે તે માટે ભુતાન ઘણી જ ઓછી ટિકિટો બહાર પાડતી હતી. આ ટિકિટોનું છાપકામ પણ ભુતાનમાં થતું નથી પણ જાપાનમાં થાય છે. આજ દિન સુધી ભુતાને ૧૨૦ જેટલી અવનવી અને અનોખી ટિકીટો બહાર પાડી છે. એટલું જ નહીં ભુતાન દેશે ટિકિટો માટેનું એક સંગ્રહાલય પણ બનાવડાવ્યું છે. **કમલેશ કંસારા**

## દ્રષ્ટીકોણ..

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

પ્રતિબંધ લગાવવામાં આવે છે અરજીમાં આરોપ મુકાયો છે કે ગુનાહીત પ્રવૃત્તિઓ માટે સરકારી કર્મચારી અને ન્યાયાધીશને સસ્પેન્ડ કરી દેવાય છે પરંતુ રાજકીય નેતાઓને કાયદા દ્વારા માફી મળી જાય છે આ કેવું કહેવાય ?

ચૂંટણીપંચ રાજકારણમાં ઘણી બધી સાફસફાઈ ઈચ્છે છે પરંતુ દોષિત ઠરેલા નેતાઓની ચૂંટણી લડવા પર આજીવન પ્રતિબંધ મુકવાની તરફેણ કરતું નથી. વળી ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં રજુ કરેલા સોગંદનામામાં એવું જણાવ્યું હતું કે, સાંસદો અને ધારાસભ્યોના કેસોની સુનાવણી એક વર્ષમાં પુરી કરવા અને દોષિત નેતઓની રાજકીય કારકિર્દી પર આજીવન પ્રતિબંધ લાદવાની માંગણી કરી શકે નહીં કેન્દ્ર સરકાર દોષિત નેતાઓ પર આજીવન પ્રતિબંધ મુકવાની તરફેણમાં નથી. આ પણ એક ખરેખર આશ્ચર્યજનક બાબત કહી શકાય.

બિહાર જેવા રાજયમાં ૭૦ ટકા રાજકીય નેતાઓ દોષિત છે હત્યા તેમજ દુષ્કર્મના બનાવોમાં સંડોવાયેલા છે. છતાં આજ દિન સુધી તેમની વિરૂદ્ધમાં કેસોનો અંત લાવવામાં આવ્યો નથી.

સમયની સાથે સાથે અદાલતોમાં જે તે કેસોનો ભરાવો થયો છે તેની સરકારે સમીક્ષા કરવી જોઈએ. અને તેની સુનાવણી ઝડપથી કરવામાં આવે તેવી સ્વચ્છ નીતિ સરકારે અપનાવવી જોઈએ.હાલમાં કુલ ૧૫૮૧ સાંસદ અને ધારાસભ્યો સાથે ક્રીમીનલ કેસ ચાલી રહ્યા છે. તેનો અંત લાવવો મુશ્કીલ છે. બિહાર, ઉત્તરપ્રદેશ, હિમાચલ પ્રદેશ તેમજ કર્ણાટક વિગેરે રાજયોમાં પાંચ પાંચ વર્ષથી ક્રીમીનલ કેસોની ફાઈલો ધુળ ખાય છે. આ બાબતે સરકારે હસ્તક્ષેપ કરી તે ધુળ ખાતી ફાઈલોનો નિકાલ લાવવો જોઈએ.કાનુની કાર્યવાહીમાં અટવાયેલા અસંખ્ય ગરીબ અને સામાન્ય કક્ષાના પરિવારોની સ્થિતિ ગંભીર બનતી જાય છે. કોઈ પરિવારનો એકનો એક પુત્ર જેલમાં સબડી રહેલ છે પરંતુ તેના ક્રીમીનલ કેસનો ચુકાદો કયારે આવશે તે કંઈ નક્કી નથી. જોકે કેટલાક ક્રીમીનલ કેસોમાં બિહારની ચાર જેટલી મહિલા પણ છે. આમાં એક મહિલા પર શારીરિક શોષણ કરનાર એક અધિકારીને મહિલાએ છરીના ઘા મારી પતાવી નાખતાં તેને જેલ થઈ છે. બાકી જે કેસોની ફરીયાદ થઈ નહીં હોય તેવા અનેક કેસો આજે અદ્ધરતાલ બની રહ્યા છે.



વારાહી, સાંતલપુર તાલુકાના વારાહી ગામની શ્રી.એસ.ડી. આચાર્ય પ્રાથમિક શાળા વારાહીમાં વિધાથીઓને સવારે કસરતો કરાવામા આવી જેમા શિયાળાની ઠંડીને અનૂકુળ કસરતો યોગ કરાવામાં આવયા ધીરૂભાઇ દેસાઇ પટેલ મુકેશભાઇ (સ્પોટ્ર્સ ટ્રેનર) તથા S.P.C સી.પી.ઓ પ્રજાપતિ રાજેશકુમાર તથા શાળાના પ્રમુખશ્રી ફરસુભાઇ ગોકલાણી શાળાના આચાર્ય પનાલાલ પંચાલ હાજર રહયા હતા

## લણવા બસ સ્ટેશન વિસ્તારમાં દબાણ દુર કરવા ગ્રામજનોની માગ

લણવા

લણવાબસ મથક વિસ્તારથી લણવા અને સેલાવી ગામમાં પ્રવેશતા શાકભાજીની લારીઓ ખાનગી વાહનો સહિત ખડકલો થઇ જતા હાઇવે થી મણુંદ તરફ જવા માટે વાહન ચાલકો અને આમ જનતા માટે વિકટ સમસ્યા ઉદ્દભવી છે. આવા બિન અધિકૃત દબાણોના ખડકલાથી તરફથી આવતા જતા વાહનો ઘણી વાર અકસ્માતનો ભોગ બની શકે તેવી જાગૃત નાગરિકોએ ભીતી વ્યકત કરી હતી.ગ્રામજનોએ ગ્રામ પંચાયતને રજૂઆત કરી અને પંચાયતે ચાણસ્મા પોલીસને રજૂઆત કરવામાં આવી છે તેમ જણાવ્યું હતુ. પરંતુ કોઇ કાર્યવાહી થઇ નથી તેવું એમ.એસ.પટેલ, અમરતભાઇ દેસાઇ, જિતેન્દ્રભાઇ પટેલે જણાવ્યુ હતું.

## સાબરકાંઠામાં સાત ઉમેદવારી પત્રો ભરાયા

હિંમતનગર

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત બીજા તબક્કાના ઉમેદવારી પત્ર ભરવાની તારીખ ૨૭ નવે.-૨૦૧૭ નિયત કરાઇ છે જેમાં જિલ્લામાં આજે પાંચમાં દિવસે હિંમતનગર વિધાનસભામાં પાંચ અને ખેડબ્રહ્મામાં ૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધવી હતી.. આમ જિલ્લામાં પાંચમાં દિવસે કુલ ૭ ઉમેદવારી પત્ર નોંધાયા છે. જયારે તા.૨૪ નવેમ્બર-૨૦૧૭ને શુક્રવાર રોજ સાબરકાંઠા જિલ્લારની ચાર વિધાનસભા મતવિભાગમાં ૪૨ ફોર્મનું વિતરણ થયું હતું જેમાં હિંમતનગરમાં ૧૮, ઇડરમાં ૧૮, ખેડબ્રહ્મામાં બે અને પ્રાંતિજમાં ૪ ફોર્મનું વિતરણ થયું ઉલ્લેખનીય છેકે જિલ્લમાં ચાર દિવસ દરમિયાન કુલ કુલ ૧૭૩ ફોર્મનું વિતરણ થયુ હોવાનું એક અખબારી યાદીમાં જણાવાયું છે. ૨૭-હિંમતનગર પારૂલબેન કાન્તિભાઇ મકવાણા અપક્ષ ૨૪/૧૧/૨૦૧૭૪, મુસ્તાકભાઇ જમાલભાઇ સંઘાણી અપક્ષ ૨૪/૧૧/૨૦૧૭ જયદીપસિંહ રજુજી પરમાર લોક ગઠબંધન પાર્ટી ૨૪/૧૧/૨૦૧૭ પરષોત્તમદાસ દલપતભાઇ પરમાર ભારતનો સામ્યવાદી પક્ષ (માર્કસવાદી) ૨૪/૧૧/૨૦૧૭ દીલીપસિંહ ચકુસિંહ પરમાર અપક્ષ ૨૪/૧૧/૨૦૧૭, ૨૯-ખેડબ્રહમા (અ.જ.જા.) નિનામા ભીમજીભાઇ નરવાજી અપક્ષ ૨૪/૧૧/૨૦૧૭ બોડાત ઈન્દુબેન ચંદુલાલ અપક્ષ ૨૪/૧૧/૨૦૧૭

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ડીસા** | ઘઉં | ૩૨૦-૩૪૯ |
| એરંડા | ૮૫૫-૮૬૫ | બાજરી | ૨૨૫-૨૮૦ |
| રાયડો | ૬૮૦-૬૯૬ | ંબંટી | ૩૦૫-૩૨૩ |
| મગફળી | ૭૦૦-૮૫૧ | કપાસ | ૮૯૧-૯૪૦ |
| બાજરી | ૨૫૦-૨૯૨ | મગ | ૪૫૧-૭૧૧ |
| અડદ | ૬૫૦-૭૯૮ | જુવાર | ૬૧૦-૬૮૦ |
| ઘઉં | ૩૦૦-૩૭૧ | અડદ | ૭૧૧-૮૮૪ |
| ગવાર | ૬૭૫-૭૧૫ | ગવાર | ૬૫૦-૭૩૦ |
| કપાસ | ૮૭૬-૮૯૧ | મગફળી | ૬૭૦-૭૨૫ |
| રાજગરો | ૭૮૪-૭૯૦ | અજમો | ૫૧૧-૮૧૬ |
| તલ | ૧૭૩૧-૧૮૪૧ | રાયડો | ૬૬૦-૭૧૨ |
| | **ભીલડી** | એરંડા | ૮૪૯-૮૮૨ |
| એરંડા | ૮૪૭-૮૭૦ | તલ | ૧૪૦૦-૧૯૨૬ |
| રાયડો | ૬૮૦-૭૦૦ | | **ધાનેરા** |
| રાજગરો | ૭૨૬-૭૪૧ | જીરૂ | ૩૭૯૧-૩૮૮૧ |
| બાજરી | ૨૫૦-૨૬૨ | વરી. | ૧૦૪૧ |
| ગવાર | ૭૦૦-૭૨૪ | ઈસ. | ૧૮૦૧ |
| તલ | ૧૮૨૨-૧૯૩૧ | એરંડા | ૮૫૧-૮૬૩ |
| ૨.બાજરી | ૩૯૦-૪૦૦ | મેથી | ૪૮૦ |
| અડદ | ૬૫૦-૮૦૦ | સુવા | ૮૧૭-૯૪૦ |
| ચોળી | ૫૬૮ | રાયડો | ૬૬૦-૭૦૮ |
| મગફળી | ૬૬૦-૮૦૧ | ગવાર | ૬૬૧-૭૨૬ |
| કપાસ | ૮૬૫-૮૭૧ | બીજડા | ૯૮૦-૧૩૨૦ |
| | **થરાદ** | ઘઉં | ૩૫૦-૪૨૬ |
| રાયડો | ૬૯૫-૭૨૧ | મગ | ૮૧૦-૮૩૬ |
| એરંડા | ૮૬૫-૮૭૫ | બાજરી | ૨૪૧-૩૦૦ |
| મગફળી | ૬૫૦-૭૯૯ | મઠ | ૬૪૧-૬૭૦ |
| મગ | ૭૩૫-૯૧૦ | ચોળા | ૬૪૬-૭૪૦ |
| ગવાર | ૭૦૫-૭૩૪ | રાજગરો | ૬૫૦-૭૮૬ |
| તલ | ૧૫૩૧-૧૯૦૦ | રજકો | ૧૬૦૧ |
| જીરુ | ૩૦૦૦-૩૯૦૦ | તલ | ૧૩૦૦-૧૮૧૧ |
| મઠ | ૫૬૫-૬૦૨ | અડદ | ૬૫૦-૮૮૪ |
| રજકાબાજરી | ૩૫૧-૪૧૧ | મગફળી | ૫૫૦-૮૫૦ |
| મેથી | ૫૮૦-૬૦૦ | અન્ય | ૬૦૦-૯૦૦ |
| ઈસબગુલ | ૧૯૫૯-૨૧૧૧ | | **થરા** |
| | **રાહ** | જીરૂ | ૩૪૫૦-૩૭૯૧ |
| રાયડો | ૬૯૦-૭૧૦ | એરંડા | ૮૬૧-૮૭૧ |
| એરંડા | ૮૪૫-૮૫૫ | રાયડો | ૬૭૫-૬૯૫ |
| રજકાબાજરી | ૩૭૦-૩૯૫ | વરી. | ૯૫૦-૧૩૦૦ |
| ચિકુડી | ૮૫૦-૯૩૦ | ગવાર | ૬૯૫-૭૩૦ |
| | **પાટણ** | ઘઉં | ૩૧૫-૩૪૮ |
| જીરૂ | ૩૦૦૦-૩૬૯૧ | બાજરી | ૨૨૦-૨૬૮ |
| વરી. | ૯૫૦-૧૪૦૬ | અડદ | ૭૦૦-૭૭૫ |
| મેથી | ૪૦૦-૫૪૬ | તલ | ૧૨૦૦-૧૭૪૬ |
| સુવા | ૮૫૦-૯૪૧ | મગફળી | ૯૦૦ |

## પાટણમાં પત્નીના ચારિત્ર્યની શંકા રાખી પિતાએ ધો.પમાં ભણતી દિકરીની હત્યા કરી

પાટણ

પાટણ તાલુકાના બાલીસણા ગામે રહેતા રમેશજી ઠાકોર ગામના જ ખેતરોમાં છુટક ખેત મજૂરી કરી પોતાનું તેમજ પોતાના પરિવારનું પેટીયું રળે છે. છેલ્લા ઘણા સમયથી તેની પત્નીના ચારિત્ર્ય ઉપર શંકા જતા રમેશજી ધુંઆ પુંઆ કરી રહ્યો હતો ત્યારે નિત્યક્રમ મુજબ તેની દિકરી અંજીબેન બાલીસણા પ્રાથમિક શાળામાં ધો.૫ માં ભણતી હોઈ સ્કૂલે જવાની તૈયારી કરી રહી હતી તે સમયે સાયકલ લઈને આવેલા તેના પિતાએ તેને સ્કૂલમાં લઈ જવાનું કહી તેને સાયકલ ઉપર બેસાડી ગામ નજીક આવેલ ટીડેશ્વર મહાદેવ તરફના નેળીયામાં આવેલ હનુમાનજીના મંદિર નજીક સાયકલ મુકી તેની દિકરીને ઉતારી તેની સાથેના ધારીયા વડે ઘા મારતા તેની દિકરીએ ચીસા ચીસ કરી મુકી હતી. જેને પગલે આજુબાજુના ખેતરમાં કામ કરતા ખેત મજુરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

પરંતુ તે આવે તે પહેલા રમેશજી તેની દિકરી અંજીબેનને ગળાના ભાગે ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી ધારીયું ઘટના સ્થળે મુકી ફરાર થઈ ગયો હતો. જેને પગલે હેબતાઈ ગયેલા ખેત મજુરો દ્વારા આ બાબતની જાણ બાલીસણા ગામના રહીશોને કરતા તેઓએ આ અંગેની જાણ તાત્કાલીક પોલીસને કરતા પોલીસે ઘટના સ્થળે જઈ બાળકીની લાશનો કબ્જો લઈ પી.એમ. અર્થે મોકલી આપી હતી. તેમજ બાળકીના પિતા રમેશજીને પકડી પાડવા તજવીજ હાથ ધરતા તે પકડાઈ જવા પામ્યો હતો.

દિકરીના ગળા ઉપર ધારીયાના ઘા ઝીંકી મોત નિપજાવી ખેત મજુરો આવી જતા તેને મુકીને ભાગી ગયા બાદ એકાએક પોલીસ તેને પકડી લેશે ની દહેશત સતાવતા પોતે પોલીસ સ્ટેશને હાજર થઈ અને મારી દિકરીને કોઈએ નિર્દયતા પૂર્વક મારી નાંખી હોવાની કેફીયત પોલીસ સમક્ષ જણાવતા પોલીસે તેની કડક પૂછપરછ કરતા છેવટે પ્રશ્નોથી ગુંચવાયેલા રમેશજીએ પોતે જ પોતાની દિકરીને મારી નાંખી હોવાનું કબુલી લેતા છેવટે પોલીસે તેની અટક કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

બાલીસણા પી.એસ.આઈ. ને બાળકીની હત્યા મામલે પૂછતા તેઓએ જણાવ્યું હતુ કે બાળકીની માતા ભગવતીબેન રમેશજી ઠાકોરે બાલીસણા પોલીસ મથકે પોતાની દિકરીની કોઈ નિર્દયી ઈસમે કરપીણ હત્યા કરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી અલગ અલગ ટીમો બનાવી હત્યારાને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે. પોલીસે ઘટના સ્થળની મુલાકાત લઈ ઝીણવટ પૂર્વક તપાસ કરી મૃતકની લાશનું પંચનામું કરી હત્યારાને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

## રાધનપુરમાં રોટરી ક્લબ દ્વારા બાળાઓને આરોગ્ય અંગે માર્ગદર્શન અપાયું

રાધનપુર

રાધનપુરમાં રોટરી ક્લબ દ્વારા શ્રી અમરજયોત એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી કન્યા વિદ્યાલયમાં હેલ્થ અવર્નેસ પ્રોગ્રામ અંતર્ગત ૩૦૦થી વધુ બાળાઓને આરોગ્ય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું,રોટરી ક્લબના પ્રમુખ ડો.પ્રવીણ ઓઝા અને ડો.દિનેશભાઇ ઠક્કર દ્વારા તંદુરસ્તી માટે કસરત, ડાયેટ અને સ્વચ્છતા અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર તેમજ શાળાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

કમલ ચક્રવર્તી



## ચાંદણકી ગામે કેનાલમાં ડુબેલા યુવાનની લાશ બીજા દિવસે કાપરોલથી મળી

ચાણસ્મા

બહુચરાજી તાલુકાના ચાંદણકી ગામની કેનાલમાં પાણી ભરવા માટે ઉતરેલા યુવાનનો પગ લપસતા તે કેનાલના પાણીમાં ડુબવા લાગ્યો હતો. આ જોઈ તેના મિત્રએ પાણીમાં પડતુ મુકીને તેનો જીવ બચાવ્યો હતો. જો કે પોતે પાણીમાં તણાઈ જતાં મોતને ભેટ્યો હતો, તેની લાશ ૧૮ કલાક બાદ કાપરોલ ગામેથી મળી આવી હતી. બીજી બાજુ યુવાન ડુબ્યો હોવાની જાણ બહુચરાજી મામલતદાર અને પોલીસને કરાઈ હોવા છતાં તંત્ર તરફથી કોઈ મદદ નહિં મળતા લોકોમાં તંત્ર સામે ફિટકારની લાગણી પ્રસરી હતી.

જાણવા મુજબ અમદાવાદ જિલ્લાના જાલિસણા ગામના વતની અને અમદાવાદમાં રહેતો ભરવાડ પરિવાર ગત મંગળવારે ધાર્મિક કામ અર્થે વતનમાં આવેલ. આ સમયે તેમના પરિવારનો મહેશ વસ્તાભાઈ ભરવાડ નામનો ૧૭ વર્ષનો છોકરો તેના મિત્ર સાથે બાઈક ઉપર નિકળેલ. તેઓ રાત્રે ૭-૩૦ વાગે ચાંદણકી અને ઝાંઝરવા ગામ વચ્ચેથી પસાર થતી નર્મદા કેનાલ પર ગયા હતા અને એક યુવાન પાણી લેવા કેનાલમાં ઉતરતાં તેનો પગ લપસી પડતાં તે અંદર પડી ગયો હતો. આથી તેને બચાવવા મહેશ ભરવાડે કોઈ વિલંબ કર્યા વિના પાણીમાં કુદીને તેના મિત્રને બચાવી લીધો હતો. પરંતુ કમનસીબે તે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. આ ઘટનાની જાણ ગામ લોકોને થતાં સ્થાનિક તરવૈયાઓ દ્વારા શોધ ચલાવાઈ હતી.બીજી બાજુ બહુચરાજી મામલતદાર અને પોલીસને જણાવી મદદ માંગવામાં આવી હતી પરંતુ તંત્ર ખાલી ઘટના સ્થળે આવી આંટો મારી જતું રહ્યું હતું. જયારે તરવૈયાઓએ કડકડતી ઠંડીમાં આખી રાત શોધખોળ કર્યા બાદ બીજા દિવસે બુધવારે કાપરોલ પાસેથી બપોરે લાશ મળી આવી હતી.

## સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજાયો

રાધનપુર

રાધનપુરમાં હિંમત વિદ્યાનગર સ્થિત આર્ટસ & કોમર્સ કોલેજ અને રોટરી ક્લબ દ્વારા સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો,જેમાં રોટરી ક્લબના પ્રમુખ ડો.પ્રવીણ ઓઝાના અધ્યક્ષ સ્થાને બાદરગંજ અને જૂનારામપુરા પ્રાથમિક શાળાના ભુલકાઓને સ્વેટર વિતરણ કરવામાં આવ્યા હતા,કોલેજના પ્રિન્સિપાલ ડો.સી.એમ.ઠક્કરે આ પ્રસંગે જણાવ્યું હતું કે દાતાઓના સહયોગથી જ આ કામ શક્ય બને છે, દાતા શ્રેષ્ઠીઓને તેમણે બિરદાવ્યા હતા, દર વર્ષે દાતાઓના સહયોગથી ૭૦૦થી વધુ એસ.સી., એસ.ટી, ઓ.બી. સી. અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કરવામાં આવે છે, ટ્રસ્ટના પ્રમુખ મહેશભાઈ મુલાણી, મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, ધીરુભાઈ ઠક્કર, ડો.નવીનભાઈ ઠક્કર સહિતે આ કામગીરીને બિરદાવી હતી.

કમલ ચક્રવર્તી



## મહેસાણા: પત્ની સંતાનો લઈને પિયર જતી રહી, યુવાન કેરોસીન છાંટી સળગ્યો

મહેસાણા

મહેસાણાના કસ્બામાં રહેતા યુવાનની પત્ની સંતાનો સાથે પિયર ચાલી જતાં યુવાને ગુરૂવારે શરીર પર કેરોસીન છાંટી આગ ચાંપી સળગી ઊઠ્યો હતો. ગંભીર હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો જયાં તેનું સારવાર દરમિયાન તેનું મોત નીપજયું હતું. શહેર એ ડિવિજન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શહેરના કસ્બા વિસ્તારમાં આવેલા નવા વણકરવાસમાં રહેતા સંજયભાઈ ઉર્ફે શંભુભાઈ ધનજીભાઈ સેનમાને લગ્નજીવન દરમિયાન ઉભા થયેલા મતભેદોને કારણે પત્ની સાથે ક્યારેક ઝઘડા થતા હતા. ૩ દિવસ પૂર્વે દંપતી વચ્ચે ઝઘડો થતા મહિલા સંતાનો સાથે પિયર રહેવા ચાલી ગઇ હતી.અનેક પ્રયાસો છતા પત્ની પરત ન આવતા સંજય ગુમસૂમ રહેતાં હતો.ગુરૂવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે ઘરમાં પડેલો કેરોસીનને કેરબો શરીર પર રેડીને દિવાસળી ચાંપતા જ ભડભડ સળગી ઉઠ્યો હતો.

## રાધનપુર તાલુકાના નવી ધરવડી ગામે મતદાર જાગૃતિ રેલી યોજાઈ



કમલ ચક્રવર્તી

રાધનપુર તાલુકાના નવી ધરવડી ગામે પ્રથિક શાળાના ભૂલકાઓ દ્વારા મતદારોમાં જાગૃતિ ફેલાય તે માટે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં શાળાના ભૂલકાઓ ઉત્સાહભેર જોડાયા હતા,અને આપણો મત આપણો અવાજ,તમારું મતદાન લોકતંત્રનો પ્રાણ,મતદાન એ લોકશાહીની નિશાની જેવા બેનરો સાથે ભુલકાંઓએ મતદારોને જાગૃત કર્યા હતા.

## ભાન્ડુ હાઈવે પર રોડ ક્રોસ કરી રહેલી મહિલાનું STની ટક્કરે મોત

વિસનગર

વિસનગર તાલુકાના જેતલવાસણા-ભાન્ડુપુરા હાઇવે ઉપર પુરઝડપે જઇ રહેલ એસ.ટી.ના ચાલકે રોડ ક્રોસ કરી રહેલ અજાણી મહિલાને ટક્કર મારતાં મહિલાનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજયુ હતુ. આ બનાવમાં એસ.ટી. ડ્રાઇવર પોલીસ મથકે હાજર થઇ ફરિયાદ આપતાં પોલીસે તેની સામે ગુનો દાખલ કરી મૃતક મહિલાની ઓળખ માટે પ્રયાસ હાથ ધર્યા છે.

વિસનગર તાલુકાના ભાન્ડુપુરા-જેતલવાસણા હાઇવે ઉપર શુક્રવારના રોજ સવારે એક ૪૫ વર્ષીય મહિલા રોડ ક્રોસ કરી રહી હતી. તે દરમિયાન રાજપીપળા - ભાખરી એસ.ટી. બસ નં. જી.જે.૧૮.વાય. ૯૭૪૯ લઇને પુરઝડપે આવી રહેલ ચાલકે મહિલાને ટક્કર મારતાં મહિલા રોડ ઉપર ફેંકાઇ ગઇ હતી જેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજયું હતું.

આ બનાવ અંગે એસ.ટી. ડ્રાઇવર અને વાવ તાલુકાના કુંડારીયા ગામના ભરતભાઇ ભુરાભાઇ રાણુંવા તાલુકા પોલીસ મથકે હાજર થઇ ફરિયાદ આપતાં પોલીસે મૃતક મહિલાનું પોસ્ટમોર્ટમ કરાવી આ અંગે ડ્રાઇવર ભરતભાઇ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. જયાં મરણ જનાર મહિલાની હજુ સુધી ઓળખ થઇ શકી નથી જેથી પોસ્ટમોર્ટમ બાદ મહિલાના મૃતદેહને મહેસાણા કોલ્ડરૂમમાં રાખવામાં આવ્યો છે અને પોલીસ દ્વારા તેની ઓળખ માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

## મહેસાણાઃ પતિને છોડી યુવતીએ પ્રેમી સાથે લગ્ન કર્યા, પ્રેમીએ ઝેર આપ્યું

મહેસાણા

મહેસાણા તાલુકાના રામપુરાની મહિલાને તુ મને ગમતી નથી.તને હવે રાખવી નથી તેમ કહીને પતિ અને સાસરીયાઓએ ઝેરી દવા પીવડાવી મારી નાખવાની કોશિષ કરતાં ચકચાર મચી ગઈ છે. ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડાયેલી મહિલાએ મામલતદારને નિવેદન આપતાં બી ડિવિજન પોલીસે ગુનો નોંધાવા તજવીજ હાથ ધરી છે.

રામનગરના જયોત્સના બેનના લગ્ન અગાઉ લાડોલ ગામના યુવાન સાથે થયા હતા. લગ્નજીવનમાં ઉભા થયેલા ખટરાગ વચ્ચે તેણી સંતાનો સાથે પિયર મહેસાણામાં આવી હતી. અહી તેને પપ્પુ પટણી સાથે આંખ મળી જતા તેઓ વચ્ચે પ્રેમસંબધ બંધાયો હતો અને ૩ મહિના પૂર્વે તેઓ લગ્ન કરીને હૈદરાબાદ જતા રહ્યા હતા. જોકે, તાજેતરમાં મહેસાણા પરત ફરેલા યુવાને તુ મને ગમતી નથી અને હવે મારે તને રાખવી નથી તેમ કહી તેને તરછોડી ટીબીરોડ પર આવેલ રામનગરમા રહેતા પિતાની પાસે રહેવા ગયો હતો.

ગુરૂવારે જયોત્સનાબેન બપોરે આશરે ૧૧ વાગ્યે પતિને મળવા ગઇ હતી અને અહી તેઓ વચ્ચે થયેલી બોલાચાલી દરમિયાન પતિ અને સાસુ,સસરા તેને બળજબરી પૂર્વક દવા પીવડાવી ભાગી ગયા હતા. ગંભીર હાલતમાં રિક્ષામાં સિવિલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી. જયાં મહિલાએ પોલીસને આપેલા નિવેદનના આધારે શહેર બી ડિવિજન પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઉ.ગુ.યુનિવર્સિટી પાટણમાં સેનેટની ૪૦ બેઠકો માટે ૧૯ ડિસેમ્બરે મતદાન

પાટણ

હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી દ્વારા આગામી ૧૯ ડિસેમ્બરના રોજ સેનેટ સભ્યોની ૪૦ બેઠકો માટે ચૂંટણી યોજવા માટેની તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. અંદાજે ૩૫૦૦ જેટલા મતદારો નોંધાયા છે. તેઓ પોતાનો મતાધિકારનો ઉપયોગ કરશે. હેમ.ઉ.ગુ.યુનિ.ની કુલ ૯૧ સભ્યોની બેઠકો પૈકી જુદી જુદી વિદ્યાશાખાની કોલેજોના આચાર્યની ૧૪ બેઠકો, કોલેજ-શિક્ષિકોની ૧૯ બેઠકો, ગવર્નિંગ બોડીની ૨ બેઠકો, બિનશૈક્ષણિક કર્મચારીઓની ૧ બેઠક, ડોનરની-૨, હેડ માસ્તરની ૧ અને શિક્ષકની ૧ મળી કુલ ૪૦ સેનેટની બેઠકોની પાંચ વર્ષની સમયમર્યાદા પૂર્ણ થતાં આગામી ૧૯ ડિસેમ્બરે ચૂંટણી યોજાશે. જેમાં ડોનરની શિક્ષકની ૧, હેડ માસ્તરની ૧ મળી ૪ બેઠકોની ચૂંટણી પોસ્ટલ બેલેટથી યોજાશે અને ૩૬ બેઠકો માટે બેલેટ પેપરથી મતદાન થશે. કુલ ૯૧ સેનેટ બેઠકો પૈકી ૮ બેઠકો રાજયપાલ નોમીનેટ હોય છે, ૧ બેઠક પાલિકાના સદસ્યની પાંચ જિલ્લા પંચાયતમાંથી ૧ બેઠક મળી કુલ ૯૧ સેનેટ બેઠકો છે. યુનિ.ના કુલપતિ ડૉ.બી.એ. પ્રજાપતિ, રજીસ્ટ્રાર ડૉ.ડી. એમ.પટેલના માર્ગદર્શન નીચે ચૂંટણી સેલ તૈયાર કરવામાં આવ્યો છે.

સતીષ ભટ્ટ



મજબૂત લોકશાહિના નિર્માણ માટે મતદાન જરૂરી હોવાના સંદેશ સાથે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં મતદાર જાગૃતિ રેલી યોજાઇ હતી. જેમાં હિંમતનગર શહેરની હિંમત હાઇસ્કૂલ ખાતેથી બાઇક રેલીનું પ્રસ્થાન પ્રાતિ અધિકારી શ્રીમતી નિશા શર્માએ કર્યુ હતું. જે શહેરના ટાવર ચોકથી મહાવીરનગર, મોતીપુરા અને સિવિલ સર્કલ થઇ પરત હિંમતન હાઇસ્કૂલ પંહોચી હતી માં વધુમાં વધુ લોકો જોડાય તેવી જિલ્લા ચૂંટણી અધિકારી ધ્વારા અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત હિંમતનગર તાલુકાની પાણપુરની આદર્શ હાઇસકૂલ ખાતે ચિત્ર સ્પર્ધા, વકતાપુર હાઇસ્કૂલ ખાતે મતદાન જાગૃતિને લગતા ક્વીઝ સ્પર્ધા યોજવામાં આવી હતી. જયારે ઇડર,વડાલી અને પ્રાંતિજમાં પણ બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હોવાનું સ્વીપ નોડલ અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.